અંતિમ રાત્રિ
અને
બીજા અછાંદસ

(કાવ્યાસ્વાદ - કવિ યોગેશ જોશી)

– વિપુલ ઠાકર

અંતિમ રાત્રિ
અને
બીજા અછાંદસ

(યોગેશ જોશીના કાવ્યોનો આસ્વાદ)

ANTIMRATRI ANE BIJA ACHHANDAS
(YOGESH JOSHI NA KAVYO NO ASWAD)
by
VIPUL J. THAKER

Published by : -
Dr. Vipul J. Thaker
40, "MARUTI",
Shivshakti Society,
Hathsani Road,
SAVARKUNDLA - 364515
GUJARAT

ISBN : 978 - 81 - 920439 - 3 - 7

વર્ષ : ૨૦૧૦

પ્રત : ૧૦૦

કિંમત : રૂ.૧૨૦/–

મુદ્રક :
મધુરમ પ્રિન્ટર્સ
લાલ બંગલા,
જામનગર

પૂ. બા – પપ્પાને.....

અનુક્રમણિકા

— :અરૂઢ લયનું કાવ્ય રૂપ : —

મુક્ત પદ્ય (Freeverse) એવા નામથી પશ્ચિમમાં ઓળખાતું અછાંદસ કાવ્ય આધુનિક કવિસંવેદન ને પ્રગટ કરવામાટેનુ વિશેષ એવું વાહન છે. આધુનિકતા વાદની ભૂમિકામાં પરંપરાનો નિષેધ એ તેમનું પ્રમુખ લક્ષણ ગણાય છે આથી પરંપરાની અભિવ્યક્તિની રીતિઓનો પણ નિષેધ આમાં નિહિત છે. છાંદસ એકવિતાનુ પરંપરા પ્રાપ્ત વિશેષ રૂપ છે, છંદ એ સિદ્ધ થેયેલો જો લય છે તો એ સિદ્ધ લયને છોડવાનો અહીં સભાન પ્રયત્ન છે. એટલે અછાંદસમાં અરૂઢ એવા લયને અસિદ્ધ એવા લયને પ્રયોજવાનું પ્રયોજન એ સૌપ્રથમ લક્ષણ ગણાય છે. પરંપરાએ આપેલા છંદશાસ્ત્રનો ત્યાગ એ એકરીતે એ આખી વ્યવસ્થાનો ત્યાગ, માટે અહીં એક નવીજ વ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવાનો ઉદ્યમ છે. પદ્યરૂપોની વ્યવસ્થા સામેનો વિદ્રોહ એટલે નિયમિત પ્રાસ ની વ્યવસ્થા સામે વિદ્રોહ, નિયમિત શ્લોક કે ચરણ ની વ્યવસ્થા સામેનો વિદ્રોહ, સરખામાપની પંક્તિઓ સામેનો વિદ્રોહ. આમ છંદરૂપની સમગ્ર વ્યવસ્થા સામેનો આ વિદ્રોહ છે.

આ રીતે આગળથી ચાલી આવતી વ્યવસ્થાનો વિરોધ કરીને એને નકારીને નવા અસિદ્ધ લયમાં આખીવ્યવસ્થા ઉભી કરવાની સર્જક જવાબદારી કવિઓ સ્વિકારે છે, આ વ્યવસ્થા કે માળખું જાતેજ તૈયાર કરવાનું રહે પરિણામે સર્જકે – સર્જકે માળખું અંગત અને તેથી અસિદ્ધ જ હોય છે. આ કામ જે કવિની આ રૂપ પાસે જવાની અનિવાર્યતા હતી એમણે બજાવ્યું. 'છંદો' પોતાની અભિવ્યક્તિ માટે અપર્યાપ્ત છે, અથવાતો પોતાની અભિવ્યક્તિ એ છંદના ચોક્કસ માપે ગોઠવાઈ શક્તિ નથી, આથી અભિવ્યક્ત થવાની નવી જરૂરીયાત માંથી આ પ્રકારના કાવ્યનો જન્મ થયો એમ કહેવાય છે જોકે ચં. ટો. કહે છે એમ 'અછાંદસ સ્વછંદ રચના નથી, અલબત એમાં કવિનો સ્વ–છંદ જરૂર જોઈ શકાય છે.' વળી કાવ્ય

છંદથી ગમે તેટલું દૂર જાય પણ એમાં છંદ ક્યાંક ને ક્યાંક હંમેશા ડોકાય છે એ પણ નોંધવું જોઈએ.

અછાંદસ એ છાંદસનું વિરોધી છે એમ એના થયેલા વિકાસ પછી નહીં કહી શકાય કેમકે એમણે એક વ્યવસ્થાની અવેજીમાં બીજી નૂતન વ્યવસ્થા આપી છે. ટી. એસ. એલિયટ કહે છે કે પદ્ય મુક્તિ એ સ્વાતંત્ર્યનો યુદ્ધઘોષ છે, પણ કલામાં ક્યાંય સ્વાતંત્ર્ય નથી એટલે ઉપર કહ્યું એમ કવિજો એક વ્યવસ્થાને અવગણે તો એના બદલામાં બીજી વ્યવસ્થા એ ઉભી કરી શકતો હોવો જોઈએ, જો એ વ્યવસ્થા પણ કાવ્યની આંતરિક જરૂરિયાત માંથી આવી હશે તો એમના પરિણામો શ્રેષ્ઠ જ મળવાના ને એટલેજ પછી થી એ કવિને મુક્ત કરે છે ને વાચકને ચિંતિત કરી મૂકે છે. કેમકે ખરેખર અછાંદસ કેમ વાંચવું એ વિશે વાચક અનિર્ણિત અવસ્થામાં વાંચન કરે છે ! છતાં વાચક જો લયને પકડી શકે તો કામ ઘણુંજ આસાન થઈ જાય છે કેમકે કવિ છંદને છોડે છે પણ લયને ક્યારેય છોડતો નથી હા, લય આછાંદસની પંક્તિઓમાં હોય ત્યારે ક્યાંક એની માત્રામાં વધઘટ હોય, પણ હોય છે ખરો કેમકે કાવ્યનું નિયમન એ લયજ કરતો હોય છે.

ગુજરાતી કવિતા સાહિત્યના સંદર્ભે અછાંદસની વાત કરીએતો છંદ નો વિધિવત ત્યાગ કરનારા કવિ ન્હાનાલાલ છે, પણ એમનો એ ત્યાગ જેને આપણે Freeverse કહીએ છીએ એના અનુષંગે કે એસભાનતા સાથે નહોતો ને છંદનો ત્યાગ કરી એમણે અછાંદસ પણ નથી નિપજાવ્યું. પરંતુ રીતસર અછાંદસનો આરંભ આધુનિકતાવાદી વલણો પ્રગટાવનાર સુરેશજોશી દ્વારા થયો એ સમજ સાથે આરંભે છંદમાં કાવ્યો કરીને ધીમે ધીમે એમાંથી મુક્ત થઈને કવિ સુરેશજોશી અછાંદસને સિદ્ધ કરે છે. એનો નમુનો 'કવિનું વસિયતનામું' એ કાવ્ય છે. આ પછી રે–મઠ ના કવિઓ લા.ઠા. ચિનુ. સુભાષ શાહ, વગેરે ઉપરાંત સિતાંશુ, ગુલામમોહમ્મદ શેખ દ્વારા અછાંદસ આપણને મળે છે.

અંતે ટોપીવાળા સાહેબના વિધાનથી વાત સમેટીએ....‘ છાંદસખોરોનો તોટો નથી, તેમ અછાંદસ ખોરોનો પણ તોટો નથી. અસલવાત તો રચનામાં જીવ મૂકવાની છે’......

આમ અછાંદસ એ આધુનિક યુગ બોધ ને પોતાનામાં સમાવીને સર્જકની સ્વકિય રીતે પ્રગટતું અંગત લયનું – નવા અને અસિદ્ધ એવા લયનું કાવ્યરૂપ છે.

પ્રસ્તુત પુસ્તકમાં યોગેશજોશીની અછાંદસ રચનાઓને તપાસવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જેમાં મને ચ.ટો. એ કરાવેલ અન્ય કવિઓના આસ્વાદો ખપમાં લાગ્યા છે, એક સજ્જ ભાવક તરીકે ક્યાંક ચુકી જવાયું હશે, પણ કૃતિનેજ કેન્દ્રમાં રાખીને વાત કરી છે, અન્ય સંદર્ભોને પ્રવેશતા રોકી શક્યો છું કે કેમ એ વાચકજ કહી શકે.

વિપુલ ઠાકર

ભૂમિકા અને સર્જક વ્યક્તિત્વ – વાઙ્મય

શ્રી યોગેશ જોશી વ્યક્તિત્વ અને વાઙ્મય

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં ૨૦મી સદીનો છટ્ઠો – સાતમો દાયકો આધુનિક કાળ તરીકે ઓળખાયો છે. આ સમયગાળો આંદોલનના રૂપે આવ્યો છે. સુરેશ જોશીઆ કાળનું ચાલક બળ ગણાયા છે. સાહિત્યમાં નવી આબોહવા સર્જવાનું શ્રેય તેમને મળ્યું છે. ભાષા–સામગ્રી–અભિવ્યક્તિ બધામાં સર્જક પુરુષાર્થ ઉમેરવાની જિકર તેમણે કરી છે. પોતાની એ વિભાવના અનુરૂપ કેટલુંક નમૂનારૂપ સર્જન પણ તેમણે કર્યું પરંતુ એ વિભાવનાને સંપૂર્ણપણે ન સમજી શકનારા પાછળથી આવતા સાહિત્યકારો આવેશમય બની અનુકરણમાં સરી પડયાં, સ્વસ્થ પ્રયોગશીલતાનું સ્થાન પ્રયોગખોરી તેમજ દેખાદેખી એ લીધું. પરિણામે અનેક ભાષાકિય દૂષણો પ્રવેશ્યાં ભાષા સાથે વ્યભિચાર કરનારાઓની એક આખી ફૌજ તૈયાર થઈ – સાહિત્ય સાથેનો ભાવકનો સંબંધ અગાઉની તુલનાએ વધુ શિથિલ બન્યો આમ સુરેશ જોશીનો સાહિત્યિક પુરુષાર્થ વેડફાઈ ગયો. વળી આધુનિકતાની કેટલીક મર્યાદાઓ પણ ઘણાંને સમજાઈ સાહિત્ય દુર્બોધ બનીને સરેરાશ ભાવકથી છૂટવા માંડે ત્યારે એ સ્થિતિ સાહિત્ય કે પ્રજાના બન્નેના હિતમાં નથી અને આધુનિકતાનું એ આંદોલન આઠમાં દાયકાના અંત સુધીમાં તો સંકેલાઈ ગયું.

અનુઆધુનિક સમયગાળામાં આધુનિકતાનું સાતત્ય નહીંવત્ જોવા મળે છે. ફરી પરંપરા પ્રતિ દષ્ટિકોણ કેળવાય છે. ફરી પાછા સામાજિક–સાંસ્કૃતિક–ઐતિહાસિક સંદર્ભો ઉમેરાય છે. આધુનિકતાની સામે છેડેથી સર્જન આરંભાય છે. આ તબક્કામાં નવા સર્જકો પ્રવેશે છે અને સુ.જો. પ્રેરિત સાહિત્યની જે મર્યાદાઓ હતી એ ફરીવાર ન પ્રવેશે અનું ધ્યાન રાખીને– આવેશને સ્થાને સ્વસ્થ સંવેદનને, કપોળ–કલ્પિતને સ્થાને તળ સંવેદન વાસ્તવને, કોઈવાદ કે સંપ્રદાયના આભિનિવેશને સ્થાને માણસ–માનવ્ય ને કેન્દ્રમાં રાખીને આ સર્જકો સર્જનમાં પ્રવૃત્ત થાય છે. આમ પરંપરાગત પ્રાપ્ત સામાજિક સંવેદનો પુનઃ સાહિત્યમાં પ્રયોજવા લાગે છે. આ તબક્કાના કેટલાક પ્રમુખ સર્જકો–જેવા કે કુન્દનિકા

કાપડિયા, રઘુવીર ચૌધરી, જોસેફ મેકવાન, મોહન પરમાર, રજનીકુમાર પંડ્યા, વિનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા, ભગવતીકુમાર શર્મા, મણિલાલ હ. પટેલ, હિમાંશી શેલત અને શ્રી યોગેશ જોશી છે.

યોગેશ જોશી એના સાહિત્ય ગુણે–લક્ષણે અનુઆધુનિક કાળના સર્જકોમાં સ્થાન પામ્યા છે. યોગેશ જોશીનો જન્મ મહેસાણામાં તા. ૩–૭–૫૫ ના રોજ માતા અનિલાબહેન અને પિતા ભાનુપ્રસાદ જોશીને ત્યાં થયો. વતન વિસનગર, પ્રાથમિક શિક્ષણ ઉંજા અને વિસનગરમાં, માધ્યમિક અને સ્નાતક શિક્ષણ વિસનગરમાં તેમજ અનુસ્નાતક શિક્ષણ અમદાવાદમાં થયું. ૧૯૮૦ માં ગુજરાત યુનિવર્સિટીની એમ. એસસી. ની પદવી પ્રાપ્ત કરી એ પછીથી ભારત સંચાર નિગમ લિમિટેડમાં હાલ સબ ડિવિઝનલ ઍન્જિનિયર તરીકે સેવા બજાવે છે. ૧૯૮૧ માં લગ્ન થયું પત્નિ રશ્મિબહેન અને બે સંતાનોના પિતા યોગેશભાઈ સ્વભાવે મૃદુ – સરળ સંવેદનશીલ ચિત્ત ધરાવે છે. મુલત : અંતર્મુખી વ્યકિતત્વ ધરાવતા યોગેશ જોશી એક કેફિયતમાં કહે છે કે "નાનો હતો ત્યારથી હું ક્યાંય ઝટ હળી ભળી શકતો નહીં, ટોળામાં જ નહીં નાના ગ્રુપમાં પણ ત્રણ–ચાર થી વધારે જણ હોય તો હું મૂંગો થઈ જઉં છું, જાણે બિડાઈ જઉં છું. સાવ નાનો હતો ત્યારથી હું ચાહું છે મારા એકાન્તને." લગ્ન સમયે તો તેમને એવો ડર પણ રહેલો કે એકાન્ત હવે નથી રહેવાનું પણ સદ્ભાગ્યે યોગેશભાઈને એનું એ એકાન્ત જાળવી રાખે એવા પત્નિરૂપે રશ્મિબહેન મળ્યા છે. વળી બધો સામાજિક વ્યવહાર પણ રશ્મિબહેન જ સંભાળે છે.

સર્જક થવાના લક્ષણો નાનપણથી જ યોગેશભાઈમાં જોવા મળે છે અનેક અનુભવો પૈકી એક અનુભવ એ આ રીતે વર્ણવે છે. "હું પાંચમામાં ભણતો ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે શનિવારે સવારની સ્કૂલ, લેસન બાકી હતું તે ઘેરથી વહેલો નીકળેલો વિચારેલું પ્રાર્થના પહેલા લેસન પતાવી દઈશ. સ્કૂલે પહોંચીને જોયું તો આખીયે રાત વાવાઝોડા સાથેના વરસાદના કારણે અમે રોજ રિસેસમાં જે લીમડાનીચે રમતા એ લીમડો પડી ગયેલો. એ જોઈને મને કંઈક થઈ ગયું. લેસન કરવાને બદલે થોડી ક્ષણોમાં જ સ્કૂલથી પાછો ઘેર આવતો રહેલો એ 'કંઈક' એ જ કદાચ મારી સર્જન પ્રક્રિયાના મૂળમાં હશે." સૂકું પાંદડુ ખરતું જુએ ને આખી ધરતી ધ્રુજતી હોવાનો અનુભવ કરે એવા સંવેદનશીલ આ સર્જક છે. બાહ્યજગત સાથે નહીંવત્ સંબંધ પરંતુ ભીતરથી ભર્યા ભર્યા આ સર્જકને સાહિત્યના સંસ્કાર

કુટુંબમાંથી જ પ્રાપ્ત થયા છે. પિતાજી ભાનુપ્રસાદ ભણતા ત્યારે કવિતા–વાર્તા લખતાં ને વીસનગરમાં હસિત બુચ દ્વારા ચાલતી બુધ સભામાંય જતાં ઉપરાંત લેખક માતા અનિલાબહેન પાસેથી રામાયણ–મહાભારતની વાતો સાંભળતાં શ્રાવણ મહિનામાં શેરીની સ્ત્રીઓને પાડોશી શિવગંગાબા વ્રત કથાઓ કહેતા એ પણ રસપૂર્વક સાંભળતા અને 'મોટીબા' પાસેથી સાંભળેલી અઢળક વાર્તાઓ આ બધુ જ લેખકનો સર્જકતાના મૂળમાં છે. નાનપણથી જ ઝીણું જોવાની ટેવ તાદાત્મ્ય – તરંગ – કલ્પન – સંવેદન અને વિસ્મય હજીયે એવાને એવાજ છે. આ બધું તેની સર્જકતાને પોષે છે અમદાવાદમાં આવ્યા 'હોમસિકનેસ' જ વધુતો સર્જનની જરૂરીયાત ઊભી કરે છે. ક્યારેક "બુધ સભા" માં કે 'હોટેલ પોએટ્સ' માં જાય છે. ચિનુમોદી પાસેથી ગઝલના છંદો શિખવા મળે છે ત્યારે પછી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો પરિચય થાય છે. કંઈ પણ લખાય ત્યારે યોગેશભાઈ તેમને બતાવે છે – મઠારે છે આ રીતે સર્જક યોગેશ જોશી પર વધું પ્રભાવ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જોઈ શકાય છે. 'કિમપિ' માં પ્રથમ એમણે જ આ સર્જકના સાત કાવ્યો છાપ્યાં અને પ્રથમ વાર્તાપણ 'કિમપિ' માં જ પ્રગટ થઈ એ પછીથી 'વિશ્વમાનવ' અને ભોગીલાલ ગાંધીનો પરિચય થયો. વિશ્વમાનવમાં વાર્તાઓ છપાઈ આ નાના–મોટા પ્રસંગો સર્જક યોગેશ જોશીને ઘડે છે ઉપરાંત કવિ ચંદ્રકાન્ત શેઠ પણ સર્જકના સર્જનને પ્રેરકબળ પુરુ પાડે છે.

યોગેશ જોશી સર્જન ર્કાયમાં વિધિવત પ્રવૃત્ત થાય છે ત્યારે કેવું લખવું એ વિશે સુસ્પષ્ટ છે એ કહે છે શું કરવું છે એના કરતાં શું શું નથી કરવું એ બાબતે હું વધારે ચોક્કસ હતો. હતાશા–નિરાશા–શૂન્યતા–ફૂન્યતા ની વાત નથી કરવી, આધુનિકતાની ધજાઓ નથી ફરકાવવી, પ્રત્યાયનનો તો પ્રશ્નજ ન થવો જોઈએ ભાષાબાજી નથી કરવી, કવિતા વેડામાં નથી લપસવું, આદર્શો સિદ્ધાંતોના ઘાંસ ભરેલા કોથળા ભરેલા ચિત્રો નથી રચવા. જેમાં આંખને આંજી દેતુ ગદ્ય ઠાંસી ઠાંસી ને ભર્યુ હોય એવા ચરિત્રોય નથી કરવાં માત્ર નવલકથામાં જ બને એવું મારે નથી ગોઠવી દેવું ટૂંકમાં કશુંય કૃતક નથી કરવું. સહજતા–સરળતા–સાદગી નંદવાય એવું કશું નથી કરવું. સાવ કપોળ–કલ્પિત પણ નહીં ને નર્યુ દસ્તાવેજી વાસ્તવ પણ નહીં રિપોર્ટિંગ કે ડિસ્ક્રિપ્શન ને બદલે નેરેશન પાસેથી વધારે કામ લેવું. વળી શબ્દ પાસેથી મૂવી કેમેરાનુંય કામ લેવું" વ્યવસાયે ઍંજિનિયર એવા આ સર્જક સ્વભાવેજ કલાકાર હોઈ સાહિત્ય કલા સાથેની નિસ્બત કેટલી પ્રગાઢ છે એ ઉપરોક્ત

અવતરણમાં સ્પષ્ટ થાય છે. પ્રકૃતિ–સૃષ્ટિ અને ભાષાને અપાર ચાહનારા આ લેખકને 'માણસ' માં અને 'જીવન' માં અપાર શ્રદ્ધા છે રસ છે. લખવું એમના માટે માણસને અને જીવનને ઓળખવાની સાથે સાથે જાતનેય ઓળખવાની પામવાની પ્રક્રિયા છે આ રીતે આ સર્જકને સાચુકલાં વાસ્તવ જીવનના સંવેદનશીલ સર્જક કહેવાનું પ્રાપ્ત થાય છે. તેમણે સાહિત્યના અનેક સ્વરૂપો જેવા કે કવિતા – વાર્તા – નવલકથા – નિંબંધ – ચરિત્ર – અનુવાદ – બાળસાહિત્ય વેગેરે ઘણી સફળતાપૂર્વક ખેડયા છે.

આમ બધા મળીને ત્રીસ જેટલા પુસ્તકો યોગેશ જોશીના સાહિત્ય સર્જનનો વિસ્તાર છે. ઈયત્તા અને ગુણવત્તા ઊભય દષ્ટિએ એમના કેટલાક અછાંદસ કાવ્યો તપાસવાનો ઉપક્રમ આ પરિકલ્પમાં રાખ્યો છે. સાહિત્યને પરિષ્કૃત કરવાનો આ સામય ગાળામાં જે ઉદ્યમ ચાલે છે એના મહત્ત્વના સર્જક તરીકે યોગેશભાઈ પણ છે જ. સાહિત્ય શાસ્ત્રની દષ્ટિએ યોગેશ જોશી કેટલાક સફળ થયા છે, એમણે નવું શું અપણ કર્યું છે એ જોવાનો ઉપક્રમ છે. વીસ વર્ષના સમયગાળામામાં યોગેશભાઈનો સર્જક તરીકે વિકાસ વિસ્તાર થયો છે એ અહીં તપાસવાનો ઉપક્રમ છે. અને સર્જનમાં યોગેશ જોશી કવિ તરીકે કેટલા પ્રભાવશાળી છે એ જોવાનો પ્રયાસ કર્યા છે. તેમની પાસેથી બે કાવ્ય સંગ્રહો મળે છે. ૧. અવાજનું અજવાળું (૧૯૮૩) અને ૨. તેજના ચાસ (૧૯૯૧), આ બન્ને માંથી ચુંટીને છવ્વીશ જેટલા અછાંદસ કાવ્યોનો આસ્વાદ અહીં પ્રસ્તુત કર્યો છે.

ગુજરાતી સાહિત્યમાં ગદ્ય સ્વરૂપોમાં એના સાહિત્યિક વલણો સંદર્ભે આધુનિકોતર સમયગાળાનાં ગણાયેલા સર્જક યોગેશ જોશી કવિતાક્ષેત્રે નૂતન સંવેદન પ્રગટ કરનારા આધુનિક કવિતાના આખાયે અસબાબ એની રચનાઓમાં પ્રગટાવતા રહ્યા છે. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી એવા કવિ યોગેશ જોશીનું પ્રથમ કાવ્ય સત્તર વર્ષની વયે રચાય છે ને કોલેજ મેગેઝીનમાં છપાય છે. પછીથી ઉચ્ચ અભ્યાસાર્થે અમદાવાદ આવ્યા ત્યારે સખત 'હોમસિકનેસ' અનુભવી આ ઘર તરફનું વતનને સ્વજનો તરફનું ખેંચાણ કવિતા માટેની, સર્જન માટેની અંદરની જરૂરિયાત વધારી દે છે. કવિ હવે 'બુધસભા' અને 'હોટેલ પોએટ્સ' માં જવા લાગે

છે, આ સમય દરમિયાન પ્રસિદ્ધ આધુનિક કવિ શ્રી ચિનુમોદી પાસે ગઝલના છંદો શીખે છે. અંતે ગુરુ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો પરિચય કવિને થાય છે આ પરિચયના ફલસ્વરૂપે કવિતાનું ઘોડાપૂર ઉમટે છે. જેવું પોતીકું સંવેદન એવી જ પોતીકી અભિવ્યક્તિના આ કવિના આદર્શ કવિ આદ્ય નરસિંહ મહેતા છે. કવિનો નિજી અવાજ અવળવાણી – અવળરીતિમાંથી આવી કલ્પન બને છે, કવિનું આ કલ્પન અંતે અછાંદસમાં ઠરીઠામ થાય છે – આથી જ કવિ યોગેશ જોશી અછાંદસના કવિ છે, કલ્પનના કવિ છે. શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના 'કિમપિ' માં સાત કાવ્યો છપાય છે એ પછીથી કાવ્યસર્જન સતત ચાલુ રહ્યું છે પરિણામે યોગેશ જોશી પાસેથી બે કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે.

(૧) અવાજનું અજવાળું
(૨) તેજના ચાસ

આ બન્ને સંગ્રહોના મળીને કાવ્યોનો સરવાળો અઠ્યાશી થવા જાય છે જેમાંથી 'અડસઠ' કાવ્યો અછાંદસ રચનાઓ છે. આ અર્થમાં અછાંદસના જ આ કવિ છે એવો એમનો પ્રમુખ પરિચય છે. 'અછાંદસ' આ સંજ્ઞા વીસમી સદીના ઉતરાર્ધમાં ખાસ કરીને આધુનિક યુગના – કવિતા સાહિત્યમાં વ્યાપક પણે ચર્ચામાં આવેલી છે. સામાન્ય રીતે 'અછાંદસ એટલે છંદ વગરની કવિતા' એવી એની પ્રાથમિક સમજ વ્યાપ્ત છે. જો કે અછાંદસ એ કાવ્ય રૂપ નથી, એક રીતિ છે. ઘણા સુજ્ઞો એને ઊર્મિ કાવ્યની નજીકનું ગણાવા પ્રેરાય છે. છતાં એટલું સ્પષ્ટ કહી શકીએ કે "અછાંદસ એ ગદ્યની વિશેષ તરેહમાં લખાતી કવિતા છે જેમાં કવિ ઊર્મિ, ભાવ, વિચાર, સંવેદન કે કશાક દષ્ટિકોણ ને રજૂ કરે છે" અછાંદસ પ્રસિદ્ધ લયનો આશ્રય પણ લેતું નથી પરંતુ એમાં ગદ્યના આરોહ – અવરોહ – સંબોધનના મોડ મરોડ જરૂર હોય છે કવિ અલંકારો યોજે તેમજ પ્રતીક – કલ્પનને પુરાકલ્પનોને પણ પ્રયોજીને અછાંદસ સિદ્ધ કરે છે.

આવા અછાંદસ કાવ્યો આધુનિક જીવનની વેદના સંવેદનાઓ તેમજ માનવ મનની લગભગ બધીજ ગતિવિધિઓને સુપેરે વ્યક્ત કરે છે. આથી જ કદાચ આધુનિક યુગમાં અછાંદસ કાવ્યોએ વૈપુલ્ય દાખવ્યું છે. આધુનિક યુગમાં યુગ પ્રવર્તક

સુરેશ જોશી – 'કવિનું વસિયતનામું', ગુલામ મોહમ્મદ શેખ અતિપ્રસિદ્ધ 'જેસલમેર' જેવા અછાંદસ કાવ્યો મળ્યાં છે ઉપરાંત સિતાંશુ યશશ્ચંદ્ર, લાભશંકર ઠાકર, યજ્ઞેશ દવે, નીતિન મહેતા, જયદેવ શુકલ, મણિલાલ હ. પટેલ, કમલ વોરા વગેરે અછાંદસના સિદ્ધ અલ્પસિદ્ધ કવિઓ પાસે થઈને અછાંદસ રીતિનું કાવ્ય કવિ યોગેશ જોશી સુધી પહોંચતા ઘણું સ્થિર થયું છે. અછાંદસ લખતા કવિએ મણિલાલ કહે છે એમ ખાસ ધ્યાન રાખવાનું હોય કે "અછાંદસ એ Free Verse મુક્ત પદ્ય, મુક્ત છંદ નથી."[1]

ટૂંકમાં અછાંદસ એટલે એવું છંદ વગરનું, પ્રસિદ્ધ લય વગરનું, ગદ્યની વિશેષ તરેહમાં લખાતું – નાના કે મધ્યમ કદ વાળું કાવ્ય જેમાં કલ્પન – પ્રતીક અલંકારો પ્રયોજાય, ગદ્યનો આરોહ – અવરોહ હોય તેમજ ધ્વનિ કે વ્યંજનાના મહત્ત્વની સાથે કવિકર્મનો મહિમા સ્વીકારતો હોય એવા વિશિષ્ટ રીતિના આ કાવ્યનો એ તબક્કો કાવ્ય સાહિત્યમાં મૂલ્યવાન રહ્યો છે. આ તબક્કામાં આઠમાં દાયકાના અંતે કવિ યોગેશ જોશી પ્રવેશે છે.

અગાઉ કહ્યું તેમ અછાંદસની બહુલતા કવિની એ રચના પરંપરા સાથેની નિસ્બત સૂચવે છે.

અછાંદસમાં કવિ પોતાના સ્વકીય આવાજની સ્થાપના કરવા સક્રિય થયા છે. પ્રાસ – કાકુ – વ્યંગ – ઈન્દ્રિયગ્રાહ્યતા – કલ્પન શ્રેણી જેવી અનેક યુક્તિ – પ્રયુક્તિઓ દ્વારા કવિ નિજીસર્જકતાને પ્રગટ કરવા મથે છે. પંખી, પહાડો, વૃક્ષો, દરિયો, નદી, ઝરણા, પવન, પાણી, આભ, સૂર્ય, માણસ, ઋતુઓ, રોજિંદુ જીવન, ઘટનાઓ આ બધા પ્રકૃતિના તત્ત્વો કવિની કાવ્યસૃષ્ટિ છે. પ્રકૃતિના આ બધા તત્વો સંદર્ભે ઝંખના કવિને કલ્પનાની છે. એટલે પ્રેમ અને પ્રકૃતિ કવિ યોગેશ જોશીના મુખ્ય વિષયો છે.

કેટલાક કાવ્યોમાં શીર્ષક અપાયા છે તો કેટલાક ફક્ત આંકડાથીજ સુચવાયા છે.જેમા શુદ્ધ પ્રણય કવિતા છે. સોળ નિતાંત પકૃતિ કવિતા છે, આ સિવાય આધુનિક માણસની વેદના--હતાશાને વિષય કરતાં કાવ્યો, તો પ્રકૃતિ નિમિત્તે પ્રકૃતિનું નિરૂપણ કરતાં કાવ્યો, કવિતા સર્જન – સ્ફૂરણના વિષયવાળા કાવ્યો મૃત્યુ સંવેદનના કાવ્યો અને એક 'અસ્થમા' વિષયની રચના છે. આમ આ અછાંદસ રચનાઓમાં વિષયની ઠીક ઠીક વિવિધતા જોઈ શકાય છે.

આમ આ રચનાઓમાંથી પસાર થતાં આધુનિક કવિતાનું સંવેદન આ કાવ્યોમાં પ્રગટયું છે. કવિ જે જે વિષયને સ્પર્શે છે એ અર્પૂવ છે એમ નહીં, પરંતુ એ વિષયો પર પોતાના જ અવાજનું સ્થાપન કરવામાં હંમેશ સક્રિય રહ્યાં છે ને તે માટે "પ્રાસ, કાકુ, વ્યંગ, ઈન્દ્રિયવ્યત્યય, કલ્પન શ્રેણી આવી અનેક યુક્તિ પ્રયુક્તિઓ દ્વારા તે પોતાની કવિ તરીકેની સર્જકતાને પ્રગટ કરવા મથે છે."[૫] કવિ કર્મ અંગે સભાન આ કવિ "પોતાને જે કંઈ લાગે છે એ વધુમાં વધુ ચોટપૂર્વક, અભિનવરીતે કેમ વ્યક્ત થાય તે માટે તે સારી પેઠે સજાગ છે, સતેજ છે. આ સતેજતા આ કાવ્યોનું એક ગમી જાય એવું તત્ત્વ છે."[૬]

આ રચનાઓમાં આધુનિક જીવનની અને આધુનિક માણસની વેદનાને વ્યક્ત કરતાં કાવ્યો સારા પ્રમાણમાં મળે છે ખડક સાથે રોજ માથા પછાડવાની ઘટનાને કરપીણ ગણાવતાં કાવ્ય નાયક 'હું' ના વિવિધ રૂપો પ્રગટયા છે. ક્યારેક પોતાને શિશુ સ્લેટના ઓઘરાળા જેવો, ક્યારેક દરિયાથી છૂટી ગયેલું મોજું કહેતો ક્યારેક ખેતરનો ચાડિયો, પ્રકૃતિમાં જ નિજત્વ શોધતો, સંબંધોથી વિચ્છેદાયેલો, કાવ્યનાયક 'હું' અસ્તિત્વની ખાલીપણાની – શૂન્યતાની વેદના અનુભવતો રહે છે અને વેદનાની ધાર કાઢતો હોય એમ ઊચરે.... / કોણે કહ્યું હું સાવ એકલો છું / હવે મારી પાસે ખંડેર છે / અવાવરું વાવ છે / ઊડા ઊડ કરતાં ચામાચીડીયાં છે, પુષ્ટ ઈયળ છે. વગેરેમાં આ રીતે કવિની શૂન્યતા પ્રગટતી રહે છે. આ શૂન્યતાને "કવિએ કૃષ્ણની વાંસળીના પોલાણને સોંપી છે એટલું ગનીમત"[૭]

અહીં કેટલાક કલ્પનો સાયાસ અને આથી કૃત્રિમ બની ગયા છે. જેમ કે એવું થાય છે કે સાલું જીવી જવાય છે' ઉપરાંત 'સાલું આ આજુબાજુ જંગલ ક્યાંથી ઊગી ગયું ?' આવી લપટીપડી જતી લઢણો ઘણીવાર દેખાય છે. આવી મયાર્દાને ટાળવા શ્રીચંદ્રકાંત શેઠ કહે છે તેમ "કવિએ કવિતામાં બહારથી અંદર પ્રવેશવાના ઉપક્રમ સાથે અંદરથી બહાર આવવાના ઉપક્રમ માટે વધુ એકાગ્રતાને ઊંડાણ સિદ્ધ કરવાં જોઈએ"[૮] બોરીસાગર ના અવતરણથી વાત સમેટીએ "સચ્ચાઈ અને સર્જકતાની દુર્લભ ગણાતી યુતિ અહીં અત્યંત સ્વાભાવિકતાથી રચાઈ છે."[૯] હવે કવિની અછાંદસરચનાઓ તપાસીએ.

–:૧:–

અંતિમ રાત્રિ

નીરવ રાતનું કેન્દ્ર
ધબકે
મારી નાભિમાં.

તારાઓ અને નક્ષત્રો
ઝબકે મારાં પોપચાં નીચે.
અરણ્યોનાં અરણ્યો
રણકતી ચાંદની ઓઢી
પોઢી જાય મારી છાતીમાં.
ઊર્વશીના ઝાંઝરની એક ઘૂઘરી
રહી ર હી ને
          રણકે મારા શાંત રક્તમાં...
એના રણકારમાં
          ભણકારમાં
                    મન પરોવું ત્યાં તો
ખૂલી જાય બાળપણની એક બારી
જે ઊઘડે અવાજ ઝાંઝરનો
અવાજની આંગળી પકડું
          અને માંડું
                    પા
                    પા
                    પગલી

ઝાકળનાં ટીપાં વીણું
          ને કરું
                નાની
                      નાની
                           ઢગલી.... ....
છમ્મ્ છમ્મ્ !
               છમ્મ્ છમ્મ્ ! !
આ કઈ નગરીની રાજકુમારી
ઊ
   ત
      રે
          છે
       મારા મનની
           સૂની વાવનાં પગથિયાં ?
આ કઈ પરી
       કરે છે ઊડાઊડ
           મારી ભીતર પ્રગટતા જતા
                                 તારાએ તારાએ ?
વચ્ચેની દીવાલ
સરકી જાય રેશમી વસ્ત્રની જેમ;
આંતર –બાહ્ય સૃષ્ટિ
             થઈ જાય એકાકાર
શુક્રનું અજવાળું
          ઢં ઢો ળે –
                                 વાવનાં અન્ધ જળને
                                 ઠીકરું થઈ ગયેલી એક પળને
                                 ફૂટું ફૂટું થઈ રહેલી કૂંપળને

ઝબ્
ઝબકીને જાગે
ને દરમાંથી ડોકું કાઢે બહાર
ફણિધર નાગ
જેના માથે મણિ
ઝળહર ઝળહળ
જેના ઝળહળાટથી
ખૂલતી જાય જળની બારીઓ
હળવેકથી
ઊઘડે પળની બારીઓ
ને ઊડે જલપરીઓ
પાંખો ફફડાવતી
આંખો ટમટમાવતી, રંગબેરંગી.
જલપરીની પાંખની કૂણિ કૂણી સુગંધને
રાતરાણીની સુગંધથી
અ લ ગ
પાડવા મથું
ત્યાં તો
પવન લઈ આવે
વાસ –
પેટ્રોલની.
નાનકડો શિશુભડકો
પલકારમાં જ થાય મોટો દૈત્ય
ને જોતજોતામાંતો
અસંખ્ય જવાળાઓની લપકાર લેતી જીભ
હડપ કરી જાય –
ઝુંપડપટ્ટી.

છૂટતાંવેત
એકમાથી અનેક બનતાં તીરની જેમ
અસંખ્ય ચીસો ભોંકાય આકાશમાં
આખુંય આકાશ
થઈ જાય ચાળણી જેવું.
ભેંકાર
ડઘાઈ ગયેલો મારો દેહ
અને અન્ધકાર
(હું ક્યાં ?)
થાક
ઝૂંપડાંઓની ગરમલાહ્ય રાખ
બળબળે મારાં પોપચાં નીચે,
ચૂપચાપ.
કળ ન વળે મારી નાભિનાં જળને
ને છતાંય
સળવળે મારે રોમેરોમ
માનુષી રોમાંચ
અગ્નિની આંચ,
ચૂપચાપ.
ભેંકાર
મારી નાભિમાં
ૐકાર
મારી નાભિમાં
ક્યાં ગઈ પેલી રાજકુમારી ?
ક્યાં ગઈ જલપરીઓની પાંખોની સુગંધ ?
ક્યાં ગઈ જલપરીઓ ? ક્યાં ? ક્યાં ? ક્યાં ? ? ?
ચોમેર ધુમાડાના ગોટેગોટ ગોટેગોટ ગોટેગોટ

'બચાવો.... બચાવો.... ચાવો.... ઓ.... ઈ..... આં....'
ચિચિયારીઓ, ટોળેટોળાં.... ટોળેટોળાં....
ટોળાં ? !
ના, હજાર હજાર હાથપગવાળા રાક્ષસો
આગ, છરાબાજી, કાપાકાપી, લૂટફાટ, ફાટ... ફાટ....
ભડકેભડકા...... ભડકેભડકા......
ધુમાડો ધુમાડો ધુમાડો ધુમાડો
પ્રેમ લાગણી શાંતિ અહિંસા ધર્મ એખલાસ
ધુમાડો ધુમાડો ધુમાડો ધુમાડો.....

બધુંય શમે
ધી....રે.... ધી....રે.... ધીરે....ધીરે....–
ટાઢી પડતી રાખની જેમ
મરણવેળાએ મીંચાતી આંખની જેમ
વીંધાઈ ચૂકેલા જટાયુની પાંખની જેમ
ધી....રે.... ધી....રે.... ધીરે....ધીરે....

વળી,
ઝાંઝરની એક ઘૂઘરી
રહી ર હી ને
રણકે સ્તબ્ધ રક્તમાં

અમતેમ જોઈ
પૂંછડી સ્હેજ સળવળ કરી
ચાલ્યો જાય પાછો દરમાં
ફણિધર નાગ, મારો મણિધર

ને
છવાઈ જાય અંધારપટ
ધડકતા રક્તમાં
છવાઈ જાય અંધારપટ
શ્વાસમાં, નિઃશ્વાસમાં, વિશ્વાસમાં
છવાઈ જાય અંધારપટ
ઘરેઘરમાં નગરેનગરમાં
આંધળાં ચામાચીડિયાની જેમ
ઊડાઊડ કરે દુશ્મનનાં વિમાનો.
રઘવાયાં
હાંફળાફાંફળાં
દોડાદોડ કરતાં
અહીં તહીં સંતાય નગરના નગર;
અધ્ધર શ્વાસે
ટેન્કો, સ્ટીમરો, વિમાનો.... યંત્રરાક્ષસો –
રઘવાયા રઘવાયાં
જનમથી જ હડકાયાં
ભરખી જાય એકમેકને.
એમ્બ્યુલન્સ અને સાયરનો
લોહીની નદીઓ
લોહીના દરિયા
લોહીના પહાડ
લોહીના વાદળ
મૂશળધાર
તૂટી પડે –
મૃત્યુ.... ....

ભૂખથી મરવા પડેલાં કેટલાય બાળકોને
એક એક કોળિયે
                    ખાઈ જાય મૃત્યુ
ને મેરીનો રૂંછારૂંછાવાળો
        મોટા લબડતા કાનવાળો સફેદ કૂતરો
આરોગે વિટામિન્સની દવાઓ, ફેરેક્સ,
                    ફળો અને બિસ્કિટ
ક્યાંક રંગબેરંગી લાઈટોની છોળોમાં
અસંખ્ય વાજિંત્રોના ઘોંઘોટમાં
    ડિ....સ્કો – ડિ....સ્કો – ડિ....સ્કો
    નાચે – ઝૂમે – નાચે – ઝૂમે –
    સ્ત્રીઓ – પુરુષો – નશામાં – અર્ધ – નગ્ન –
    નાચે – ઝૂમે – નાચે – ઝૂમે –
    ડિ....સ્કો – ડિ....સ્કો – ડિ....સ્કો
    હા.... – હો.... – હા.... – હો....
કોણ કોનો પતિ ? કોણ કેની પત્ની ?
તો કોક ઝૂંપડીમાં
પતિ પર શંકા જવાથી
ચટણી વાટવાનો મસમોટો પથ્થર ઊંચકીને
ઊંઘતા પતિનું માથું છૂંદી નાખે રુખલી
ને થઈ જાય હાજર પોલીસસ્ટેશને.
કે
પોતાના પર બાળાત્કાર કરવા આવનારનું
ધારિયાથી ડોકું જ ઉડાવી દે એક ઝાટકે પેલી જમની.
ઉદરમાં શિશુને
સ્વપ્નમાં ઘરાઈને જોઈ રહેલી વહુને
ભરનીંદરમાં જ

સળગાવી દે સાસુ સસરા જેઠ દિયર ભેગાં મળીને
એનાં સ્વપ્નો સાથે જ....
ગમે તે ક્ષણે આવી ચડે
બહુરૂપી મૃત્યુ.
હે મૃત્યુ,
તારામાં જો તાકાત હોય
તો હડપ કરી જા
આ ભૂખમરો, બેકારી, શોષણ, અરાજકતા,
દગાખોરી, હિંસા...
હે બ્રહ્મા,
કાઢી લે તું માનવીની ખોપરીમાંથી મગજ
ને ભરી દે ખોપરીમાં ગંગાજળ
અરે ! ચાલશે આઈસ્ક્રીમ ભરીશ તો ય તે !
ચારેકોર
ચાલી રહી હિંસા –
લાગણીની
સંવેદનાની
માનવની
માનવના ગૌરવની
ધરતીનાં
અનેકાનેક પડ ભેદીને
છેદીને
નીકળે બ્હાર
પથ્થરયુગનાં શસ્ત્રો
ને આચરે હિંસા
હજુ તો
અરધાંપરધાં બનેલાં અણુશસ્ત્રો સુધ્ધાં

નીકળી પડે પ્રયોગશાળાઓમાંથી
સર્વનાશનો મંત્ર ભણતા.
ચિચિયારીઓ કરતી ચીબરીઓ
ઊડતી ને ઊડતી જ
ફાટી પડે
ઊડે
હવામાં
શિયાળવાની લાળીનાં
ચીં થ રે
ચીં
થ
રાં....
બે પગ વચ્ચે પૂંછડી દાબી
આકાશભણી ડોક લંબાવી
લાંબા રાગે રુએ કૂતરાં
ઝાડની બખોલમાં
બેઠેલું પેલું ઘુવડ
ક્ષણે ક્ષણે
થતું જાય
મોટું ને મોટું –
ઝાડ જેવડું
પહાડ જેવડું
આભ જેવડું
અસીમ રાત જેવડું !

એના ડોળામાંથી ફૂટે
બિહામણો
ભયંકર
મૌન અવાજ
મારી નાભિમાં ધબકતું
લોહિયાળ રાતનું કેન્દ્ર
ચૂ
કી
જાય
કેટલાય ધબકાર
દૂર–સુદૂર ટમટમતાં નક્ષત્રો
ચૂ
કી
જાય
કેટલાય ઝબકાર
અંધકાર.
આ અંધકારમાં જો નજરે ચડે ક્યાંક
અગ્નિ –
– ચૂલાનો
રોટલો ઘડતા નારંગી હાથ
રાતી ચૂડીઓ
ને શેકાતા રોટલાની વાસ
તો
ગુંજી ઊઠે શરણાઈઓ
ને લગ્નગીતોના ગોરંભની વચ્ચે
પ્રગટે અગ્નિ–
– ચોરીનો

પણ આજે તો
પૃથ્વી આખીયને લપેટમાં લેતો
તાંડવનૃત્ય કરતો
હડપ્ હડપ કરતો અગ્નિ –
– શસ્ત્રોનો.
અગ્નિદેવતાના શ્વાસ
ને જળદેવતાના ઉચ્છ્વાસ
સાંભળું
મારી નાભિમાં.
બાળપણમાં સાંભળેલી વાર્તાના રાક્ષસે
એનાં શીંગડાથી ચીરી નાખેલું
મારું ડાબું પડખું કણસે
કણસે શેરીની ગાભણી કૂતરી
એના પેટમાંથી નીકળે બહાર
નાનાં નાનાં ગલૂડિયાં
કણસે આખું ઈથિયોપિયા
કણસે હજીય એથેન્સ
કુરુક્ષેત્રમાં હજી ય રઝળે યુદ્ધનો શંખધ્વનિ
ને કણસે યુધિષ્ઠિરનો આત્મા
કણસે હિટલરનું પ્રેત
શાંતિ માટે અહીં તહીં ભટકતું રઝળતું
કણસે ધરતીના પેટાળમાં પડેલાં હાડકાં
કણસે હોડી ને કણસે પાણી
કણસે દરેકેદરેક અણું–પરમાણું
પેલી જળપરીઓ ક્યાં ?
ક્યાં ગઈ પેલી રાજકુમારી ?

સૃષ્ટિના સંચાલનમાં જ
પડી છે ક્યાંક
કોઈ તિરાડ
ખુદ માળો જ ગબડાવી દે ઈંડા
ને ધરતી જ
મૂળસહિત ઉખાડી નાખે અરણ્યોનાં અરણ્યો
ખુદ હવા જ
ફેરવાઈ જાય ઝેરી ગેસમાં
ને સૂરજ જેવો સૂરજ પણ
ઓકે અંધકારને
ફફડી ઊઠેલા બધા દેવો
જાય મહાદેવ પાસે
ને
મહાદેવ તો સમાધિમાં.
નરકમાંથી
પ્રલયના કાળાંભમ્મર પાણી
ભડ ભડ સળગતાં
ફુંફાડા મારતાં
પળભરમાં તો
આવી પહોંચે ગામમાં
ગલીગલીમાં
ઘરેઘરમાં
ને છે....ક....
છેક સ્ત્રીઓના પેટમાં.
નરકનો કાળોડિબાંગ કાદવિયો અંધકાર
ને ખોબો કાચી માટી
સ્ત્રીઓના પેટમાં.

ચારેકોર
પાણી પ્રલયનાં
　　　ઊછળે અધ્ધર
　　　　　　ઓકે આગ
આભની છતને અફળાઈ
આગ આગ થઈ
　　　પ
　　　ટ
　　　કા
　　　ય
　　　નીચે
　　　　વળી
　　　　ઊછળે અધ્ધર
　　　　થઈ અસંખ્ય જ્વાળાઓ
　　　　ને બીજી જ ક્ષણે
　　　　નરકનો અંધકાર
વળી
અચાનક જ
જ્વાળામુખીની જેમ
ફાટી નીકળે અગ્નિ
ને ફુંફાડા મારતો દોડે ચોતરફ
ભયંકર આ–વેગથી
　　　આ–વેશથી
જેનો સ્પર્શ થતાં જ
અરણ્યોનાં અરણ્યો, પહાડોનાં પહાડો,
　　　　　　　　　　નગરોનાં નગરો

એક ક્ષણમાં જ પ્રચણ્ડ ભડકો
ને બીજી જ ક્ષણે રાખ
બધુંય ખાખ
ઘુવડની આંખો જેવી શાંતિ
અનેપાટીમાંના અક્ષરોની જેમ
પૃથ્વીને ભૂંસતો અંધકાર
વળી ક્યાંકથી ફૂટી નીકળે અગ્નિ....
પ્રલયના આ પૂર
ગાંડાતૂર
ફરી વળે અવકાશમાં ય
જેમાં તણાય સળગતી પૃથ્વી;
ડબક્ ડબક્ ડબકોળાય દડાની જેમ
તણાય તણાય ને તો ય
ફરે ધરીની આસપાસ, ગોળ ગોળ
ઘૂમરાય ગગન આખું, ગોળ ગોળ
ઉત્તરાના ગર્ભાશય જેવી રાત,
આ કુ ળ વ્યા કુ ળ
દ્રૌપદીની પ્રાર્થના જેવી સૃષ્ટિ,
'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ'
'યદા યદા હિ ધર્મસ્ય' – બધું ય
ઘુમરાય ગોળ ગોળ
તણાય ખોપરીઓ અને હાડપીંજરો,
સ્ત્રીઓના ઊપસેલા પેટની રાખ,
પાંદડા પર પોઢેલા માધવ
કોમ્પ્યુટર, એપોલો, સોયુઝ,
રોબોટ, ગ્રહો અને ઉપગ્રહો....

અચાનક જ
કોઈ જાદુઈ લાકડી ફેરવે
ને અટકી જાય આ પૂર....
પણ અરે રે
        આવું તો
            ક્યાં બને છે સ્વપ્નમાં યે ?
ડાઘુઓનાં
કુંડાળા જેવી ક્ષિતિજો
સંકોચાતી
સં
કો
ચા
તી
છેવટે
બની જાય
        એક બિન્દુ
ને
ઝબકે ઝબક્ ઝબૂ
મારી નાભિમાં.
ટ
પ્
ટપો ટપ્
        ટ
        પ્
        ખરી પડયા
                બધા ય તારાઓ અને નક્ષત્રો

એકાદ તારો ય જો
ટમટમતો હોત ક્યાંક ઝાંખુ પાંખુ
તો ય ખાળી શકાત
                    આ પૂર અંધકારનાં
ને સાંધી શકાત
                    સૃષ્ટિના સંચલનમાં
                              પડેલી તિરાડ
પ્રલયમાંથી બચી ગયેલા
છેલ્લા તણખલા નીચેનું માટીનું ઢેફું જ
સાપ દેડકો ગળે એમ
                    ગ
                    ળી
                    ગ
                    યું
                    તણખલાને.
એ સુક્કું તણખલુંય હાથ લાગત
તો ય ઊગરી જવાત
          દુરિતના આ પૂરમાંથી
પણ.... પણ....
આ શું ?
બ્રહ્માંડમાં અસંખ્ય તિરાડો પાડતો ભયંકર અવાજ
ને પ્રચંણ્ડ ભડકાઓ સાથે ફાટે પૃથ્વી
જેના સળગતા ટુકડાઓ
ફંગોળાય અવકાશમાં
ને સળગી ઊઠે અવકાશ

સળગતી આ સૃષ્ટિ
તારસ્વરે ઝંખે
બ્રહ્માની નાભિમાંથી પ્રગટેલા
કમળમાં બિડાઈ જવા
ને કમળ ઝંખે
સમાઈ જવા
બ્રહ્માની નાભિમાં
આખીયે સૃષ્ટિનું
કે
ન્દ્ર
છિ ન્ન
ભિ
ન્ન
થ
વા
ની
અ
ણી
ઉપર
ઝબક્ ઝબ્
ધબ્

– : ૧ : –

અંતિમ રાત્રિ

કાવ્યમાં કવિ નાભિમાં ધબકતી નીરવ રાત્રિના રમણીય કલ્પન દ્વારા આકાશમાંના તારા, નક્ષત્રોને પોનાની ભીતર અનુભવે છે. સાથે સાથે બાળવાર્તાનું સ્મરણ થાય છે જેની કોઈ રાજકુમારી અત્યારે મનની સૂની વાવનાં પગથિયાં ઉતરે છે મનનીએ અંધારી વાવમાં દરમાંથી મણિધર નાગ ડોકું કાઢે ને 'મણિ' ઝળહળ ઝળહળ એના એ ઝળહળાટથી જલપરીઓ ઊડે ને કવિ જલપરીની અને રાતરાણીની સુગંધથી તરબતર પણ ત્યાં તો પવન લઈ આવે વાસ / પેટ્રોલની કવિ કલ્પનામાંથી વાસ્તવમાં આવે છે જ્યાં હવે નગરમાં આગના એક 'શિશુ ભડકા' દ્વારા હિંસાના રૂપે દૂરિતનું મૃત્યુનું જ જાણે આગમન થાય છે. ઝૂંપડપટ્ટીઓને આગની જવાળાઓ હડપ કરી જાય છે, અનેક ચીસો સંભળાય છે આ જોઈ કવિ તો ડઘાઈ જાય, હવે અંધકાર દૂરિત દેહ મોટો થતો જાય છે સર્વત્ર ભેંકાર કવિચિતમાં હજી પેલી રાજકુમારી છે તે વિચારે છે ક્યાં ચાલી ગઈ હશે એ રાજકુમારી ? ફરી ધૂમાડાના ગોટે ગોટા બચાવો.... બચાવો.... આવો.... ઓ....ઈ .....આં હિંસાનું તાંડવ/આગ, છરાબાજી, કાપાકાપી, ભડકે ભડકા – ધુમાડો – ધુમાડો ધુમાડો / પ્રેમ, લાગણી શાંતિ અહિંસા ધર્મ એ ખલાસ / ધુમાડો ધુમાડો / પછી બધુ ધીમે ધીમે શમે છે એ સાથે જ પેલી રાજકુમારીના ઝાંઝરનો અવાજ કવિ ફરી સાંભળે છે ને મણિધર નાગ ચાલ્યો ગયો છે દરમાં અંધારપટ છવાઈ જાય છે. સર્વત્ર અંધકાર શ્વાસમાં, નિઃશ્વાસમાં, વિશ્વાસમાં ઘરેઘરમાં નગરેનગરમાં ને નગરના આવા અંધકારમાં હિંસાનું તાંડવ ખેલનારા શસ્ત્રો જે જનમથી જ હડકાયાં છે, એ સર્વને ભરખી જાય છે એટલે ..... એમ્બ્યુલન્સ અને સાયરનો / લોહીની નદીઓ / લોહીના દરિયા / લોહીનો પહાડ / લોહીના વાદળ / મૂશળધાર બસ તૂટી પડે છે મૃત્યું કવિની સામાજિક નિસ્બત બતાવતા ત્રણ ચિત્રો મળે છે જેમાં એક : ભૂખથી મરવા પડેલાં બાળકોને એક એક કોળિયે ખાયજાય મૃત્યુ / ને મેરીનો રૂછાંવાળો / મોટા લખડતા કાનવાળો સફેદ કૂતરો – આ રોગે વિટામિન્સની દવાઓ, ફેરકસ ફળો અને બિસ્કિટ / બીજુ ચિત્રઃ રંગબેરંગી

લાઈટોમાં વાજિંત્રોના ઘોંઘાટમાં ડિ..... સ્કો....... ડિ...... સ્કો...... નાચે ઝૂમે – સ્ત્રીઓ – પુરુષો – અર્ધનગ્ન, જ્યાં કોણ કોનો પતિ કે કોન કોની પત્ની તો બીજી તરફ પતિ પર શંકા જવાથી પત્નિ તેનું માથું છુંદી નાખે, કે પછી બાળાત્કાર કરવા આવનારનું ડોકું ઉડાવી દે જમની નામની એક સ્ત્રી અને ત્રીજુ ઉત્તમ કલ્પન ચિત્ર ઉદરમાંના શિશુને / સ્વપ્નમાં ધરાઈ ધરાઈને જોઈ રહેલી વહુને / ભર નીંદરમાંજ / સળગાવી દે સાસુ સસરા જેઠ દિયર ભેગા મળીને એના સ્વપ્નો સાથે જ / મૃત્યુના કેટકેટલા રૂપ. કવિ આ વિકરાળ મૃત્યુને પડકારે છે. હે મૃત્યુ તારામાં જો તાકાત હોય તો હડપ કરીજા / આ ભૂખમરો, બેકારી, શોષણ, અરાજકતા, દગાખોરી, હિંસા આહિંસાના રૂપેજ મૃત્યુ છે ને દૂરિતનો હાહાકાર / બે પગ વચ્ચે પૂંછડી દાબી / આકાશ ભણી ડોક લંબાવી / લાંબા રાગે રૂએ કૂતરાં / અને ઝાડની બખોલમાં બેઠેલું ઘૂવડ હવે ક્ષણે ક્ષણે મોટું થતું જાય છે. જાણે ઝાડ જેવડું / પહાડ જેવડું / આભ જેવડું / એના ડોળામાંથી ફૂટે / બિહામણો / ભયંકર / મૌન અવાજ / અંધકારમાં દૂરિતના તાંડવમાં આંખ ઠારે એવું એજ દૃશ્ય હોય જો ક્યાંક ચૂલાના અગ્નિમાં રોટલો ઘડતા નારંગી હાથ / રાતી ચૂડીઓ / ને શેકાતા રોટલાની વાસ અને જો લગ્નગીતોની શરણાઈ ગૂંજે જ્યાં ચોરી નો અગ્નિપ્રગટે એને બદલે આ કેવો અગ્નિ જાણે પૃથ્વીને લપેટમાં લીધી છે એવો તાંડવ નૃત્ય કરતો હડપ હડપતો અગ્નિ જેમાં કણસે છે ગાભણી કૂતરી, આખું ઈથોયોપિયા, એથેન્સ, કણસે યુધિષ્ઠિરનો આત્મા, હિટલરનું પ્રેત – કણસવાનું સંવેદન વિસ્તરતું યુધિષ્ઠિર સુધી તો પહોંચે ત્યાંથી પૃથ્વીના અણુ પરમાણું પણ કણસે છે એમ લંબાય છે. કવિને થાય જરૂર સૃષ્ટિના સંચલનમાં જ ક્યાંક કોઈ તિરાડ પડી છે આ તિરાડ મહાદેવ સાંધી શકે પણ એતોસમાધિસ્થ છે એટલે દૂરિત હવે મહાતાંડવ આચરે છે નરકના પ્રલયના એ ભયંકર ભડભડ સળગતા પાણી આવી પહોંચે છે ગામ – ગલીને ઘર ઘરમાં જેની જવાળાઓ નીચે પટકાય ને અદ્ધર ઉછળે છે એટલે જવાળામુખીની જેમ ફાટી નીકળે છે અગ્નિ. આ અંધકારમાં ઘૂવડની આંખો જેવી શાંતિ એવી ઉતરાના ગર્ભાશય જેવી આરાત છે. જ્યાં સળગતી પૃથ્વીનું કલ્પન કુત્સિતને મૂર્ત કરે છે. કવિને ઘડીભર થાય છે / અચાનક જ

/ કોઈ જાદુઈ લાકડી ફેરવે ને અટકી જાય આ પૂર પણ આવું થોડું બને છે ! એકાદ તારોય ટમટમતો હોત તો યે સૃષ્ટિના સંચલનમાં પડેલી તિરાડ સાંધી શકાત. પરંતુ આ પ્રલયમાં એક તણખલું બચતું નથી કેમ ઉગરવું ને હવે બ્રહ્માંડમાં તિરાડો પાડતો ભયંકર અવાજ પ્રચંડ ભડાકાઓ સાથે પૃથ્વી ફાટી પડી પૃથ્વીના સળગતા ટૂકડાઓ અવકાશમાં ફંગોળાયા સળગી ઊઠેલી આ સૃષ્ટિ બ્રહ્માના કમળમાં પુનઃ બિડાઈ જવા ઝંખે ને કમળ બ્રહ્માની નાભિમાં સમાઈ જવા ઝંખના કરે છે પરંતુ એમ પણ ન થયું સળગતી આ સૃષ્ટિનું કેન્દ્ર ઝબક ઝબ ધબ કરતું છિન્ન ભિન્ન થઈ ગયું. કવિના સમગ્ર અછાંદસ કાવ્યોમાં વિશિષ્ટ એવું અછાંદસ દીર્ઘ કાવ્ય આપે છે..

આ રચનામાં કવિ કલ્પન આ સમસ્ત સૃષ્ટિને પોતાના ઉંડળમાં લે છે શ્વાસ થંભી જાય એવો દુરિતનો પ્રભાવ અહીં કલામયતાથી અંકિત થયો છે. આ રચનાનું સન્માન 'કવિલોક' ટ્રસ્ટ તરફથી થયું છે. આ રચના સૃષ્ટિ પરની દૂરિતની લીલાને લીલયા વ્યક્ત કરે છે.

એક રીતે દીર્ઘ અછાંદસ એવી રચનામાં કવિના ચિતના ભાવો વિવિધ સંવેદન વર્તુળો રચે છે. નાભિમાં નિરવરાતનું ધબકવું ને પછીથી ભેંકાર સુધી વિસ્તરવું એક વર્તુળ પુરુ કરે પછીથી એ ભેંકાર માં અગ્નિના શ્વાસ અને જલના ઉચ્છવાસ ઉમેરાયને બીજુ વર્તુળ રચે છે ને આખેઆખી ક્ષિતિજો સંકોચાઈને એક બિંદુ બનીને ઝબકે નાભિમાં એમ કહેવાય ત્યાં ત્રીજુ વર્તુળ આ કાવ્યનું રચાય છે. બીજીબાજુ તારાઓ અને નક્ષત્રો પોચચામાં અનુભવતા કવિ જેમજેમ દુરિતનો પ્રભાવ વધતો જાય એમ પછી અંતે સળગતી પૃથ્વીની રાખ અનુભવે ત્યાં ભાવ સંવેદન નું નવું વર્તુળ રચાય છે. ઉતરાના ગર્ભ જેવી આ રાત નું વર્ણન કરતાં કવિ ઘણાક સુંદર ચિત્રો આપે છે. પરંતુ ક્યાંક ક્યાંક સંવેદન પકડ ઢીલી પડે છે ત્યાં કવિતાની એકતા જોખમાય છે. ઘુવડને મૃત્યુના પ્રતીક તરીકે લીધાં પછી એ પ્રતીકને જ વિસ્તરવા દીધું હોત તો વધુ સારું કાવ્ય બની શકત,

પરંતુ મૃત્યુને પછીથી એના પ્રભાવને સર્વત્ર પ્રગટાવવા અતિ મુખર બનાવી દીધું એ, તેમજ સામાજિક સંદર્ભોનો વિગતપ્રચુર ઉપયોગ કાવ્યને થોડી હાનિ પહોંચાડી ગયો છે.

અન્યથા કાવ્ય ઉતમ બનવાની બધીજ સામગ્રી પોતાનામાં સંગોપીને બેઠું છે.

– : ૨ : –

વૃક્ષ પણ
પંખીઓ પાસેથી
પોતાની ડાળે રહેવા માટેનું
ભાડું માગે
કે
વાદળ પણ
દસ પૈસાના એક ગ્લાસ લેખે
ધરતીને પાણી આપે
કે
સૂરજ પણ
દર મહિનાની પહેલી તારીખે
ધરતીના સરનામે લાઈટનું બીલ મોકલે
કે
ભગવાન પણ
જે પૈસા આપે તેને જ
શ્વાસ લેવા પૂરતી
હવા આપે
તે પહેલાં
પૃથ્વીના કાનમાં કહીદો
કે –

– : ૨ : –

એક ઉન્નત સંવેદન કાવ્ય વિષય છે, અહીં કાવ્યોચિત આભાસ કલ્પાયો છે અવળવાણીના કાકુમાં રજૂ થતી આ રચનાં 'જે પોષતું તે મારતું' નો આભાસ રચે છે જેમ કે વૃક્ષ પંખી પાસે ભાડું માંગે, વાદળ પૈસાથી ધરતીને પાણી આપે, સૂરજ ધરતીને લાઈટ બીલ મોકલે, ને ભગવાન પણ પૈસા લઈને શ્વાસ લેવા પૂરતી હવા આપે – આ કલ્પનાથી ખિન્ન થયેલા કવિ પૃથ્વીને કશુંક કહી દેવા તત્પર થયા છે. નહીં તો પૃથ્વીએ કશુંક... ! ચાર નાનકડા ખંડકો 'કે' શ્રૃતિથી જાડાઈને વક્રોકિત પૂર્ણ સંવેદન રચનામાં રજૂ થાય છે.

આ રચના ચાર પરિચ્છેદમાં રજૂથાય છે દરેક પરિચ્છેદને 'કે' સંયોજકથી જોડવામાં આવ્યો છે. અહીં પ્રકૃતિના તત્વો વૃક્ષ, વાદળ, સૂરજ, ભગવાન. પૃથ્વી વગેરે વિશેષ્ટ પરિમાણ લઈને આવે છે. વૃક્ષ અને પંખીનો સંબંધ એકમેકથી ભિન્ન નથી – અભિન્ન છે, ને જે અભિન્ન છે એના ભિન્નત્વને કલ્પાય છે. તો વાદળ અને ધરતી નો સંગમજ પાણી દ્વારા છે જ્યાં પણ વિનિમયની વાત થાય છે. પછીના પરિચ્છેદમાં સૂરજ અને ધરતીના સંબંધને પણ વિનિમય દ્વારા કલ્પાયો છે.

હવે, પ્રકૃતિના આ સર્વતત્વોના આધાર સમા ભગવાન વિશેનું કલ્પન આવે છે જેમાં હવા પણ પૈસાથી વેચાવા લાગે એ પહેલા પૃથ્વી કે જે આ સૌતત્વો નો આધાર છે. એના પર માણસો દ્વારા થતાં કર્મોને એ પોતાપર ભાર રૂપે ખેંચે છે. પરંતુ આમ ક્યાં સુધી ? કવિ સાંપ્રત માનવ જીવનને તિર્યકતાથી તાકે છે.

આ રીતે આ કાવ્ય દ્વારા કવિ પ્રકૃતિના તત્વોનું આલંબન લઈને અંતે જે અમૂર્ત પણે કહેવા ચાહે છે એ વિષમ માનવ જીવનની વાત છે જે અહીં ઘણી બધી સંયમિત શૈલીએ રજૂ થઈ છે.

– : ૩ : –

અસ્થમા

ધૂળ, કાંટાળા ઝાંખરા, કાંકરા, જંગલી બાવળ, થોર,
મૃત પંખીઓની ચીસો, શાહમૃગોનાં પીંછા, ઊંટોનાં પગલાની વણઝાર,
ઊંટોના ચીરાયેલા પેટની સૂક્કી બરડ ચામડી, કાંટાળા લિસોટા વગેરે
કંઈ કેટલુંયે સાથે લઈને
ચકરાતું ચકરાતું
ધસી આવ્યું વાવાઝોડું છાતીમાં.

વાંસવન આખુંયે ખળભળ્યું ગર્રર ગર્રર
ફેફસાંની ડાળે ડાળે
થીજી ગયેલાં બર્ફીલાં વાદળ ગરજ્યાં ગર્રર ગર્રર
પાંસળીઓની ઓથે લપાઈને બેઠેલા શૂન્ય પર
ઝીંકાયા કડકડતી વીજળીના ચાબખા
ને ઊંધુચત્તું આડુંઅવળું તરફડતું શૂન્ય કણસ્યું ગર્રર ગર્રર
અને ત્યાં તો –
દસ દસ મીટર ઊછળ્યાં મારાં શ્વાસનાં મોજાં
માછીમારો, વહાણ, તરાપા, સ્વપ્નાં, નકશા, રસ્તા, દિશા....
સઘળું ઊછળે શ્વાસની સાથે દસ દસ મીટર ઊંચે
અને ત્યાં તો
અનેક જન્મોનું
શ્વાસતરસ્યું ચોમાસું આવીને ચડી બેઠું છાતી પર
ને શ્વાસનળી વાટે
એની આખીયે કાંટાળી ડોકને મારાં ફેફસાંમાં નાખી
લીલીછમ ચાંચથી ફોલે મારા સોનાના શ્વાસ
કપાયેલા ફાટેલા પતંગોની જેમ
રઝળે છે લોહી નીતરતા રાતા – ભૂરા શ્વાસ

ઉઝરડાયેલા શ્વાસોની પાછળ પાછળ
દોડે મારા ધબકારાનું ટોળું...

દવાઓનું વિષ
આરસની હજાર હજાર કણીઓ થઈને
લબકારા લે રોમેરોમ
પણ પછી
થોડી વારમાં તો
ધબકારાનું ટોળું
સળગાવે મરણના રાતા પડછાયાને
ને ઉઝરડાયેલા શ્વાસોને
ચોપડે લીલાંછમ ટહુકા
અગ્નિનો ફરફરાટ શમે
બધાંય પથ્થરો
ધીરે ધીરે
મુંગા થાય
ને
દરિયો
પડખું ફેરવીને સૂઈ જાય.

– : ૩ : –

અસ્થમા

અસ્થમાનો હુમલો, એનું દર્દ છાતીમાં ધમાસાણ મચાવે છે – ભીંતરનું એ વાવાઝોડું કાવ્ય વિષય છે. એ સમયક્ષણના આલેખન સાથે આવતી કુત્સિત વસ્તુઓની યાદી અસ્થમાની અસરને મૂર્ત રૂપ આપે છે.

વાંસવન આખુયે ખળભળ્યું ગર્રર
ફેફસાંની ડાળે ડાળે
થીજી ગયેલાં બર્ફીલા વાદળ ગરજ્યાં ગર્રર ગર્રર
પાંસળીઓની ઓથે લપાઈને બેઠેલા શૂન્ય પર
ઝીંકાયા કડકડતી વીજળીના ચાબખા
ને ઊંધુ ચતું આડું અવળું તરફડતું શૂન્ય કણસ્યું ગર્રર ગર્રર

દમનીએ શારીરિક વેદનાને ક્રિયાપદો – ધ્વનિઓની સઘનતાથી રજૂ કરાઈ છે. આ વેદનાનો વિસ્તાર પણ કેવો થયો છે. અનેક જન્મોનું/શ્વાસ તરસ્યું ચોમાસું આવીને બેઠું છાતી પર/ને શ્વાસ નળી વાટે/ એની આખીયે કાંટાળી ડોકને મારાં ફેફસામાં નાખી/લીલી છમ ચાંચથી ફોલે મારા સોનાના શ્વાસ/વેદનાનું આ સંવેદન અંતે મરણના રાતા પડછાયા સુધી લંબાય છે. કવિનું વેદનાયુક્ત કલ્પન અહીં કલારૂપ પામ્યું છે.

પાંચ પરિચ્છેદ કાવ્યોનો વિસ્તાર છે. જેમાં બે પરિચ્છેદોને 'અને ત્યાં તો' એ પદ થી પુનરાવર્તનના દોષ સાથે જોડવામાં આવ્યા છે. અસ્થમાનાં હુમલા સમયની ક્ષણોને અહીં મૂર્ત રૂપ આપવા પ્રશંસનીય પ્રયાસ થાય છે. છાતીમાં ઘસી આવેલું એવાવાઝોડું ગર્રર રવાનુકારી પ્રત્યક્ષ કરે છે પરંતુ થીજીગયેલા બર્ફીલા વાદળા (કફ)ના અવાજ માં પુનઃ ગર્રર નો 'રવ' પહેલા જેટલો પ્રત્યક્ષ થતો નથી. શ્વસતરસ્યુ ચોમાસુ એ મૃત્યુ ના પક્ષીનું પ્રતીક

બને છે. જેની કાંટાળી ડોક સોનાના શ્વાસને ફોલીને વાગ્મિતા ધ્યાન ખેંચે છે. શ્વાસ ને ધબકારા નું એક રૂપ થવું એ આ રચનામાં એક નિબિડ કલ્પન ની ગરજ સારે છે. ને ધબકારાના સેળાનું સંવેદન મૃત્યુના રાતા પડછાયાને પ્રત્યક્ષ કરી આપે એ ક્રિયાપદ દ્વારા મૃત્યુની કરાલ ઉપસ્થિતિ ને તીવ્રપણે રજુ કરી આપે છે. દવાપણ અહીં ઝેર બને છે ને ધબકારાનું ટોળું શ્વાસને લીલાછમ ટહુકા ચોપડે એ વાગ્મિતા સભર પરિચ્છેદ સમગ્ર રચનાનો ધ્યાન ખેંચનારો પરિચ્છેદ બને છે. અંતે તોફાન શમે એટલે કે અસ્થમાના હુમલા ની અસરમાંથી કાવ્યનાયક બહાર આવે છે.

આમ રચનામાં પુનરાવર્તનો ને બાદ કરવામાં આવે તો રચના 'અસ્થમા' ના હુમલા દરમિયાનની અવસ્થાને પ્રત્યક્ષવત કરે છે એ પણ એક કાવ્ય કોટિમાં.

– : ૪ : –

રાત

સૂતેલા પડછાયાના કાન ચમકે
ને ત્યાં તો પડછાયા થઈ જાય ઊભા
ને જતાં આવતાં વાહનોને
થોડેક સુધી વળાવી આવે, ભસીને.

ભડકી ઊઠેલી સડક
સહેજ સળવળીને
વળી પાછી જંપી જાય.
જંગલોનું લશ્કર અંધ શહેરને ઘેરીને
ધી...મે ધી...મે આગળ વધે
ને મધરાત થતામાં તો જીતી લે શહેરને.

ઝગારા મારતા નિયોન લેમ્પ્સ
બની જાય ઘૂવડની આંખો.
ભીંતો ફાડીને ઠેર ઠેર ઊગી નીકળે મરેલા ટહુકા
સ્કાય સ્ક્રેપરો પર
વન્ય વગોળ થઈને લટકે તમરાંનો ભૂખરો અવાજ
ફરફરતા પડછાયાઓને
મમળાવે કાબરચીતરો પવન

અવાવરું વાવ
ધીરે ધીરે
ઝાંઝરનોય અવાજ ન થાય એવા દબાતા પગલે
ઊતરે સ્નાનાગારમાં.
વાવને તળીયે ચોંટેલા
આમલીના પડછાયા પર બેઠેલી જીવતી ડાકણ

પટપટાવે એની આંખો.
સાપ દરમાંથી બહાર નીકળે એમ
ડાકણના કેશમાં લપાયેલા કોકના અંધકારની જીભ
બહાર નીકળે
ને સૂંઘી સૂંઘીને ચાટે –
સડકો પર ઢોળાયેલું શીર્ણ–વિશીર્ણ અજવાળું.

અગાસીઓમાં
ધજાઓ બનીને ફરફરવા લાગે શિયાળવાની લાળી.
લીમડાના ખરેલા પાન
કરવત બનીને
નિયોન લેમ્પ્સનાં કિરણોને
જીવતાં કાપે
ને કપાયેલાં અજવાળાના કણો
ફેરવાઈ જાય આગિયાના ટોળામાં
ને આરંભે
ચમકતા તારાઓ સાથે દ્વન્દ્વ
અને પછી જંગલ
હરખઘેલું દોડી આવે મારી પથારીમાં
ને ખખડાવે
મારાં બિડાયેલાં પોપચાંની પછીતે
સૂતેલા આંસુંને.
હું
આંખો ખોલું ત્યાં તો
કિ...ચૂ...ડ કરતી સવાર
ઊઘાડે
આકાશનું બારણું.

-:૪:-

આ રચનામાં સ્વપ્ન સદશ સ્થિતિમાં નગરજીવનના સંવેદન અંતર્ગત વેદનાનું નિરૂપણ થયું છે ઝગારા મારતા નિયોન લેમ્પ્સ/બની જાય ઘુવડની આંખો/જેવામાં મૃત્યુનો ઓછાયો પણ દેખાય અંતે આંખો ખોલું ત્યાં તો / કિ... ચુ... ડ... કરતી સવાર/ઉઘાડે/આકાશનું બારણું/કિ...ચુ...ડ... કરતો રવ કવિ કલ્પનને ધારદાર અભિવ્યક્તિ અર્પે છે.

આ રચના પડછાયાને જીવંત રૂપ આપવાની સાથે આરંભાય છે. પડછાયાનું સામ્રાજ્ય રાતપડતા કેવું કેવું ને કેમ ફેલાય છે એવાત ના સુંદરચિત્રથી કાવ્યનું વાતાવરણ બંધાય છે. અહીં પડછાયા ઉભા થઈને ચાલે નીવાતનું કલ્પન કવિતામાં આપણને પ્રવૃત કરે છે. જે નિર્જીવ છે એ સડક પણ સળવળી ઉઠે. પછી તરતજ નગરજીવનનું સંવેદન પ્રવેશેછે જ્યાં નિયોનલેમ્પ્સ ઘૂવડની આંખો બનીજાય, મરેલા ટહુકા ભીંતફાડી નિકળે, તમરાનો ભૂખરો અવાજ લટકે, રાત્રીનું આ ભિસી મારતું એકલતાથી ભર્યું વાતાવરણ રચનામાં સારો પ્રભાવ જન્માવે છે. પછીના પરિચ્છેદમાં બાળ વાર્તામાં પ્રચલિત એવા 'મિથ' નો ઉપયોગ અહીં રાત અને પડછાયાના સંદર્ભમાં યોગ્ય રીતેજ મુકાયો છે. જ્યાં (પડછાયોજ ને ?) વાવના સ્નાનાગાર માં ઉતરે જ્યાં એ ડાકણની જેમ છેલ્લે થોડું જ બચેલું અજવાળું પણ ચાટી જાય.

પાંચમાં પરિચ્છેદમાં ગમગીન – એકલતાની વાત શિયાળવાની લાળી ધજાઓ બની ફરકવાની વાત સાથે અનુસંધાન પામે છે. જ્યાં લીમડાના નાજુક પાન કરવત બની ગયા નું કલ્પન ધ્યાન ખેંચે છે, કે જે પ્રકાશના કિરણોને જીવતાં કાપીને એને કણકણ બનાવી દે છે, કપાયેલા કણોનું પણ પછીથી આગિયામાં થતું પરિર્વતન કવિકર્મનું દ્યોતક છે. એ આગિયાઓ એટલેકે

પ્રકાશના કપાયેલા કિરણોમાંથી બનેલા આગિયાઓ આકાશમાં ટમટમતા તારાઓ સાથે દ્વંદ્વ ખેલી ઉઠે ને રાતના આ અડાબીડ જંગલમાં ફાટી નિકળેલું આ દ્વંદ્વ પોતાના સુધી પહોંચતું કવિ અનુભવે છે. ને જાગીને જોઉંતો જગતજ દીસે ! કિ...ચુ...ડ.... કરતી સવાર આકાશનું – અજવાળાનું બારણું ખોલે આમ રાતના અંધકારની આરંભાયેલું આ કાવ્ય કવિની સાક્ષીએ રાતના ચોગદરમને આપણે પણ જીવંત થતું અનુભવીએ છીએ.

સૂતેલા પડછાયાને જગાડવાની ક્રિયાથી લઈને શહેર આખાને એની દરેક જગ્યાને પછીતો એ પડછાયો કેવીરીતે પોતાની પોતાની ઉંડળમાં લઈ લે છે જ્યાં એકલતાના સંદર્ભો – નિરાશાના સંદર્ભો – વ્યથા કે પીડાના સંદર્ભો કવિને બાળપણની વાત અને પરીઓ – ડાકણ ના સંદર્ભો પણ સ્મરણ માં જગવીને અંતે 'હાશકારા' ના ભાવ સુધી પહોંચાડે છે. એજ કવિકર્મનું સાફલ્ય.

— : ૫ : —

ક્યાં છે
મને શરણ આપે
એવો એકેય શબ્દ ?
કોનો શીતળતમ મૌનપ્રવાહ
હોલવી શકશે
મારા શ્વાસમાં સળગતા પતંગીયાંને ?
હું સળગતો ભડકો છું
ને મારે
પાણીના ખોળામાં માથું મૂકીને
પોઢી જવું છે
હું ભટકતો થડકો છું
ને મારે
વવાઈ જવું છે ધરતીમાં બીજ બનીને.
હું સૂરજની ભીતરમાં
થરકતો અકળાતો ગૂંગળાતો અંધકાર છું
ને મારે મુક્ત થવું છે

પણ
હવે તો લાગે છે કે
આ ભાષા
મને એના ખોળામાં સુવાડીને
પાલવ ઓઢાડશે નહિ
કે ક્યારેક સ્વપ્નમાં સાંભળેલો કોઈ ટહુંકો
મને એની પાંખો પર બેસાડીને
લઈ નહિ જાય ક્ષિતિજપારના અજાણ્યા પ્રદેશોમાં
સાપ કાંચળી ઉતારી નાખે એમ મેં તો ઉતારી નાખ્યું છે મારું નામ

પણ
નામને કે રામને
કાંચળીની જેમ ઉતારી નાખીનેય શું ?
કે ફરતા ભમરડાને
હથેળીમાં ઘડીક સ્થિર રાખીનેય શું ?
મારી ખોપરીમાં
સતત ચાલ્યા કરતા
તર્ક ફર્કના ધમપછાડા
ક્યાં સુધી સહેવા ?
ક્યાં સુધી દોડયા કરવું
કોરા કાગળમાં ઊભરાતા ઝાંઝવા પાછળ ?
કોરા કાગળમાં
ઢળી પડે છે એક પછી એક તરસ્યાં ઊંટો !
રેતીની જવાળાઓ
ભડ ભડ હસે છે કોરા કાગળમાં !
કેટલા યુગો સુધી આમ
લાલ પીળું જાંબલી સળગ્યા કરવાનું કોરા કાગળમાં ?
મને
શરણ આપી શકે એવું
મરણ પણ
ક્યાં છે ?

– : ૫ : –

આ કાવ્યમાં કાવ્યનાયક 'હું'ની વેદના એવી છે કે સાપ કાંચળી ઉતારી નાખે એમ 'નામ' હવે તેણે ઉતારી નાખ્યું છે. છતાંયે વેદનાનો અંત નથી વળી એમાંથી તો ભાષા પણ બચાવવા અસમર્થ છે. અરે ઈચ્છિત મરણ પણ ન મળે એજ તો વેદના આ રીતે અન્ય કાવ્યોની જેમ અહીં પણ અસ્તિત્વની પીડા કાવ્યવિષયક શ્વાસની સાથે સળગતાં પતંગિયાના સંદર્ભે અનોખી રીતે આ રચનામાં કવિ રચે છે.

કવિને શબ્દ ની પીડા હોવી એ અનિવાર્ય એવી શરત છે અહીં મૌન શીતળ – કે ઠંડુ પડી ગયું છે, ને શ્વાસમાં પતંગિયા સળગે આવી વિરોધી સ્થિતિ માંથી પસાર થતાં કાવિ ને અસ્તિત્વ સળગતો ભડકો લાગે છે. આ વિષમ એવી સ્થિતિ છે જેમાંથી ભાગી છૂટવા કવિને પાણીના ખોળામાં માંથુ મૂકીને પોઢી જવું છે કવિ પોતાને કેટલાક પદાર્થો સાથે સરખાવતા જાય છે. એ કહે છે.... હું સળગતો ભડકો છું, હું ભટકતો થડકો છું, હું સૂરજની ભીતરમાં ગૂંગળાતો અંધકાર છું – આમ અહીં પ્રાસનું તત્વ આ અછાંદસમાં સારીપેઠે પહેલા પરિચ્છેદમાં અનુભવાય પરંતુ આ સૌ સ્થિતિમાંથી એમને મૂક્ત થવું છે. પણ તેમને ઘેરીવળીએ એ નિરાશા એમને આ સ્થિતિમાંથી મૂક્ત થવા દેશે નહીં એવું લાગે છે કેમકે એ અનુભવે છે કે ભાષાથી એ મૂક્તિ શક્ય નથી, જેની પાસે સ્વાભાવિકજ સૌથી વધુ અપેક્ષા હતી! ભીતરી જે જે અનુભવો અનુભુતિઓ થાય છે એમને આ ભાષા પ્રગટ કરી આપવા સક્ષમ છે જ નહીં. માટે જ હવે, સર્જકે કવિ તરીકેનું નામ (એજને ?) સાપ કાંચળી ઉતારે એમ ઉતારી નાખ્યું છે. પરંતુ એમ કરવાથી પણ ભીતરના તોફાનો ક્યાં શમવાના હતાં ? ખોપરીમાં સતત ચાલ્યા કરતા તર્ક – ફર્કના ધમપછાડા થોડા શાંત પડવાના ? જે અનુભવાય એને અનુરૂપ ભાષા–શબ્દ ના મળતાં અંતે તો કોરા કાગળમાં ઝાંઝવાજ ઉભરાય ! આમ કોરાકાગળમાં તરસ્યા ઉંટોજ ઢળી પડે એવું કવિ કલ્પન સર્જક માત્રની પીડાને ચીંધે છે. કઈં કેટલાયે પ્રયત્નો પરંતુ જે કહેવાનું છે એ ક્યાં આ ભાષા વ્યક્તજ કરી શકે છે ? આ વાતને લાલ

પીળું જાંબલી થઈ સળગ્યા કરવાની ક્રિયા દ્વારા હુબહુ પ્રગટ કરી આપે છે.

આ યુગયત વેદનાનો અંત શું ? એનો જવાબ કદાચ મરણજ હોય. પરંતુ મરણપણ અહીં સહજ સાધ્ય ક્યાં છે ? આ વેદના પારાવાર છે જેમાંથી મુક્તિ એ મરણ પણ નથી.

આમ આ રચના દ્વારા કવિ – સર્જક માત્રની અભિવ્યક્ત ન થઈ શકવાની પીડાને સુંદર કલ્પનો દ્વારા અભિવ્યક્ત કરે છે.

—: ૬ :—

હાડકાં પર બરફના થર બાઝે તેવી ઠંડી કાળી રાત
શ્વેત ફૂલેલા શઢ જેવી અનિન્દ્રા
ધક્ ધક્ ધબકતું જવાળામુખીનું મુખ
કરોળિયાના રેશમી જાળામાં ગૂંચવાયેલું
ચંદ્રનું પીળું ફિક્કું અજવાળું
સામેના જંગલમાં
એકમેકની નજીક સરતાં જતાં પાઈન વૃક્ષો
જળને તળિયે સૂતા
લીસ્સા સુંવાળા ગોળમટોળ પથ્થરો પર
વસંતના પ્રથમ પુષ્પ શું ફરફરતું કોક નામ !
કંકુના ચાંલ્લા પર ચોંટેલા
ચોખાના કણ જેવી વેદના
બારીમાં પાંખ પસારીને બેઠેલો
ખેતર પર ફરતા હળનો સુગંધી અવાજ
પેલા બાવળ સાથે પડખાં ઘસતો પવન
વધતું જતું ઘાસ
ઝર ઝર ઝરતું ઝાકળ
તારા વગરનો
તારા શ્વાસોચ્છ્વાસનો લય
ને
ક્ષિતિજોની પેલે પારથી
વાંસવનને પાર કરીને
સામેની ટેકરીઓ પરનો ઢાળ ઊતરીને
મારા ભણી આવતી
કોક અજાણી રહસ્યમય કાવ્યપંક્તિ !

– : ૬ : –

પ્રકૃતિ અંતર્ગત કાવ્ય સ્ફૂરણાની ક્ષણની કવિની સ્થિતિ આમ કાવ્ય પંક્તિના જન્મ પહેલાની વેદના કવિતાનો વિષય જેમાં કંકુના ચાંલ્લા પર ચોટેલા/ચોખાના કણ જેવી વેદના ! નું ઉત્તમ કલ્પન મળે છે. કવિનું આ સુંદર કાવ્ય.

ચાર પરિછેદમાં જુદા જુદા ચાર કલ્પનો અને ત્રીજા અને ચોથા પરિછેદ ને 'ને' સંયોજક થી જોડીને કાવ્ય વક્તવ્ય અપાયું છે. કાવ્ય સ્ફૂરણ માટે અત્યંત મહત્વનો એવો તબક્કો એ અહીં આમ કલ્પાયો છે.....

હાડકાં પર બરફનાં થર બાઝે તેવી ઠંડી કાળી રાત
શ્વેત ફુલેલા શઢ જેવી અનિદ્રા.....

એતો ઠીક પણ આધુનિક કવિઓનો ચંદ્ર કે એની ચાંદનીનો આખો અસબાબ પરંપરા પ્રાપ્ત નથી પણ નવોજ છે જુઓ.....

કરોળિયાના રેશમી જાળામાં ગૂંચવાયેલું
ચંદ્રનું પીળું ફિક્કુ અજવાળું ....

આ ચંદ્રની આવી ચાંદની એ આધુનિકતાવાદી કવિતાનો અસબાબ છે. ચાંદની આમ ફિક્કા પડી ગયેલા ચંદ્રની ભલે હોય પણ છેતો ચાંદનીજ ને એ ચાંદની સાથે સ્મરણમાં આવે છે એક નામ જે જળના તળિયે લીસ્સા સુંવાળા ગોળમટોળ પથ્થરો પર વસંતના પ્રથમ પુષ્પશું ફરફરે છે. આમ પ્રથમ એકલતા – ખાલીપો – રાત્રી અને અનિદ્રા ને એમાં પ્રિયજનનું થઈ આવેલું સ્મરણ એ સ્મરણની સાથેજ કંકુજ કંકુને ચોખાનો પારંપરિક સંદર્ભ – પણ એ નૂતન અર્થ સંદર્ભ સાથે આવ્યો છે એ નોંધીએ.... 'કંકુના ચાંલ્લા પર ચોંટેલા ચોખાના કણજેવી વેદના' – પછીતો પવન પણ બાવળ સાથે પડખા ઘસે – સમય ના વહેવાને ઘાંસના સંદર્ભમાં કવિ સ–રસ મૂકી આપે છે એટલે કે

પ્રિયજનના અભાવમાં સમય ખાસ્સો ચાલ્યો ગયો છે ને આ નિબિડ એકતાનો પથરાટ સમયના પ્રલંબપટ પર પથરાયો દૂર સુદૂર સુધી ચાલ્યોગયેલો એ સમય કે જ્યાંથી હવે એટલેકે ક્ષિતિજ થી હવે આખા વાંસવનને પાર કરીને લીલી ટેકરીઓનો ઢાળ ઉતરીને કવિના પોતાના સુધી પહોંચતી કોક અજાણી અને રહસ્યમય એવી કાવ્યપંક્તિ ! તો આમ જોઈ શકાશે કે અંતહિન એકલતા રાત્રીની નિરવતા બેચેન કરીમુકનારી અનિદ્રા અને પ્રિયજનનો અભાવ કવિને કવિતા ના પ્રદેશમાં લઈ જાય છે, એક રહસ્યમય એવી કવિતાની પ્રતિક્ષા અને અંતે એ કાવ્યરચનાનું આગમન – આવાત અહીં કાવ્યમય રીતે રજૂ થઈ છે.

– : ૭ : –

મધરાત પછી અમદાવાદ

સાવ ઠબી ગયેલું સાબરમતીનું લંગડું પાણી
અર્ધમીંચેલી આંખે કશાક નશામાં
હજીયે ભૂતકાળને ચ્યુંગમની જેમ ચગળતા ઝૂલતા મિનારા
થીજેલા ધુમાડાને કારણે બળતી આંખોને
પરાણે પહોળી કરી રાખીને ઊભેલાં નિયોન લેમ્પ્સ
થીજી ગયેલા આંસુ જેવું કાંકરિયા
કોક જંગલમાં ભાગી જવા માટે
ચોર પગલે સરતાં જતાં રડયા ખડયાં વૃક્ષો
ધરતીમાં સમાઈ જવા ઈચ્છતો યુનિવર્સિટીનો ટાવર
નિંદ્રાને પકડવા મથતી આસ્ફાલ્ટની સડકો
પ્રેતસૃષ્ટિના બિહામણા પડઘાઓથી થરથરતી
વેદનાની ઝીણેરી ભાત જેવી સીદી સૈયદની જાળી
લાલદરવાજે સૂનમૂન પડેલી
વેરણછેરણ ચણોઠીઓ જેવી મ્યુનિસિપાલિટીની બસો
યુદ્ધના થાકથી હજીય કણસતો ભદ્રનો કિલ્લો
ધુમાડા ઓકી ઓકીને
નક્ષત્રોની આખોંનેય ખરાબ કરતા મિલના ભૂંગળાં
(આ ઊંચા ભૂંગળાને ટેકે જ શું
ઊભું હશે પડું થતું જર્જરિત આકાશ ?)
એકમેકને ચપોચપ ચોંટીને ખુલ્લી આંખે સૂતાં
ને ચપટી શ્વાસ માટે ફાંફા મારતાં ખાડિયાનાં દમિયલ મકાનો
ભીષણ યુદ્ધ ખેલ્યા પછી થાકીને લોથપોથ થઈ ગયેલા
બહુમુખા રાક્ષસ જેવું આ
લઘરવઘર નગર;
જે ઢગલો થઈને પડયું છે કણસતું
અર્ધનિંદ્રામાં, અર્ધસ્વપ્નમાં !

– : ૭ : –

મધરાત પછી અમદાવાદ

નગર વિષયક કાવ્યોમાં ઘણી બધી રીતે વિશિષ્ટ આ રચના અમદાવાદને બહુમુખા રાક્ષસ જેવું લઘર વઘર કહ્યાં પછી કવિ કલ્પન અતીત– સાંપ્રતમાં આવ જા કરતું રહે છે ને પ્રેતસૃષ્ટિના બિહામણા પડઘાઓથી થરથરતી / વેદનાની ઝીણેરી ભાત જેવી સીદી સૈયદની જાળી/જેવું ઉત્તમ કલ્પન ભાવકને સંપડાવે છે. અહીં વેદનાની મીઠેરીભાતની ઉપમા કવિ સુંદર રીતે વણે છે મધરાતે થાકેલું, કણસતું આ નગર આ રચનામાં ઉત્તમ રીતે જીલાયું છે.

આ નગર વિષયક અછાંદસ રચના નો બાંધો નગરનીજેમ લઘરવઘર નથી એવી સુખદ પ્રતીતિ આ કાવ્ય બરાબર કરાવે છે. આ કાવ્યમાનું સંવેદન એક રીતે ક્યાંય પણ કાપકર્યાવિના સાદ્યંત આવે છે. આ એની બીજી સિદ્ધિ છે. નહીં તો વિચારના ટૂકડાં અહીં તહીં વેરાયેલા પડયાં હોય જેનું કવિતા સાથે સંયોજન ન થતું હોય એવા અનેક ઉદાહરણો આ કવિની પણ અન્યત્ર રચના જોવા મળે છે. પરંતુ આ કાવ્ય એમાંથી બચી ગયું છે. કાવ્ય વક્તવ્ય અમદાવાદ શહેર વિશેનું છે એમાંયે મધ્યરાત્રી પછીના અમદાવાદનું એમાના ચિત્રો કવિકલમે જે રીતે ઝડપ્યા છે એ આસ્વાદવા જેવા ચોક્કસ છે. આ નગરની ઓળખ સાબરમતી નદી છે જે અહીં ઠીંગરાયેલીને લંગડુ થઈ ગયેલું પાણી, ભૂતકાળને ચ્યુંગમની જેને ચગળતા ઝૂલતા મિનારા જ્યાં દિનરાત ધૂમાડાનું સામ્રાજય છે જે ધૂમાડા થીજેલા છે, થીજીગયેલા આંસુ જેવું કાંકરિયા, નગરની ભીંસમાં લોથ પોથ થયેલી પ્રકૃતિ સમા વૃક્ષો ઉંચો ટાવર એ નગર ની આઈડેન્ટીટી હોય જે અહીં ધરતીમાં સમાઈ જવા ઈચ્છે છે, દૂર સુદૂર જતી આ આસ્ફાલ્ટની સડકો ઊંઘ શોધે છે, સીદી સૈયદની જાળીની એકલતા અહીં પ્રેતના બિહામણા પડઘાઓથી થરથરે ! અને ભવ્ય ઈતિહાસનો સંદર્ભ અહીં વાસ્તવ – સાંપ્રતની કરૂણ દશા સાથે પ્રગટે છે જેમકે.... યુદ્ધ ના થાકથી

હજીય કણસતો ભદ્રનો કિલ્લો ! સુંદર કલ્પન છે. પ્રદૂષણની સંપતિજ હવે રહી જવા પામી છે એવા નક્ષત્રોની પણ આંખો ખરાબ કરતાં મીલના ભૂંગળા કે જે કવિને તો લાગે કે એના આધારેજ આકાશ ટકી રહ્યું છે ! એક વિસ્તાર વિશેષ મકાન કે જે દમિયલનેપડવાની જ તૈયારી કરી રહ્યાં છે! જાણે કે ભીષણ યુદ્ધ ખેલ્યા પછી થાકીને લોથ – પોથ થયેલું અને કવિના વિશેષણ સાથે કહીએતો બહુમુખા રાક્ષસ જેવું આ લઘર – વઘર નગર આ મધરાતે થાકીને પડયું છે ઢગલો થઈ ગયું છે, ને અર્ધનિદ્રા અને અર્ધ સ્વપ્નમાં હજુ કણસે છે !

આ રચના સંવેદન સઘન પણે રજૂ થઈ છે, સાંપ્રત નગરની આ વ્યથા અહીં સંપૂર્ણ પણે ઉતરી આવી છે. એ આ અછાંદસ રચનાની ઉપલબ્ધિ છે.

–:૮:–

રૂપાન્તર

શિશિર નીરવ રાત્રિ પાસે હું
ઝાકળની ભાષા શીખવા ગેયેલો
પણ સવાર પડતાં જ કોણ જાણે કેમ
મારું રૂપાંતર થઈ ગયું ધુમ્મસમાં !

આખીય રાત ફ્રિઝમાં મૂકાયા પછી
સવારે બહાર કાઢેલા સૂર્ય પાસે હું
ઉષ્માનો અર્થ પૂછવા ગયેલો
પણ કોણ જાણે કેમ
મારું રૂપાન્તર થઈ ગયું હિમકણીઓમાં !

સમુદ્રમંથન થઈ ગયા પછી
સમુદ્રની ખારાશને હું
કશાક સહસ્ય વિષે પૂછું તે પહેલા તો
મારું રૂપાંન્તર થઈ ગયું બળબળતા રણમાં !
તેમ છતાં મેં
ઈશ્વરને પૂછ્યું –'હોવું એટલે શું ?'
ને કોને ખબર
મારું શેમાં શેમાં થતું રૂપાન્તર ?

રાત્રિ, ધુમ્મસ, સૂર્ય, હિમ, સમુદ્ર, રણ, ઈશ્વર....
બધું જ એકી સાથે સતત ધુમરાયા કરે છે મારી ભીતર
ને હું પૂછું છું મારી જાતને –
'જીવવું એટલે શું ?'
ને ત્યાં જ મારું રૂપાન્તર થઈ જાય છે
નિઃશબ્દ કવિતામાં !

– : ૮ : –

રૂપાન્તર

કવિનું રૂપાંતર એકમાંથી બીજી સ્થિતિમાં રૂપાંતરની પ્રક્રિયા રાત્રિમાંથી ધુમ્મસ પછી સૂર્ય, હિમ, સમુદ્ર, રણ, ઈશ્વર આ રીતે ચાલુ રહે ને અંતિમ રૂપાંતર થઈ નિઃશબ્દ કવિતામાં સ્થિર થાય. પ્રકૃતિના તત્વોના અનુભવથી રૂપાન્તર થતાં કવિ અંતે નિઃશબ્દની સ્થિતિમાં સરી પડે એવી ચિત્તની સ્થિતિનું આ રમણીય કાવ્ય.

ચાર પરિછેદના આ કાવ્યમાં કવિ પોતાને વિવિધ અવસ્થામાં રૂપાંતરીત થતા અનુભવે છે. શિશિરની નીરવ રાત્રિપાસે ઝાકળની અથવાતો ઝાકળ સમી કોમળ ભાષા (કવિતાની ?) શીખવા ગયેલા કવિને નિરાશ થવું પડે છે કેમકે પ્રથમ પ્રયાસમાં એનું રૂપાંતર ધુમ્મસમાં થયું.

બીજા પરિછેદમાં શિશિરની વહેલી સવારનાં સૂર્યનું કલ્પન સુંદર છે. જુઓ.... આખીય રાત ફ્રિજમાં મૂકાયા પછી સવારે બહાર કાઢેલા સૂર્ય પાસે હું ઉષ્માનો અર્થ પૂછવા ગયો... પરંતુ કવિને પુનઃ નિરાશા મળી બીજા આ પ્રયાસમાં એનું રૂપાન્તર હિમકણીઓમાં થયું.

ત્રિજા પરિચ્છેદમાં સમુદ્રમંથનના રહસ્યને જાણવાની ઈચ્છા સાથે કવિ પુનઃ પ્રવૃત થાય છે. સમુદ્રની ખારાશને જાણવાની ઈચ્છા ની અભિવ્યક્તિ કવિને બાળબળતા રણમાં ફેરવી નાખે ! આ ત્રીજા પ્રયત્નની નિષ્ફળતા આ બળબળતું રણ છે. એ વાત અહીં એક સાથે અનેક કાવ્યોનું તીવ્ર સ્મરણ જગાડે છે. પરંતુ ત્રણ – ત્રણ પ્રયત્નો ની નિષ્ફળતા કવિને સાવ નિરાશ બનાવી શક્તિ નથી એટલેજ તો કદાચ અંતિમ અને કવિના સૌ વિકલ્પો ઓગળી જાય પછી પણ કવિ દ્વારા ને ખાસ કરીને આધુનિક કવિ દ્વારા અચૂક પણે પૂછાતો પ્રશ્ન સળવળી ઉઠે છે એ પ્રશ્નનો ઉતર મેળવવા કવિ અંતિમ પ્રયત્ન કરવા ઉદ્યુક્ત થાય છે.

હવે કવિ ઈશ્વરને પૂછે છે.... હોવું એટલે શું? એના ઉત્તરમાં કવિનું પોતાનુંજ વિવિધ તત્વોમાં વિવિધ સ્થિતિઓમાં રૂપાંતર થતું જાય છે. હવે પોતાનું વિવિધ સ્વરૂપે થયેલું રૂપાંતર એ એકસાથે અનુભવે છે.... રાત્રિ, ધુમ્મસ, સૂર્ય, હિમ, સમુદ્ર, રણ ઈશ્વર આ સૌસાથેનો એમનો મુકાબલો ને પોતે પ્રાપ્ત કરેલી સ્થિતિ એકસામટા સ્મરણમાં.... ને પછી જે પ્રશ્ન હોય છે એ અંતિમ હોય છે ને અંતિમ પ્રશ્નતો જાતનેજ પૂછવાનો હોય..... કવિ પૂછેછે પોતાની જાતને કે..... જીવવું એટલે શું ? – ને કવિનું રૂપાન્તર નિઃશબ્દ કવિતામાં થાય એવી જીવનની સુખદ ક્ષણ સાથે કાવ્યરચના વિરમે છે. સૌ પ્રશ્નોના જવાબ રૂપે નિઃશબ્દ કવિતા એજ કવિનું સાર્થક્ય.

–:૯:–

મારી ભીતર
સુરંગ ફોડું તો કદાચ
લોખંડી હિમાલયો સળવળે.
મારા બેય ખભા પર ફૂટી નીકળેલા થોર
ઈશ્વરોના લમણામાં જોરથી વીંઝું
તો એમના અવાવરું ભેજામાંથી
કટાયેલા કરોળિયા સળવળતા બહાર નીકળે
ને પતંગિયાનું ટોળું
ફરી પાછું ઊડવા લાગે થીજેલા શબ્દોમાં
ને મેઘધનુંષની હોડી
ફરી પાછી તરવા લાગે જરઠ વાગેશ્વરીમાં.
આમ વિચારતો હું
ગ્રીષ્મના સૂરજને આશ્લેષમાં લઈ કચડી નાખું છું
સૂરજ ઓગળી જાય છે
છતાંય મારામાં
નથી પ્રગટતું ઉષ્માનું એક ટપકું ય !
છેવટે
શિશુ સ્લેટમાંથી આંક ભૂસે એમ
ભૂંસી નાંખુ છું બધીય નદીઓ અને પર્વતોને.
એક તાડનું વૃક્ષ હાથમાં લઈ
તોડી ફોડી નાખું છું નક્ષત્રોના ઝુમ્મરોને.
બ્રહ્માની દૂંટીમાંથી ઉદ્‌ભવેલા કમળને
મૂળસોતું
કુળસોતું ઉખાડીને ફેંકી દઉં છું સૃષ્ટિની બહાર
ને બોગદામાંથી પસાર થતી ટ્રેનની જેમ
પસાર થઈ જઉં છું બ્રહ્માના પેટમાં કાણું પાડીને
પણ.... પણ.... છતાંય....

– : ૯ : –

અસ્તિત્વની શોધ આ રચનાનો વિષય, કવિ બ્રહ્માના પેટમાં કાણું પાડીને પસાર થઈ જાય છે પણ..... પણ..... તેમ છતાય તેને ખોવાયેલું અસ્તિત્વ પુનઃ લાધતું નથી, આ કાવ્યમાં – ગ્રીષ્મનાં સૂરજને આશ્લેષમાં લઈ કચડી નાખવો કે તાડના વૃક્ષથી નક્ષત્રોના ઝૂમ્મરોને તોડી નાખવા જેવાં આકર્ષક કલ્પનો આ કાવ્યના આકર્ષક ચિત્રો છે.

અહીં અસ્તિત્વની વાત જુદા સંદર્ભે રજૂથઈ છે. અહીં કવિનું સંવેદન બધિર હોવું–ભીતરનો પ્રદેશ 'ફ્રિઝ' થયેલો અનુભવવો એ અસ્તિત્વના ન હોવા બરાબર છે. એટલે એક સર્જક માટે આસ્થિતિજ અસ્તિત્વના અભાવની સ્થિતિ છે. આમ સંવેદનહીનતા ને તોડવાના ફોડવાના કવિના કાવ્યમય પ્રયાસો એ આરચનાનો વિસ્તાર છે. બે ખંડોમાં વિભક્ત આ રચના 'છેવટે' જેવા સંયોજકથી જોડાઈ છે.

પ્રથમ રચનાનો પૂર્વખંડ તપાસીએ..... ભીતર બધુ સંવેદન શૂન્ય છે. એ વાતની પ્રતીતિથી કાવ્યારંભ થાય છે. કે..... મારી ભીતર સુરંગ ફોડુ તો કદાચ લોખંડી હિમાલયો સળવળે, ખભાપર ફૂટી નીકળેલા થોર દ્વારા તેનું નાસ્તિક વચન ઈશ્વરની પાસે અવાવરું ભેજું છે. એ અર્થ સુધી પહોંચે કે જ્યાંથી કટાયેલા કરોળિયા સળવળતા બહાર આવવા દ્વારા શ્રદ્ધાનો સૂર સંભળાવે. – ઈશ્વરના ભેજામાંથી પતંગિયાનું ટોળું પુનઃ બહાર આવેની પ્રતીક્ષા અહીં પ્રગટ થાય છે, જે પતંગિયાનું ટોળુજ થીજેલા શબ્દોને અને જરઠ વાગેશ્વરીને લવચિક બનાવી શકે, ને એમ કરવા માટે ગ્રીષ્મના સળગતા સૂર્યને પણ બાથમાં લઈ કચડી નાખવાનો ઉદ્યમ કવિ કરે છે કદાચ એથી જરઠ વાગીશ્વરીને થીજેલા શબ્દો પુનઃ પતંગિયાનું રૂપ ધરે ! ભાષાની આડોડાઈ પણ અહીં સૂપેરે વ્યક્ત થાય છે. પરંતુ આ બધુ છતાં પરિણામ નિષ્ફળતા ! ઉષ્માનું એક ટપકુંય નથી, પ્રગટતું.

'છેવેટે' ના સંયોજક પછીથી ઉતરખંડ માંના કવિના પ્રયાસો બાળ સહજ પણે આરંભાય છે. હવે સર્જક જ્યાંથી સ્ફુરણ મેળવે એ પ્રકૃતિના તત્વો નેજ જાકારો આપી દે છે. શિશુ સ્લેટમાંથી આંક ભૂંસે એમ નદીઓ પર્વતોને ભૂંસી નાખે છે. નક્ષત્રો પણ નો કવિને આકર્ષતા હોય તો એને પણ હવે રહેવા નથી દેવા બ્રહ્માની નાભિએ આ સૃષ્ટિનો આવિશ્કાર છે આ આખી સૃષ્ટિ સંવેદન શૂન્ય – લયશૂન્ય થઈ ગયાનો અનુભવ – બ્રહ્મા સુધીની યાત્રા કરાવી આપે છે છતાં જે મન – ચિત સંવેદન શૂન્ય થયું છે, ભીતર મરુભૂમિ થયું છે એ સ્થિતિમાં કશો પણ ફેરફાર થતો નથી આ વેદના આ કાવ્યને વિશિષ્ટ આયામ આપે છે, કાવ્ય પ્રગટવાની ક્ષણતો દૂરની વાત પરંતુ અસ્તિત્વનું અનિવાર્ય એવું પાસું 'સંવેદનશીલતા' એજ અહીં અનુપસ્થિત છે જે કવિને પીડે છે.

-:૧૦:-

લોહી

કિનારે માછીમાર
જાળ ખેંચી રહ્યો હતો ત્યારે
દરિયો
મોજાંને લંબાવીને
પ્રયત્નો કરતો હતો માછલીઓને બચાવવા
પણ છેવટે માછીમાર ખેંચી ગયો જાળને.
અને દરિયાએ લંબાવેલું મોજું
હીબકાં ભરતું
ઢળી પડયું કિનારાની રેતના ખોળામાં;
લોહીલુહાણ...
ο
શિકારીએ
ઊડતા પંખીની આંખને વીંધી નાખી ત્યાં જ
સૂરજ ચીસ પાડી ઊઠયો
હવે મને કશું જ દેખાતું નથી !
ને આખુંય આકાશ
લોહીનું ખાબોચિયું...
ο
સૂરજને તેમજ દરિયાને હવે
ચડાવવા પડશે લોહીના બાટલા.
ત્યાંજ બધીય નદીઓ અને પર્વતો બોલી ઊઠયાં;
દરિયાનું અને અમારું લોહી
એક જ ગ્રુપનું છે, જલ્દી કરો
બધા જ ગુલમહોર અને સૂરજમુખી બોલી ઊઠયાં;
સૂરજનું અને અમારું લોહી
એક જ ગ્રુપ છે, જલ્દી કરો.

– :૧૦ : –
લોહી

માણસ દ્વારા વેરવિખેર થયેલી પૃથ્વીને પ્રકૃતિને બચાવાના પ્રયત્નો પ્રકૃતિના જ અન્યતત્વો કરે તેવા સુચારુ કલ્પનનું આ કાવ્ય. અહીં આધુનિક કવિના ચિત્તને અનુકુળ એવું સૂરજ અને દરિયાને લોહીના બાટલા ચડાવવા પડે – કલ્પન એ આધુનિક કવિને જ સૂઝે. એક અસીમ અને એક ચૈતન્ય આ કાવ્યમાં શક્તિહીન કલ્પાયા છે.

કાવ્યમાં બે સ્વતંત્રખંડોમાં સ્વતંત્ર વાત કરવામાં આવી છે. પ્રથમ ખંડ એ સંપૂર્ણ એકમ છે, એજ રીતે બીજો ખંડ પણ સ્વાયત એવું એકમ રચે છે બન્નેમાં નિહિત અમાનવિયતા એ વર્ણ્ય વિષય છે. ત્રીજો ખંડ એ પહેલા અને બીજા બન્ને અલગ – સ્વતંત્ર ખંડોને એક સાથે પોતાનામાં જોડી આપે છે ને કાવ્ય પરાકાષ્ઠા તરફ જાય છે આ કાવ્યની આ ટેકનીક છે.

પ્રથમ ખંડમાં દરિયા કિનારે દરિયામાં પોતાની જાળ બિછાવીને એમાં માછલી સપડાય એની રાહ જોતો માછીમાર અને અંતે એ જાળમાં ફસાતી માછલીઓને જાળ સમેત ખેંચતો માછીમાર એ એમની મૌન ક્રૂરતા ને તાકે છે, એ સમયે દરિયોજ પોતાના મોજા દ્વારા એ માછલીઓને પોતામાં સંગોપવા પ્રયત્ન કરે છે પરંતુ દરિયાના મોજાને મળેલી નિષ્ફળતા એજ હંમેશની જેમ હિબકા ભરતી કવિ કલ્પે છે. દરિયો માછલી ને ગુમાવવાના દુઃખમાં લોહીલુહાણ થઈને ઢળી પડયો કિનારાની રેતમાં. આમ પ્રકૃતિના એક તત્વનું રક્ષણ પ્રકૃતિ દ્વારાજ કરવાનો એક નિષ્ફળ પ્રયાસ પ્રથમ ખંડમાં નિરૂપાયો છે.

બીજા ખંડમાં એક ઉડતા પંખીની આંખ શિકારીએ વીંધીનાખવાની સાથે જ સૂરજ સૂરજ ચીસ પાડી ઉઠે છે – ને કહે છે કે મને કશુંજ દેખાતું નથી

હવે પછીનું કવિનું કલ્પન જૂઓ..... ને આખુંય આકાશ લોહીનું ખાબોચિયું પક્ષીને ન બચાવી શકવાની સૂરજની વ્યથા એ કાવ્યનો બીજો ખંડ છે. અહીં પણ પ્રકૃતિના એક અંશ ને નુકસાન પહોંચાડવાથી એના અન્ય તત્વને સહેવી પડતી પીડાની વાત થાય છે.

ત્રીજા ખંડમાં ઉપયુક્ત બન્ને ખંડો સાથે એકસાથે અનુસંધાન સાધી કાવ્યને વિકસાવે છે. કવિ પ્રત્યક્ષ થાય છે હવે તે કહે છે.... 'સૂરજને તેમજ દરિયાને હવે ચડાવવા પડશે લોહીના બાટલા.' – એમ કહેતાની સાથેજ પ્રકૃતિના સૌ કોઈ અંશો હાજર થઈ ગયા.... નદીઓ પર્વતો કહી ઉઠયા કે દરિયાનું ને અમારું લોહી એકજ છે જલ્દી કરો. તો ગુલમહોર અને સૂરજમુખી પણ બોલી ઉઠયા... સૂરજનું ને અમારું લોહી એકજ છે..... આમ પ્રકૃતિના તત્વોનો ઉદ્‌ઘોષ પણ એક પ્રાસ અને લયમાં વ્યકત થાય છે. પ્રકૃતિના સર્વે તત્વો વચ્ચે કેવી સંવાદિતા લયધ્ધતા – પ્રાસબધ્ધતા સાધે છે. મનુષ્યના પ્રકૃતિને વિચ્છન્ન કરવાના પ્રયાસો અવિરત ચાલુજ રહેવાના એમાં પીડામાત્ર પકૃતિને વિચ્છિન્ન કરવાના પ્રયાસો અવિરત ચાલુજ રહેવાની એમાં પીડા માત્ર પ્રકૃતિની સાથે કવિને છે. એ ભાવ અહીં પ્રગટ થયો છે.

–:૧૧:–

પછી
એણે કહ્યું –
ના.
અને આકાશમાંથી ધોધમાર લોહી વરસ્યું
પાતાળમાંથી આગના ભડકાઓ ઊઠયા
દરિયાઓ કાણા થયા
ઊંચે ઊંચે ઊડતા બાજની એક પાંખ ખરી પડી
તારાઓએ જોરશોરથી તાળીઓ પાડી
ચંદ્રને લોહીની ઊલટી થઈ ગઈ
અને ગણપતિએ કહ્યું –
ના.

ચકલીની ચાંચ તણખલું લઈને આવી ત્યાંજ
બધાંય વૃક્ષો નાસી ગયાં મુટ્ટીઓ વાળીને.
ફૂલો પાવડર – લિપસ્ટિક લગાવીને તૈયાર થયાં
ને પતંગિયાં ચાલી ગયાં ગામને ઉકરડે
આ જોઈ
માછલીઓ તરવાનું ભૂલી જઈને
બચાવો, બચાવો–ની બૂમો પાડવા લાગી
ને બધીયે હોડીઓ
પાંખો ફફડાવતી ઊડી ગઈ હવામાં;
નસીબના પંખીની જેમ !

ચાડિયાનું ભીનું આમંત્રણ સ્વીકારી
પંખીઓ આવ્યાં ભર્યો ભર્યો મોલ ચણવા
ત્યાંજ લીલોછમ લહેરાતો હિલ્લોળાતો મબલક અઢળક પાક
ચાલ્યો ગયો પાછો ધરતીમાં !

પહાડ પરની અશ્મિઓએ
કંઈ કેટલીયે મૂંગી મૂંગી તેજાબી ચીસો પાડી
છતાં દુષ્યંત રાજાને કંઈ જ યાદ ન આવ્યું
ને દરિયાનું બધુંય પણી
વહી ગયું કશેક.

કાંટાળી વાડે
આટઆટલો ચિત્કાર કર્યો
છતાં મધરાતે ખેતરમાં શેડું પડ્યું
ને ધરતી ચોરાઈ ગઈ
ત્યાંજ આકાશ પણ
ધબાક્ કરતું હેઠું પડ્યું
ને બ્રહ્માએ કહ્યું –
ના.

પછી તો
મારા પગ ઠરીને ઠીકરું થઈ ગયાં
જમણા હાથમાં ઊગી ગયાં જંગલો
ને જંગલોમાં આગ લાગી
ને પછી આંખ, કાન, હાથ, પગ, મોં,
બારી, બારણાં, આંગણું, શેરી, ક્ષિતિજો, નક્ષત્રો
બધું... બધું જ...
બળીને ભસ્મ !
ને મેં તો
ભસ્મના મહાદેવ બનાવ્યા
ને પછી મેં કહ્યું –
હા.

– : ૧૧ : –

કવિની પરમ શ્રદ્ધાનું કાવ્ય – રચના વ્યંગ અને અવળવાણીએ વિકસે છે. જેમ કે પાતાળમાંથી આગના ભડકા ઊઠે, ચકલી તણખલું લઈ આવે તો વૃક્ષો નાસી જાય, ફૂલો પાવડર – લિપસ્ટિક લગાવે, માછલીઓ તરવાની બૂમ પાડે, પંખીઓ મોલ ચરવા આવે તો પાક પુનઃ ધરતીમાં ચાલ્યો જાય, આમ અવળવાણીમાં વિકસતી રચના અંતે ભસ્મના મહાદેવ બનાવાની ક્રિયા 'ના' માંથી 'હા' માં પરિણમે છે જ્યાં કવિની શ્રદ્ધાનો સૂર સંભળાય છે.

પાંચ પરિચ્છેદમાં વિભક્ત આ કાવ્ય ગણપતિ –બ્રહ્મા અને મહાદેવના સંદર્ભે વિકસે છે. આ કાવ્યના આસ્વાદના સ્થાનો એવા છે કે જેનું જે કતૃત્વ છે એ છોડીદઈને અન્ય કર્તવ્યમાં સક્રિય થાય છે. એ સૌ તત્વોની યાદી જોઈએ તો આકાશમાંથી પાણીને બદલે લોહી વરસે, પાણીને બદલે આગના ભડકાઓ ઉઠે, બાજની તિક્ષ્ણ નજરને બદલે એ આંખજ ખરી પડે, ચકલી તણખલું લાવે તો વૃક્ષ નાસી જાય, ફુલો પાવડર – લિપસ્ટિક લગાવે, પતંગિયા ફુલોપાસે જવાને બદલે ગામને ઉકરડે જાય, માછલીઓ તરવાનું ભૂલીજાય, ચાડિયો પોતે પંખીઓને મોલ ચણીજવાનું આમંત્રે, દરિયાનું પાણી ક્યાંક ચાલ્યું જાય, કાંટાળી વાડ ચિત્કાર કરે તોયે છીંડુ પડે, ધરતી ચોરાઈ જાય, આકાશ ધબાક્ કરતું નીચે પડે, જમણા હાથમાં જંગલ ઉગી નિકળે ને એમ લાગે આગ ને એમાં સર્વસ્વ એ આગમાં બળીને ભસ્મ થાય !

આ યાદીમાં જોઈ શકાશે કે અવળ વાણીની રીતિ દ્વારા રચના વિકસી છે.

પ્રથમ પરિચ્છેદમાં કાવ્યારંભે કહેવાયું છે કે..... 'પછી એણે કહ્યું ના. એણે કહ્યું એ સર્વનામ કોના માટે પ્રયોજાયું છે એ અસ્પષ્ટ રહીજતી વાત

પરિચ્છેદના અંતે જતાં ગણપતિ સુધી આવે છે, ને સ્પષ્ટ થાય છે. પ્રકૃતિ એના ક્રમની વિરૂદ્ધ નું કાર્ય કરવા માંડે તોયે શું ? બીજા પરિચ્છેદમા પણ પ્રકૃતિના અંશો એની પોતાની પ્રકૃતિને છોડી દઈ અન્યત્ર ક્રિયાઓ કરે છે. અહીં દુષ્યંતના વિસ્મરણ સ્મરણ કવિ કરાવે છે પણ કવિને એ કોની સાથે જોડવું છે એનું કદાચ એને વિસ્મરણ થયું છે.

ત્રીજા પરિચ્છેદમાં આકાશ ધબાક્ કરતું હેઠું પડયું એવો સંદર્ભ આવે છે, ધરતી ચોરાઈ જાય નું આરૂઢ કલ્પન અહીં મળે છે. ને એણે કહ્યું થી ગણપતિ સુધી લંબાયેલું સંવેદન અહીં બ્રહ્મા સુધી વિકસે છે. પ્રકૃતિ એના મૂળભૂત કાર્યો છોડીને અકલ્પ્ય એવી ક્રિયાઓમાં પ્રવૃત થયાની સાથે હવે કવિમાં પણ એવી અજાણી ઘટનાઓ ઘટે છે જેમાં હાથ પગ ઠીકરું થયાથી લઈને હાથમાં જંગલ ઉગી નિકળે – એ જંગલમાં આગ લાગે જેમાં કવિના પ્રત્યેક અંગો ઉપરાંત સ્થૂળ જગત પણ બળીને ભસ્મ થાય – પણ કવિનો શ્રદ્ધાનોસૂર હવે સક્રિય થાય છે ભસ્મમાંથી નિકળેલા 'ના' નું પરિવર્તન એ રિતે કાવ્યમાં થાય કે મહાદેવ કશુંક બોલે એમ વિચારીએ પહેલાજ કવિની શ્રદ્ધા રણકી ઉઠે કે 'ને પછી મે કહ્યું હા'.

– : ૧૨ : –

ખંડિત સ્તન સાથે
ચાંચ ઘસતું પેલું કબૂતર
મારી છાતીમાં બાકોરું પાડીને નીકળી જાય છે આરપાર.
ને હજાર હજાર શ્વેત પીંછાઓ
ફફડી ઊઠે છે મારા હાડકાંના પોલાણમાં
સાવ
ખૂલ્લાંખમ છે શરીરના બધાય દરવાજા
નાકના વાળ પર
તેમજ ફેફસાંના ઝાંખરાંમાં
હજીયે
ચોંટી રહી છે મોગરાની ગંધ, જળોની જેમ !
પણ
ચામડીની નીચે સૂતાં ચોમાસાં
રણકતાં નથી
કીકીની પછવાડે ખંડેરની જેમ ઊભેલા ઉનાળાને
ફ્રીઝમાં મૂકી શકાતો નથી
ને મૃગજળનો ઘૂઘવાટ
સતત
કોચ્યા કરે છે કાનના પડદાને;
લક્કડખોદની જેમ !
પણ
કોને જાણ હતી કે
અસંખ્ય દીવાઓથી ઝળહળતા કાચના ઝુમ્મર જેવી એ રાત
આમ અચાનક જ તુટી પડશે મારી ખુલ્લી કીકીઓ પર ?
મારી આંખોમાં લબકારા લેતી
તૂટી ગયેલી રાતની ઝીણી કરચોને
ક્યાં સૂરજના પ્રથમ કિરણ વડે કાઢી શકાશે બહાર ?

આમ છતાંય
મારી અધખુલ્લી બારીમાંથી
હળવેકથી પ્રવેશે છે
ક્ષિતિજો પારથી આવતો
હાલરડાનો રેશમી અવાજ !
તપેલી પરથી તાસક ખસેડીએ એમ
કોક આવીને
મારા ઘરની દીવાલો પરથી ખસેડી લે છે છત !
ને આખુંય આકાશ
ઢોળાયા કારે છે મારી આંખોમાં
ને કેસરી ક્ષિતિજરેખા
જળલહરીની જેમ
સરકતી સરકતી આવીને
ધીમેશથી
ગોઠવાઈ જાય છે મારી કીકીના વળાંક પર !
ને પાંપણની ધારેથી
ટપકવા લાગે છે
જરીપુરાણા નક્ષત્રો, ટપક્ ટપ્ ટપક્ !

– : ૧૨ : –

જીવનનો ખાલિપો – અસ્તિત્વનો ખાલીપો કોઈ સભર કરતું નથી આથી કવિની વેદના છે કે અસંખ્ય દીવાઓથી ઝળહળતાં કાચના ઝુમ્મર જેવી આ રાત આમ અચાનક તૂટી પડશે એની ક્યાં ખબર હતી ને હવે તો માત્ર મૃગજળનો ઘૂંઘવાટ બાકી બચ્યો છે. અસીમ આકાશ પણ સાંત્વન પણ આપી શકવા અસમર્થ છે. આધુનિક માનવનો ખાલિપા નો કેન્દ્રસ્થભાવ કાવ્યના કેન્દ્રમાં છે.

ચાર જેટલા અનિયમિત પરિચ્છેદો કાવ્ય વિસ્તાર છે. પુરાણકાળની ખંડિતમૂર્તિના ખંડિતસ્તન સાથે ચાંચ ઘસતું કબુતર કે જે શાંતિનું પ્રતીક છે પણ મૂર્તિ ખંડિત થવાનો સંદર્ભ અશાંતિનો ભાવ સંદર્ભ જગાડે છે. પણ માનવ જીવનની વ્યથાઓ ની નોંધલેતા કવિ સ્વ–વ્યથાઓ વિશે જાગૃત થાય છે. જેમાંથી માત્ર ખાલિપો ટપકે છે ચામડીની નીચે સૂતાં ચોમાસા અને કીકીની પાછળ ખંડેર જેનીપાછળ ઉભેલા ઉનાળા ને ફ્રિઝમાં મૂકી શકાતો નથી ની પીડા અનુભવે છે. સતત જેની સભાનતા રહ્યા કરે છે એછે મૃગજળનોઘૂઘવાટ. દીવાઓથી ઝળહળતા કાચના ઝુમ્મર જેવી રાત પોતાની આંખમાં તૂટી પડતા અનુભવતા કવિ રાતની ઝીણી કરચોને ક્યા સૂરજનું કિરણ બહાર કાઢશે એમ ભૂતકાળે આપેલી વ્યથાઓના સંદર્ભમાં કહે છે.

પછીના પરિચ્છેદમાં બાળપણનું તીવ્ર સ્મરણ કાવ્યને સાવ દૂર્બોધ બનતા અટકાવે છે. અહીં બાળપણ પોતાનું ઘર વગેરેનું સ્મરણ કશુંક કાવ્યમાં સુંદર નિર્માણ કરશે એવું ધારી લઈએ પો પણ અંતે નિરાશજ થવું પડે કેમકે કાવ્યમાં જ્યાં કશુંક કહેવાનું છે એ એકાદ પંક્તિમાંજ કહી દેવાયું છે ને જે કહી દેવાયું છે એ ઝડપથી પકડાઈ ન જાય માટે એ વાક્યની ઉપર અને નીચે ઝડપભેર ગમેતેવા વાક્યો ગોઠવી દેવાયા છે. જેનું અનુસંધાન આગળ કે પાછળ ક્યાંક મળતું ન હોય એવું આ રચનામાં ખુબજ બને છે.

જીવનના ખાલીપાને ચીંધી આપતી આ રચનામાં ખાલિપાનું વિસ્મરણ કરાવેને એ સીવાયનું ભાવક વિચારવા લાગે એ રીતે વિચારોના કટકા ગોઠવાઈ ગયા છે જે રસભંગનું નિમિત બને છે.

ખંડિત જીવનને ખંડિત વ્યક્તિની વાત કહેવા ધારતી રચના પોતેજ અખંડ હોવાને બદલે ખંડિત થઈ છે. ખંડિતતાની વાત પણ અખંડ પણેજ થાય છે એ વાતનું વિસ્મરણ કવિને થયું હોય શકે પરંતુ ભાવક તરીકે આપણને થયું નથી.

કવિની વેદના ખાલીપા માંથી મુક્તિ નમળ્યાની છે. કેટલાય દિવાઓ સભરતાથી ભરીદેવા જોઈએ પરંતુ દીવાઓ પણ એ ન કરી શકે, બાળપણનું સ્મરણ પણ ખાલીપાને દૂર હઠાવી શકતું નથી. ને આસું જ માત્ર બચે છે જે પાંપણની ધારેથી ટપકયાં કરે છે.

– : ૧૩ : –

મારી છાતીમાં ચકરાવા લેતાં
ગીધના ટોળા જોયાં છે તે ?
રહેવા દે,
મારા લોહીમાં
કાગળની શ્વેત હોડીઓ મૂકીશ નહિ
સઢ ખોલી શકાય એટલીયે
જગ્યા રહી નથી હવે આકાશમાં !
દરિયામાંય હવે
ક્યારેય ભરતી તો આવતી જ નથી;
ઓટ જ આવ્યા કરે છે વારંવાર.
કૂવાથંભની ટોચે
ક્યું પક્ષી આવીને બેઠું છે ક્યારનું ?
એની ઝગારા મારતી આંખોની પાછળ
કેટકેટલાં છુપાયા છે રહસ્યો ?
રહેવા દે, કલ્પના;
મારી રેતાળ આંખોમાં
સ્વપ્નોનું પગેરું નહિ જડે
પારધીને કહી દે –
પણછ ખેંચ્યા પછી એ જ સ્થિતિમાં આમ
યુગો સુધી બેસી ન રહેવાય;
એથી તો પંખીઓ ઊડવાનુંય ભૂલી જાય !
અને હજી તો મારેતારા મૌનને ખેડવાનું બાકી છે
હજી તો તારા નામને
પવનના પાતળા પોત પર ગૂંથવાનું છે
પગ પર રેતીનો ઢગલો કરીને ઘર બાંધવાનું છે
હજી તો આપણા નામ વચ્ચે પુલ બાંધવાનો છે
ભીંતરમાં સળવળતા

શબ્દોની બિડાયેલી પાંપણો ખૂલવાનો અવાજ
સાંભળવાનો છે
સ્વપ્નોની આજુબાજુ
આમ થોરની વાડ ન રચાય
પણ તને તો
ક્યાંથી ખબર હોય મારા આ શૂન્યનગરના વૈભવની ?
મારા લોહીમાં ફરતાં ફરતાં
થાકીને પડી ગયેલા સૂર્યના સાતેય આશ્વોની ?
ક્યાંથી જાણ હોય તને
મારા હ્યદયમાં રોજ રોજ જાગતા
ને શિરાએ શિરાને
મૂળમાંથી ઉખેડી ઉખેડીને, ચૂસી ચૂસીને
દૂર દૂર ફંગોળી દેતા ચક્રવાતની ?
ગુલમ્હોર પણ
રાખ બની ખરી જાય
તેવો તાપ પડે છે મારા નગરમાં
સળગતો ભડકોય થીજી જાય
તેવી ટાઢ પડે છે મારા નગરમાં
સુકું પાંદડું તો ઠીક,
પંખીની પાંપણ પણ ખરી પડે
તેવી પાનખર બેઠી છે મારા નગરમાં
પણ તને એમ હશે કે
કદાચ પથ્થર બની ગયલાં આદિમ સ્વપ્નો
કોઈ રામના ચરણસ્પર્શથી સજીવન થઈને
ફરી પાછાં ચળકશે તારા આકાશમાં !
ના, હું તારી શ્રદ્ધાનો ઉપહાસ નથી કરતો
કદાચ આ ઝંઝાવાત

દરિયાદેવના ચરણ પાસે
ફૂલ થઈને ઢળી પણ જાય
કદાચ પળિયાઓની ઉઘાડી તલવારો
આપણા નગરનું રક્ષણ કરી પણ શકે
કદાચ મગરના જડબામાં જકડાયેલાં આપણાં સ્વપ્નોનો
ગજેન્દ્રની જેમ મોક્ષ થાય પણ ખરો
કદાચ કોઈ આદિમંત્ર ઉચ્ચાર માત્રથી
પિરામિડોના પેટાળમાં પડેલાં શમણાં
હરણાં બનીને દોડેય ખરાં
કદાચ કોઈ ચોમાસાની સવારે
કરમાતા જતા શ્વાસ ખીલી પણ ઊઠે
ને મારા લોહીમાં ફર્યા કરતાં શ્વેત શબ્દો
મોગરાનાં ફૂલ થઈ મ્હોરી પણ ઉઠે
આમ
રડવા ન બેસાય, કલ્પના;
અહીં આવ, મારી પાસે
લાવ તારો હાથ મારા હાથમાં
કદાચ
આપણી હથેળીઓ વચ્ચેથી
કોઈ સૂરજ પ્રગટે પણ ખરો.

– : ૧૩ : –

આ કાવ્યમાં કલ્પના – સ્ફુરણાની સમાંતરે મૃત્યુની વાત મુખ્ય વક્તવ્ય રૂપે છે. બે દીર્ઘ ખંડો માં કાવ્ય વિભક્ત છે. કાવ્યારંભે ગીધના પ્રતીક દ્વારા મૃત્યુનુંસુચન થાય છે કાવ્ય રચના સતત વિકસે છે સાથે મૃત્યુ ના મુખમાં પહોંચી ગયેલો નાયક હજુ પણ ઉતમ કાવ્ય સ્ફુરણની રાહ જોઈ રહ્યો છે, કલ્પના સ્ફુરણા આવીતો છે, પણ મૃત્યુ ના દર્શનને નાયકને ઘેરી લીધો છે. જુઓ.... 'કુવાથંભની ટોચે / ક્યું પક્ષી આવીને બેઠું છે રહસ્યો ? / રહેવા દે કલ્પના / મારી રેતાળ આંખોમાં સ્વપ્નનું પગેરું નહિ જડે / આમ કલ્પના સાથેનો – સ્ફુરણા સાથેનો સંવાદ મૃત્યુની ધાર પર પહોંચેલા કાવ્યનાયક નો સંવાદ અહીં વર્ણ્ય વિષય થયો છે અહિં કલ્પનાને કહે છે કે આપણા સ્વપ્નોનું પગેરુ નહી જડે કેમકે – આગળપર કહેવાયું છે કે આપણા સ્વપ્નો મગરમચ્છના જડબામાં કેદ છે – ત્યાંથી છૂટી શકાય એમજ નથી. નાયકની કલ્પના ને કેવા કેવા લાડ લડાવવા છે – જુઓ...... હજીતો મારે તારા મૌનને ખેડવાનું બાકી છે / હજીતો તારા મનને / પવનના પાતળા પોત પર ગૂંથવાનું છે / વળી કહે..... ભીતરમાં સળવળતા શબ્દોની પાંપણો ખૂલવાનો અવાજ સાંભળવાનો છે. આમ ભીતરના શબ્દો હજુ આવવાના છે જે બાકી છે હજુ પણ ત્યાં તો ઘૂવડની ચમકતી આંખો ! વાત બધી અધુરી રહી જવાની છે કેમકે નાયકનું ભીતર નગર કે જ્યાં પંખીની પાંખ ખરી પડે એવી પાનખર આવી ગઈ છે. પરંતુ કલ્પના કે સ્ફૂરણા ને હજુ કાવ્યનાયક પર વિશ્વાસ છે કે એ એના દ્વારા પ્રગટ થઈ શકે આથી કવિ કહે છે એને કે..... તને એમ હશે કે / કદાચ પથ્થર બની ગયેલા આદિમ સ્વપ્નો / કોઈ રામના ચરણ સ્પર્શથી સજીવ થઈને / ફરી પાછા ચળકશે તારા આકાશમાં ! હા, કલ્પનાને તો એમજ છે કે.... નાયકના લોહીમાં ફર્યાકરતા શ્વેત શબ્દો / મોગરાના ફૂલ થઈ મ્હોંરી પણ ઉઠે !

કવિનો આ સ્ફૂરણ સાથેનો સંવાદ મૃત્યુના કરાલ દર્શન ના સામીપ્યમાં

થાય છે – એકી શ્વાસે ચાલતો આ સંવાદ 'મોનોલોગ' રૂપે પ્રગટે છે. – જેવાં શ્વાસના – ચડાવ – ઉતાર આરચનાને વિશિષ્ટ આરોહ – અવરોહ બક્ષે છે. કલ્પનાને પોતાને પોતાનું સ્થાન (કવિ હૃદયમાં) જોખમાંતુતો લાગે પણ કવિ અને કલ્પનાનું જે અદ્વૈત હોય છે એનું હવે અદ્વૈતમાંથી દ્વૈત થવાનું છે એ વિચારતા ખુદ કલ્પના ભાંગી પડી છે. આ સ્થિતિમાં કાવ્યનાયક ની ઉક્તિઓ જુઓ.... આમ / રડવાન બેસાય, કલ્પના; / અહીં આવ મારી પાસે / લાવ તારો હાથ મારા હાથમાં / કદાચ / આપણી હથેળીઓ વચ્ચેથી / કોઈ સૂરજ પ્રગટે ખરો / ..... નાયકના અંતિમ ઉદ્ગારોમાં શ્રદ્ધા હજુ ક્યાંક એનામાં જીવીરહી છે એની પ્રતીતિ કરાવે છે. સૂરજ – આશાનું ચેતનાનું પ્રતીક છે જે આશા – સંચાર કે ચેતના કલ્પના અને કવિ જો એકમય થાય તો કદાચ પુનઃ જીવન પ્રાપ્ત થાય.

આમ આ રચનામાં પણ કલ્પનાએ કાવ્યકલ્પન અને કાવ્યનાયિકા એમ બે રૂપોમાં પણ આવજા કરતી અનુભવાય જ્યારે તેની સામે નાયક મૃત્યુની સમીપ પહોંચ્યાંનું તીવ્રભાન વાચકને કરાવે છે. આ અછાંદસ રચનામાં કવિ અને કલ્પના વચ્ચેનો સંવાદ રચનાને વિશિષ્ટ ઘાટ આપે છે.

– : ૧૪ : –

ગમે તેટલો પવન ફૂંકાય
સોનપરીનો વાળ ફરફરતો નથી
નદીના ધસમસતા વહેણમાં
સૂકું પાંદડુંય તણાંતુ નથી
પણ...
          ઢીંગલીને પાંખો તો ફૂટેલી
રાજકુમારનો રથ ખેંચાતા
ઘોડાઓના ડાબલાનો અવાજ
તો મેંય સાંભળેલો
ત્યાં જ કોક
ધબાક્ કરતું દરિયામાં પડયું
ને સાંકળ ખેંચવા છતાંય
ગાડી તો ન જ થોભી
એકાદ ક્ષણ માટે
આંખ મીંચીને ખોલી
તો આકાશમાં સૂરજ નહિ !
હથેળીમાં એકેય રેખા નહિ !
આંખમાં કીકી નહિ !
ને મારી આજુબાજુ
મારી ફરતે
ગોળ ગોળ ફર્યા કરતાં તાડનાં વૃક્ષો.
મારા એકાન્તને
રાતુંચટક કરી દે તેવા
ગુલમહોર ક્યાં ગયા ?
ક્યાં ચાલી ગયું
મારી શિરાઓમાંનું લોહી ?
કેમ આમ

સ્તબ્ધ થઈ ગયો છે યમદૂત ?
બારસાખે મેં જ લટકાવ્યાં છે મારા હાડપિંજરો.
ચાલ્યો આવ સડસડાટ.
ડરીશ નહિ,
શંકરનું તાંડવનૃત્ય તો ક્યારનુંય પતી ગયું.
ભડકીશ નહિ,
મારી મંત્રશક્તિ તો
ક્યારનીય હોમી દીધી યજ્ઞકુંડમાં.
વર્ષાના પ્રથમ બુંદને ઝીલવા જેટલો
અગ્નિ પણ નથી રહ્યો મારા ખોબામાં.
છતાં કલ્પના,
હજીય મને પ્રશ્ન થાય છે
કે આકાશમાંથી
એકાદ તારો ખરતો હોય ત્યારે
બીજા તારાઓ
એટલી જ સાહજિકતાથી ચળકી શકે ?
પીછું ખરી ગયા પછી
આકાશની શૂન્યતા વધી જાય ?
ગટરમાંથી વહી જતા પાણીને
આવતું હશે ક્યારેક
સ્વચ્છ નિર્મળ વહેતા ઝરણાનું સ્વપ્ન ?
કિનારાના ખડકોને
વારંવાર આલિંગતા મોજાંઓ
શું પામવાની કરતા હશે મથામણ ?
? ? ? ? ? ? ?
આ બધાં પ્રશ્નાર્થચિહ્નો
પોતાના આંકડામાં મારા ગળાને ભરાવીને
ક્યાં તાણી જતા હશે ? ?
ક્યાં ? ? ?

–:૧૪:–

કવિના નિબિડ એકાંત નું આ કાવ્ય છે. જ્યાં સંદર્ભોનો કોલાઝ રચાયો છે. એક સાથે અનેક સંદર્ભો કવિચિતમાં ઘુમરાય રહ્યા છે ને રચનાની આખી ભાત એ રીતે રચાય છે. શરૂઆતની બે વિરોધી ક્રિયાઓથી રચનાનો ઉઘાડ થાય છે. જેમકે પવન ફૂંકાય પણ સોનપરીનો વાળ પણ ફરફરે નહી, ને નદીનો ધસમસતો પ્રવાહ છે છતાં સૂંકું પાંદડુયે તણાતું નથી (કલ્પન સતેજ છે પણ શબ્દ નથી મળતો કે શું?) આમ શરૂઆતના આ ચિત્ર પછીથી એમાં કોલાઝના વિવિધ મિશ્રણો શરૂ થવા લાગે છે ને રચના એમ વિકસતી જાય છે. નાયકના અસંપ્રજ્ઞાત ચિતમાંથી વિવિધ તૂટક કલ્પનો –સ્મૃતિઓ રૂપે આવે છે જૂઓ.... ઢીંગલીને પાંખો તો ફૂટેલી / રાજકુમારનો રથ ખેંચાતા ઘોડાઓના ડાબલાઓનો અવાજ / તો મેંય સાભળેલો / ત્યાંજ કોક ધબાક્ કરતું દરિયામાં પડયું / ને સાંકળ ખેંચવા છતાંય / ગાડી તો નજ થોભી / અહિં આ પંક્તિઓને આગળ પાછળની પંક્તિઓ સાથે મેળ બેસતો નથી – સંદર્ભાતી નથી છતાં અહિં કવિચિતની દશાનું એ પરિણામ છે એ સમજતા વાર લાગતી નથી. રચનાનો એક ભાવખંડ અહીં અટકે છે.

મનોભાવનો થોડો બદલાવ કવિને એક ક્ષણ માટે વાસ્તવમાં પુનઃ લઈ આવે છે હવે કવિ કે (કાવ્યનાયક) અનુભવે કે આંખ મીંચીને ખોલી તો.... આકાશમાં સૂરજ નહીં / હથેળીમાં એકેય રેખા નહીં / આંખમાં કીકી નહિ / આમ એકાન્તમય થયેલો નાયક બહારના જગતને અનુભવતોજ બંધ થઈ જાય કેટલીક ક્ષણો પૂરતો. અરે પોતાનીજ હથેળીમાંની રેખાઓ જોઈ ન શકે ! પણ એકાંત ને રાતું ચટક કરી દે એવા ગુલમહોર ક્યાં છે ? નો પ્રશ્ન આ એકાન્તની સાથે પ્રણયનો એક આયામા ઉમેરી દે છે ! જીવનને ચલાવનાર લોહીજ નથી (એજતો પેલી કલ્પના નઈ ?) સાથે મૃત્યુનું પણ એકાદ ક્ષણમાટે દર્શન ....જુઓ આ કોલાઝ ના રંગો..... પ્રથમ અચેતન એવું એકાન્ત પછી બાળવાતાનો સંસ્કાર પછી વાસ્તવની

એક ક્ષણ પછી મૃત્યુનો સંદર્ભ પછી કલ્પના...... આમ કવિના અચેતનમાંની સામગ્રી અહીં જુદી જુદી રીતે આવેને એક નવીજ ભાત રચતી જાય છે.

કવિ આવા નિબિડ એકાન્તમાં હવે કલ્પના (સ્ફૂરણા અને પ્રિયા) સાથે સંવાદ સાધે છે પોતાનામાંનું સર્વસ્વ હણાઈ ગયું છે છતાં પ્રશ્નો તો થાય છે એમને એ સૌ પ્રશ્નો એકીશ્વાસે કલ્પના સમક્ષ રજૂ કરે છે.... એક તારો ખરે ત્યારે બીજા તારાઓ એટલીજ સાહજિકતાથી કેમ ચળકી શકે ?, ગટરના પાણીને નિર્મળ ઝરણું બની વહેવાનું સ્વપ્ન આવતું હશે ? કિનારાના ખડકોને મોજાઓ શા માટે આલિંગતા હશે ? પરંતુ કલ્પના પાસે પણ એનો જવાબ નથી કેમકે એ સૌ પ્રશ્નો કાવ્ય નાયકને ગુંગળાવી રહ્યાં છે ! પણ પ્રશ્નો એ જગ્યાએ જ પૂછાયા છે જ્યાંથી જ કવિને એકવખત જવાબ મળવાનો છે.

અહિં કવિચિતમાંથી ઉઠતી આ સૌવેદનાઓ એના એકાન્ત ને વધુ ગાઢ ને ઘેરું બનાવે છે. કલ્પનની આ ભૂમિજ એકવાર એક સુંદર રચના આપણને પ્રાપ્ત કરાવશે એમ કહીએ.

–:૧૫:–

પીપળો

મારી કવિતા જેટલો જ
પવિત્ર છે પીપળો.

રોજ
પીપળાની પ્રદક્ષિણા કરી
જળ ચઢાવી
બે હાથ જોડીને કહું છું –
મારે કંઈ જ નથી જોઈતું !
ને ત્યાં જ
પીપળા પરથી
મારા ખોબામાં પડે છે
એક લીલું પાન
ને એની નસોમાંથી
વહેવા લાગે છે લોહીની ધાર.
એ પાન પર
મારા હૃદયને મૂકી
એને વહેતું મૂકી દઉં છું નદીના જળમાં.

ભલે આકાશમાં રહો
પણ ક્યારેક
આકાશ ખૂટી જાય
કે તૂટી જાય ત્યારે
આ પીપળાની ડાળ પર આવજો;
પીપળાનું પાને પાન
તત્પર છે તમારા ઘા રૂઝવવા માટે.

પીપળો તો
કાળમીંઢ ખડક ફાડીનેય ઊગે
ને કલ્પના,
તમારો ઉંબરો તોડીનેય ઊગે
ને છત ફોડીનેય જાય આકાશ ભણી.
પીપળો એટલે
ગમે ત્યારે ફાટી નીકળનારો
લીલોછમ જવાળામુખી.

યાદ રાખજો,
ક્યારેય પીપળો કાપવાની હિંમત કરી
તો તેના પર રહેતાં અસંખ્ય પ્રેતો વળગશે તમને
પછી તો
પર્વતો થર થર કાંપશે
આકાશ પણ
સૂર્યને ધક્કો મારીને કાઢી મૂકશે
દરિયાના મોજાંઓ મછલીઓને ઊંચકી ઊંચકીને
પાણીની બહાર ફેંકી દેશે
ખુદ હલેસાં જ
હોડીના પાટિયે પાટિયાને તોડી નાખશે
દીવાને બુઝવવા આવેલો પવન
સળગી ઊઠશે, ચીસાચીસ કરી મૂકશે
ત્યારે પીપળો જ
પોતાનાં ભર્યાં ભર્યાં પાંદડામાં સમાવીને
દરેકે દરેકને શરણ આપશે.
હું તો રોજ
મારી લાગણીઓને
પીપળે જઈ ચઢાવી દઉં છું.

દેખાય છે તને ?
પાકી ઈંટોથી ચણેલી
મારી હથેળી ફાડીને ઊગી ગયેલો પીપળો ?
નથી ઊંચકાતા હવે
ખભા પર લટકતા મારા બે હાથ.
મારા હાથનું વધતું જતું વજન
કળાય છે તને ?
પીપળાનેય
પાંદડાંની લીલપનો
લાગતો હશે ભાર ?

ક્યારેક
આકાશ જ પંખીઓને કેદ કરે ત્યારે –
પવનની પાંખ તૂટી જાય
નિશિગંધા
છાતીએ ઓશીકું દાબી ઝૂર્યા કરે
સૂર્ય સાતેય અશ્વોને ખીલે બાંધીને
ચૂપચાપ ચાલ્યો જાય પાતાળમાં.
પાળિયાઓ પણ
પોતાની તલવારો મ્યાન કરીને
સંતાઈ જાય કોક અંધારી ગુફાના ખૂણે
પણ
કોઈનીય હિંમત ચાલે નહીં –
પંખીઓને મુક્ત કરવાની
ત્યારે પીપળો
પોતાનાં પાંદડાની અણીથી
આકાશને ઊભું ને ઊભું ચીરી નાંખે !

પીપળાના પાનમાં ઊપસેલી
જીવંત નસોમાં ધબકતી વેદનાનું પિંપૂડું બનાવીને
શરણાઈની જેમ જ વગાડી શકાય
ને મહાદેવના મંદિરમાંના
પિત્તળના નાગને ય ડોલાવી શકાય
સોનપરીને પીપળાના પાન પર હીંચોળી શકાય
તડકાના ટુકડાઓ કરીને
પીપળાના પાંદડે લટકાવી શકાય
કીડીબાઈ કે સોનબાઈ પાણીમાં ડૂબતાં હોય તો
એકાદ પાંદડું નાંખી એમને બચાવી શકાય.
પીપળાના પાન પર બેસીને
સાત સાત દરિયાઓ તરી શકાય
વહેલી પરોઢે
પાંદડા પર આવેને ચૂપચાપ બેઠેલાં ઝાકળબુંદોને
વીણીવીણીને
ખાલી છીપલાંઓ ભરી શકાય
ચાંદનીની ચળકતી ધારાને પાંદડે પાંદડે ઝીલી શકાય
કે અમાસના અંધકારને
પાંદડે પાંદડાની શિરાઓ વડે
ચૂસી ચૂસીને
છેક મૂળિયાં સુધી લઈ જઈ શકાય.
સંભવ છે કે દરિયામાં ગયા પછી પણ
નદીને પાછું બહાર નીકળીને
જવું હોય રણ ભણી
ને સાંભળવા હોય લાહ્ય રેતીના ધબકારા
ને અફાટ રણને ભીંજવી નાખ્યા બાદ
રસ્તે આવતાં ઘાસનાં મેદાનોને એક જ કૂદકે વટાવીને
ઢળી પડવું હોય પીપળાના ચરણમાં.

શિખરે આવેલી
શિલા પર મારું સૂકું અશ્રુબુંદ પડે તો
તોતિંગ શિલા ય ગબડી પડે એના ભારથી
ને ગબડતી ગબડતી
આવીને ઊભી રહે પીપળા પાસે
ને પીપળાએ ખેરવેલા પાનના સ્પર્શથી
શિલાની નસોમાં થીજી ગયેલું લોહી પણ ધબકી ઊઠે
ને તેની ભીંતરમાં રહેલાં નક્ષત્રો
આળસ મરડીને બેઠાં થાય.
પીપળો તો
કીડીને કણ અને હાથી ને મણ આપે
પીપળો તો
પરદેશના પાળિયાનેય છાંયડો મોકલાવી
એનોય ખ્યાલ રાખે
ને મને ઘણીવાર પૂછે –
યોગેશ, તારે શું જોઈએ ?
માગ, માગ, માગે તે આપું ?
ને હું
હાથ જોડી
શિર નમાવી કહું છું –
મારે
કંઈ જ નથી જોઈતું, દેવ !

– : ૧૫ : –

'પીપળો' અહીં કવિની ચેતનાનું કેન્દ્ર બનીને આ રચનામાં પ્રસ્તુત થયો છે. સચરાચર પૃથ્વી પર એનો પ્રભાવ કવિ કલ્પે છે, એને શ્રદ્ધાનું કેન્દ્ર બનાવીને એની આસપાસ કવિ પોતાના વિચારો ને ક્યારેક વિચારના કટકાઓને પણ ગોઠવતા જાય છે. આમ આ રચનામાં પીપળા નિમિતે શ્રદ્ધાના અને પીપળાના આધિપત્યના કે ઈશ્વરની અવેજીરૂપ એવા સ્થાન વિદોના સંવેદનો કાવ્યનો વર્ણ્ય વિષય બનાવે છે. કવિ ને પીપળો પોતાની કવિતા જેટલો જ પવિત્ર લાગે છે, અથવા તો પીપળા જેટલીજ કવિની કવિતા પવિત્ર છે. એમ પણ કહેવા માગે છે. રોજ જળ ચડાવીને હાથ જોડીને મારે કંઈ નથી જોઈતું એવી પ્રાર્થના કરે છે કવિ છતાં લીલું એક પાન રોજ એના ખોબામાં પડે આટલી સામાન્યવાત થાય છે પરંતુ પછી જે બને છે એ અસામાન્ય કે કાવ્યમય એવું બને છે...... પીપળાના લીલા પાનની નસોમાંથી લોહીની ધાર વહે છે! આ લોહીની ધાર એજ વેદના ? કે એજ કાવ્ય ? કે એજ ઘવાયેલો ઈશ્વર? અનેક સંદર્ભો એક સાથે ખોલી આપે એવી આ ઘટનાથી કાવ્ય ઉંચકાય છે.

આઠ જેટલા પરિચ્છેદની આ રચનાનો બીજો પરિચ્છેદ તો ઈશ્વર સાથેનો કવિનો સંવાદ રચે છે... કવિ કહી ઉઠે.... ભલે આકાશમાં રહો / પણ ક્યારેક / આકાશ ખૂટી જાય / કે તુટી જાય ત્યારે આ પીપળની ડાળ પર આવજો / પીપળાનું પાને પાન/ તત્પર છે તમારા ઘા રૂઝવવા માટે / આમ સ્થાનચ્યુત ઈશ્વરને પણ સ્થાન આપવા સક્ષમ છે આ પીપળો એનો પ્રભાવ – સાર્વત્રિક છે એવું આગળ કહી ગયેલા કવિ અહિં પુનઃ બિન જરૂરી પુનરાવર્તન કરતા હોય એવું લાગે છે. કવિની પીપળા પરની શ્રદ્ધા પીપળો કપાયજાય તો કેવા અનર્થો સર્જી શકે એની યાદી આપવા બેસે છે.

પીપળાનું જાણેકે સામ્રાજ્ય વિસ્તરતું જાય છે. એ હવે પોતામાં પણ ઉગી નિકળ્યો છે એવું કવિ અનુભવા લાગે છે. ને એતો આકાશના પાનમાં

ઉપસી જીવંત નસોમાં ધબકતી વેદનાનું પિંપુડુ બનાવીને શરણાઈ ની જેમજ વગાડી શકાય, એના પગ પર બેસીને સાત દરિયા તરી શકાયને એના પાનના સ્પર્શથી પથ્થરોમાં થીજી ગયેલું લોહી પણ ધબકી ઉઠે ને ભીતરના નક્ષત્રો આળસ મરડીને ઉભા થઈ શકે એવા પીપળાના એક વૃક્ષ સ્વરૂપથી લઈને એનો પ્રભાવ વિસ્તરતો – વિસ્તરતો આ ધરતીનું ચાલકબળ બનાવવા સુધીનો એનો વ્યાપ એ આ કાવ્યનો વિસ્તાર છે.

અંતમાં કવિ કહે છે, એ પીપળો પોતાને ઘણીવાર પૂછે...... યોગેશ તારે શું જોઈએ / માગ, માગ, માગે તે આપું પણ કવિ હાથજોડીને કહે..... મારે કાંઈ નથી જોઈતું હવે. આમ કાવ્યારંભે જે કવિ દ્વારા કહેવાયેલું કે પીપળા પાસેથી પોતાને કંઈ નથી જોઈતું એ સંવાદ અંતે પુનઃ લીલીનસોવાળું એનું એક પાન મળવાનુંજ છે કે જેમાંથી વહેવા લાગે છે લોહીની ધાર....

— : ૧૬ : —

પણ હવે
હૃદય ક્યાં માને છે શિસ્તપાલનમાં ?
એ તો, એક જ કૂદકે પહોંચી જાય આકાશમાં
ને છેક આકાશનાયે સાતમે માળેથી
પડતું મૂકે !
એ તો મોગરાનું ફૂલ થઈ
તારા કેશના રેશમી અંધકારમાં અજવાળું યે કરી દે !
કે તારી અંગુઠી બનીને
તારી આંગળીના સહારે ચાલે
કે મૌન બનીને તારા હોઠ પર મહાલે
કે લાલ રંગ બનીને છવાઈ જાય તારા ગાલ પર
કે ક્યારેક
તારી છાતીએ ગોઠવાયેલું સ્ટેથોસ્કોપ પણ બની જાય
કે તારા પહેલાં જ તારી પથારીમાં આવીને
ચાદર બની પથરાઈ જાય...
પણ દીવાલોતો
તૂટ્યા વગરેય ક્યાં નથી તણાતી ?
ને ઉંબરો તો હંમેશાં ઉત્સુક હોય છે તણાવા માટે
મને તો હવે
હિમસ્નાન કરવામાં
કે અગ્નિસ્નાન કરવામાં કે તારી આંખમાં નાહવામાં
કાંઈ જ ફેર નથી લાગતો
હવે તો
ટેવાઈ ગયા છીએ સૂર્યના ધગધગતા સહવાસથી
નથી જોઈતી મારે ચંદ્રની પીળી શીતળતા
મને તો ગ્રીષ્મના લાલચટક ગુલમહોર ગમે
ધગધગતા લાલ લાલ અંગારા ગમે

ભડકે બળતી ચિતાના ભડકાનો રંગ તો ખૂબ ગમે
કલ્પના, એનો રંગ જ સાવ જુદો;
બરાબર આપણા પ્રેમ જેવો જ !
અને પૂરની સપાટી સતત વધતી હોય તો
શું કરે બિચારી નદી ?
ચાલી જાય પાછી પહાડ પર ?
કે જઈને બેસે ઊંચા તાડ પર ?
સાંભળ્યું'તું કે
પતંગિયા પથ્થર પર સ્થિર થઈને બેસી રહે ત્યારે
ફૂલો ઊડતા ઊડતા તેમની પાસે જાય છે !
પણ આ તો
દરિયાઓ પણ દો....ડતાં જઈને પહોંચે પર્વત પાસે
અને કહે કે પર્વત, પર્વત ! અમને નદી આપ, નદી આપ !
ને પર્વત
સંતાડી દે બધી નદીઓને પોતાની ભીતર !
(બરાબર તારી જેમ જ, કલ્પના !)
કંઈ નહિ નદી ના મોકલે તો
પણ આમ જો,
કેવો ભયંકર દાવાનળ સળગી ઊઠયો છે મારા શહેરમાં !
જો, આ મકાનો, કાંકરિયા, યુનિવર્સિટીનો ટાવર,
સીદી સૈયદની જાળી, બાલવાટિકા, ઝુલતા મિનારા,
શિરીષ, ગુલમહોર, લીમડો, પીપળો, બાવળ, નિશિગંધા,
દીવાલો, છત, બારી, બારણાં, કાન, નાક, હૃદય
બધું...
બધું જ
ભડ ભડ ભડકે બળી રહ્યું છે, કલ્પના !
મોકલી આપ
તારું એકાદ આંસુ...

– : ૧૬ : –

પ્રણયકાવ્ય. પ્રકૃતિમાં પ્રેમના રૂપને જોતા આ કવિને કલ્પનાની વેદનાની ને એ નિમિત્તે 'સ્વ' ના દર્દની બરાબર ખબર છે. માટે તો કહે છે મને તો હવે / હિમસ્નાન કરવા કે અગ્નિસ્નાન કરવામાં કે તારી આંખમાં નાહવામાં / કાંઈ જ ફેર નથી લાગતો / હવે તો / ટેવાઈ ગયા છીએ સૂર્યના ધગધગતા સહવાસથી / કવિને ચંદ્રની શીતળતાનો આથી જ કંઈ ખપ નથી એને બદલે એતો ચાહે 'લાલ ચટક ગુલમહોરના અંગારા' શહેર ભડકે બળે છે આ સ્થિતિમાં કવિની ઝંખના કલ્પનાના પ્રેમનાં આંસુની છે. અન્ય રચનાઓ જેમ અહીં પણ કલ્પના અને નિજત્વ એકબીજામાં ઓગળી ગયા છે.

આ કાવ્યમાં ચોતરફ હૃદયના ઉછાળોને બીજી તરફ કલ્પના – (કે સ્ફૂરણા ?) નો અભાવ, આ બે બિંદુઓ વચ્ચે કાવ્ય વિસ્તરે છે. શરૂઆતમાં કવિ હૃદયની રંગીન ઉછળકૂદ આ રીતે વર્ણવે છે...છેક આકાશનાયે સાતમે માળેથી / પડતું મુકે / એ તો મોગરાનું ફૂલ થઈ / તારા કેશના રેશમી અંધકારમાં અજવાળુંયે કરી દે / કે તારી અંગૂઠી બનીને / તરી આંગળીના સહારે ચાલે / કે મૌન બનીને તારા હોઠ પર મ્હાલે / કે લાલરંગ બનીને છવાઈ જાય તારા ગાલ પર / આમ હૃદય શિસ્તપાલનમાં માનતું નથી એનાઆ સૌ ઉદાહરણો છે.

પરંતુ એનું પરિણામ એવું આવ્યું છે કે કવિ કહે છે મને તો હવે.... હિમસ્નાનમાં / કે અગ્નિસ્નાન કરવામાં કે તારી આંખોમાં કંઈજ ફેરલાગતો નથી.... ને કવિને ચંદ્રની ફિક્કી ચાંદની કરતાં ગ્રીષ્મના લાલ–લાલ ગુલમહોરનું વધુ આકર્ષણ થાય છે. આ લાલ રંગ કવિને કલ્પન સાથેના પ્રેમ સંબંધ જેવો જુદો જ રંગ લાગે છે. પણ કલ્પનાની ગેરહાજરી સતત અનુભવતા કવિના વક્તવ્યની આખી ભાત હવે ધીરે ધીરે બદલાવા લાગે છે..... પતંગિયા જો પથ્થર પર બેસી રહેતો ફૂલો ઉડતા તેમની પાસે જાય છે, ને પર્વત માંથી નદી ના નિકળેતો દરિયા પર્વત પાસે જઈને પોતાની નદીને આપવાની વિનંતી કરે છે. ને જો પર્વત એ નદીઓને પોતાનામાં સંતાડી રાખે તો ? શું વિતે દરિયાઓ

પર પોતાની નદી વિના, એમની એ વિનંતી નો સૂર જૂઓ.... દોડતા જઈને પર્વતને દરિયા કહે છે.... પર્વત, પર્વત ! અમને નદી આપ, નદી આપ ! આમજ.... બસ આમજ કલ્પના એ પણ સંતાડી દીધું છે એક નદી જેવું ને નદી જેટલું !

અંતે કલ્પના ને કાવ્યનાયક દ્વારા થતી વિનંતી એ એના આખા સંદર્ભને ખોલી આપે છે.... નાયક કહે છે કે....... પણ આમજો..... કેવો દાવાનળ ઉઠયો છે મારા શહેરમાં ને શહેરનીએ સૌ વસ્તુઓની યાદી આવે છે જયાં દાવાનળ સળગી ઉઠયાનું અનુભવે છે. જેમાં શહેરની સ્થૂળ વસ્તુઓથી લઈને પોતાનામાંનું પણ બધુજ – કલ્પનાનો અભાવ પોતાનામાંથી લઈને આખા શહેરમાંને અંતે પાછો પોતાનામાં એટલે સર્વત્ર સ્થળ – સમય બધુજ કલ્પના વિનાનું થયેલું અનુભવતા કવિ બધુંજ ભડકે બળતું અનુભવે છે ને કાંઈ નહીતો, નદી નહીંતો એક આંસુ પણ જો કલ્પના થકી મળેતો ! આમ પ્રેમનું એક આંસુ પણ આગને બુજાવી દેશે એમ આ પ્રણય કાવ્યમાં કવિને અભિપ્રેત છે એમ લાગે છે.

– : ૧૭ : –

હજી ઘણીવાર મને થાય છે કે
સાત સાત પાતાળ ઉલેચી નાંખવા છતાંય હું
તારા વાળની ગૂંચ પણ નહોતો ઉકેલી શક્યો !
પણ હવે
ઘડિયાળના ટક્ ટક્ અવાજ સાથે
મારા હૃદયના ધબકારાને કશોય સંબંધ નથી.

રોજ સવારે તું અગરબત્તી સળગાવતી હોય ત્યારે
તને યાદ નથી આવતું કામનાથ મહાદેવનું મંદિર ?
ભગવાનના દેરામાં પડેલો શંખ જોઈને
સાગરનાં પ્રચંડ મોજાઓ
નથી અફળાતાં તારા મૌનના ખડક સાથે ?
ફૂલ પર ઝાકળ બેસે તેમ
દરિયાની બધીયે ખારાશ આવીને
નથી બેસતી તારા રતૂમડાં હોઠ પર ?

એ તો એવું છે કે
ખોરાકનો કોળિયો મોમાં મૂકો
ને એમાંથી સોનપરીનો વાળ નીકળે
તો પણ એને થૂંકી દઈને પાંચ – સાત કોગળા કરવા પડે
એથી તો કહું છું–
કશો જ અર્થ નથી અવાવરું વાવનું રહસ્ય શોધવાનો.
ભલે મોનાલિસાનું સ્મિત વિસ્તર્યા કરે !
બિચારી પાંપણોને
એકાદ ક્ષણ જાળવી લેતાં ન આવડયું
ને આ બધું બની ગયું
નહીંતર કોઈ

બહુ બહુ તો કેટલાં ચોમાસાં અટકાવી શકે ?
હવે તો, કલ્પના;
વહેતી નદીને કંઠેય ડૂમો બાઝયો છે
અને કોઈ વસંતે જ
છીનવી લીધો છે એક કોયલનો અવાજ
સતત ગૂંગળાયા કરે છે એક મોજું
સંકોચાતી જાય છે ક્ષિતિજની ત્રિજ્યા
કાળો પડતો જાય છે વરસતો વરસાદ
ને ઝાંખો થતો જાય છે પતંગિયાના રંગોનો ઘાંઘાટ !

કાંકરિયાના પાણીમાં
હજીય દેખાય છે મારાં પદચિહ્નો !
કાળમીંઢ ખડકોના સૂકાભઠ હોઠ ઉપર પણ
પડી ગઈ છે અસંખ્ય તિરાડો !
ને વાદળ તો
ભયંકર દાવાનળ બનીને વીંટળાઈ વળ્યાં છે મને.
ભડકે બળતો હું
છૂટી શકું તેમ નથી
ને કલ્પના,
હજી તો... હજી તો મારે
વરસાદના એકાદ ટીપા પર
આખીયે સૃષ્ટિને કોતરવાનું કામ
બાકી છે.

પ્રણયકાવ્ય. કવિને ઘણીવાર એવું થાય છે કે 'સાત પાતાળ ઉલેચી નાખવા છતાંયે તારા વાળની ગૂંચ ઉકેલી નથી શક્યો કેટકેલા પ્રયત્ન છતાં પ્રિયજનને ન ઓળખી શકાયાની પીડા છે. આ ને એનું પરિણામ જુઓ / પણ હવે / ઘડિયાળના ટક્ ટક્ અવાજ સાથે મારા હૃદયના ધબકારાને કશોય સંબંધ નથી / કવિને એ ગ્લાનિ છે બિચારી પાંપણોને / એકાદ ક્ષણ જાળવી લેતાં ન આવડયું / વેદનાના આવા ભયંકર દાવાનળથી ઘેરાયેલા કવિ કહે છે........... / ને કલ્પના હજી તો મારે / વરસાદના એકાદ ટીપા પર / આખીયે સૃષ્ટિને કોતરવાનું કામ / બાકી છે / કલ્પના અને કાવ્ય કલ્પન બન્ને અહીં એકરૂપ થયા છે. કાવ્યનું આ છેલ્લું કલ્પન લીલાનો પરિચય કરાવે છે.

આખી રચનાને વિગતવાર જોઈએ...... આ કાવ્ય પાંચ પરિચ્છેદમાં સર્જાયું છે. ઉપર કહ્યા પ્રમાણે આ પ્રણય કાવ્યમાં પ્રિયજનને ઓળખવામાં જે ભૂલ થાય ને વિચ્છેદ થયો એની ગ્લાનીનો એક સૂર કાવ્ય કલ્પનમાં મિશ્રણ રૂપ પામીને પ્રગટયો છે એટલે રચના કલ્પના (પ્રિયા) અને કાવ્ય કલ્પન એવા બે સંકેતોથી સાથે વિસ્તરે છે.

સાત–સાત પાતાળો ઉલેચનારા કવિને કલ્પનાની વાળની ગૂંચ ન ઉકેલાય ને પરિણામે એક હતાશા છવાઈ જાય છે એનું પરિણામ એ આવ્યું છે કે.... હવે / ઘડિયાળના ટકટક અવાજ સાથે / મારા હૃદયના ધબકારાને કશોય સંબંધ નથી – અર્થાત નિયમિત પણે હૃદયે ધબકવાનું પણ બંધ કરીદીધું છે. કલ્પનાને બધુ યાદ કરાવવા નાયક હવે પ્રયત્નો આરંભે છે. જુઓ રોજ સવારે અગરબતી સળગાવતી વખતે તને કામનાથનું મંદિર યાદ નથી આવતું ? કે મંદિરમાંના શંખને જોઈને સાગરના મોજાઓ તારા મૌન સાથે અફળાતા નથી? ફૂલપરની ઝાકળની જેમ દરિયાની ખારાશ નથી બેસતી તારા હોઠ પર ? આ બધી સ્મૃતિઓ કલ્પનાને કેમ નથી થતી ? એવું વિચારતો નાયક નિરાશ થઈ એ પ્રયત્નો નો કોઈ અર્થ નથી. એમ વિચારતો કહે કે..... કશોજ અર્થનથી

અવાવરું વાવનું રહસ્ય શોધવાનો / ભલે મોનાલિસાનું સ્મિત વિસ્તર્યાકરે / અહીં 'અવાવરું વાવ' અને 'મોનાલિસાનું સ્મિત' એ વ્યર્થતાના પ્રતીકો બની રહે છે.

પરંતુ કવિને આ દુઃખનું કારણ જડી ગયાનું ભાન થાય છે એટલે એ બોલી ઉઠે છે..... બિચારી પાંપણોને એકાદક્ષણ જાળવીલેતાં ન આવડયું / ને આ બધુ બની ગયું / આમ કલ્પના તરફનું ખેંચાણ એ નાયકના સાંપ્રતને ભગ્ન બનાવી મૂક્યો છ. વર્તમાનની નાયકની દષ્ટિએ સમગ્ર પ્રકૃતિના તત્વો નેજ જુદીરીતે જોવા પ્રેર્યો છે. અસહ્ય સાંપ્રત – કલ્પનાના અભાવમાં નાયકને પીડાકારક ભાસે છે ને આ એકલતા માંથી છૂટવા તે કલ્પનાના મૌનને તોડવાના તમામ નિષ્ફળ પ્રયત્નો કરી જુએ છે જો એ 'મૌન' તુટે તો નાયકની ઈચ્છા.... વરસાદના એક ટીંપા પર / આખીયે સૃષ્ટિને કોતરવાનું કામ / કરવાનું છે. આમ એક ટીંપા પર સૃષ્ટિને કોતરવાની કાવ્યમય કલ્પના દ્વારા રચના અટકે છે.

–:૧૮:–

બંધ મુટ્ઠી

જોયા કરું છું ક્યારનો
કોરા કાગળમાં.

રાત
હળવેકથી સંકેલે
અંધકારની ચાદર.
પંખીઓના ટહુકાથી
સળવળે પાદર.
સૂરજમુખીની પાંખડીઓ
પટપટાવે પાંપણો.

ક્ષણે ક્ષણે
ઝાકળના વધતા જતા હળુ હળુ ચળકાટને
નીરખું, સૂંઘુ, સાંભળું.
સાંભળું
દરમાંથી બહાર નીકળતી
કીડીઓનો પગરવ, કરકરો
ત્યાં તો
કાગડાઓનું ક્રાં ક્રાં ક્રાં
અફળાય મારી ખોપરી પર
ધ્રિબાંગ, ધ્રિબાંગ, ધ્રિબાંગ....
લમણાની તંગ નસોમાં
સાદી પ્રસંવાદી ગતિ કર્યા કરે લોલક.
અરે ! આ શું ?
ટ્યૂબ લાઈટનું અજવાળું

પાછાં કાઢે મારા સૂર્યકિરણોને ?
બારી બહારથી જ ? !
કરી દઉં સ્વીચ ઓફ.

અંધકારના પાતળા પડ નીચે દટાયેલો
કોરો કાગળ ઝંખે –
સૂર્યકિરણની હૂંફાળી, પોચી પગલીઓ
ક્યારે અંકાય પોતાનામાં ? ક્યારે ? !

પેલા સરુવૃક્ષની નીચે પડેલી
અનેક સુક્કી સળીઓ જેવું જ વેરણછેરણ
મારું મન–હૃદય, અંધકારના થર નીચે દટાયેલું.
થાય છે કે
સરુની એ સળીઓને
ગોઠવું ફૂલદાનીમાં.
વૈશાખી પવનની લહેરખી બનું
ને એ સળીઓને ઊંચકું,
કરું ગેલ, સેલારા લેતો સરું,
ને ફરું ફુદરડી એ સળીઓ સાથે
ને એમ રચું
હવામાં
એક
અદશ્ય
શિલ્પ.
ફરે ચિત્તમાં ચાકડો.
કલ્પનો, તરંગો, શબ્દો, અવાજો, સંવેદના, સંકુલતા....
બધું ઘૂમરાય ચક્કર.... ચક્કર..... ચક્કર....
કશો આકાર પામવાની પ્રતીક્ષામા.

લખવા ધારેલી કવિતાના શબ્દો, આકારો –
મારા હોવાની ઝાંયવાળા પરપોટા;
બંધાય બંધાય ને ફૂટી જાય....
હાથવેંતમાં લાગતા સ્વપ્નો
પકડાય પકડાય ને છૂટી જાય......
જીવતરના જીર્ણશીર્ણ તંતુઓ
સંધાય સંધાય ને તૂટી જાય......
ક્ષણ માત્રમાં જ જાણે
અસીમ આકાશ ખૂટી જાય.....
ફરે ચિત્તમાં ચાકડો
ચક્કર..... ચક્કર..... ચક્કર....

કવિતાનો પ્રથમ અક્ષર પાડવાને બદલે
જોવા લાગું બારી બહાર....

❑

સામેના ઘરનાં નેવાં પર
રચાય તડકા – છાંયાની ભાત.
બારી વિનાના એ ઘરમાં
ઘૂમરાય ધુમાડો અંધારામાં આંધળોભૂત.
શારડીની જેમ અંધકારમાં બાકોરું પાડીને
ઊતરે ઘરમાં ચળક ચાંદરણું.
નીચે નમીને મા
હાથમાં ભૂંગળી લઈ
ફૂંકે ચૂલો.
પાસે બેઠેલું બાળક
ભાંખડિયે ચાલતું ચાલતું જાય

તાજા લીંપણ પર ચળકતા ચાંદરણા તરફ
ને
પકડવા મથે એ ચાંદરણાને.

સૂરજ ઊંચે ચઢતો જાય
લીંપણની ઓકળીઓ પર
                    સરકતું જાય ચાંદરણું
ને પેલું બાળક મથતું જાય
ચાંદરણાને ઝાલવા.

હવે તો એ
નખ વડે મથે
ઓકળીઓ પર ચીપકેલા ચાંદરણાંને ઉખાડવા
                                        પામવા !

મનોમન પહોંચી જાઉં હું
પેલા બાળક પાસે;
એની નાનકડી રતુમડી હથેળી પકડી
ધરી દઉં
છતમાંથી વરસતી, સોનેરી રજકણોવાળી
તડકાની સેરની બરાબર નીચે.
એની ગુલબી ગુલબી હથેળીમાં
સોનાનું ચાંદરણું.

હું
પહેલો અક્ષર પાડું,
આંખો મીંચી
શ્વસું અજવાળાને ઊંડે ઊંડે, અઢળક અઢળક !

પણ ત્યાં તો પેલા બાળકે
હથેળીમાંના ચાંદરણાને પકડવા, સંતાડવા
મુટ્ઠી વાળી
ત્યાં જ
ચાંદરણું
મુટ્ઠીની બહાર;
સંતાડવું હતું જેને મુટ્ઠીમાં
એ જ ચાંદરણા તળે
ઢંકાય – સંતાય મુટ્ઠી !

❑

લખવા ધારેલી કવિતાના
પ્રથમ અક્ષરને છેકી નાખું
ને જોઉં તો
કાગળની વચ્ચોવચ ચાંદરણું
ને એ ચાંદરણાની નીચે
બંધ મુટ્ઠી.

❑

– : ૧૮ : –
બંધ મુટ્ઠી

નીરવ રાત્રિના એકાન્તમાં કવિને ભીતર સળવળાટ જાગે છે, જાણે કવિતાનો સાદ પડી રહ્યો છે કવિ વિચારે છે. જોયા કરું છું ક્યારનો કોરા કાગળમાં / આમ જ રાત વીતી ગઈ સવાર થયું. ઝાકળનો ચળકાટ વધે છે – ઝાકળને કવિ બધી ઈન્દ્રિયોથી અનુભવે છે. પરંતુ ટયુબલાઈટનું અજવાળું સૂર્યના કિરણોને કાઢે છે એનાથી દુઃખી થઈ ઊઠેલા તેને / ચિત્તમાં ચાકડો ફરે છે / કલ્પનો, તરંગો, શબ્દો, અવાજો, સંવેદના, સંકુલતા / બધુ ઘૂમરાય ચક્કર.... ચક્કર.... ચક્કર.... કશો આકાર પામવાની પ્રતિક્ષામાં / લખવા ધારેલી કવિતાના શબ્દો – આકારો મારી હોવાની ઝાંયવાળા પરપોટા બંધાય બંધાયને ફૂટી જાય / કલ્પન આવી રહ્યું છે પરંતુ શબ્દો હાથવેંત આવતા જ ફરી પાછા છૂટી જાય છે. કાવ્ય સ્ફૂરણાની ક્ષણોની કવિની વેદના અહીં કાવ્યરૂપ પામી છે ને આવેગના ઉતરાર્ધમાં વધુ તીવ્ર પણે અંકિત થઈ છે બીજુ એક ચિત્ર આ મુજબનું છે. જ્યાં સામેના અંધારાભર્યા ઘરમાં 'શારડીની જેમ અંધકારમાં બાકોરું પાડી એક ચાંદરણું ઉતરે છે ને હાથમાં ભૂંગળી લઈ ચૂલો ફૂંકતી મા પાસે બેઠેલું બાળક પકડવા મથે એ ચાંદરણાને પરંતુ સૂરજ જેમ ઊંચે ચડે એમ પેલું ચાંદરણું સરકતું જાય છે ને બાળક મથ્યા કરે છે હવે / નખવડે મથે / એક બીજાઓ પર ચીપકેલા ચાંદરણાને ઉખાડવા પામવા ! / આ જોતા રહેલા કવિ મનોમન એ બાળકની મદદે દોડે છે ને બાળકનો નાજુક હાથ લઈ તડકાની સેરની નીચે રાખે છે આથી ગુલાબી હથેળીમાં ચાંદરણું આવી ગયું જાણે કાવ્ય આવી ગયું ને એ બાળકે પકડવા સંતાડવા મુટ્ઠી વાળી ત્યાં જ એ ચાંદરણું મુટ્ઠીમાંથી બહાર – કવિતા આવતા આવતાં જ ચાલી ગઈ ચાંદરણું કાગળમાં ન પકડી શકાયું ! આમ કાવ્ય સ્ફૂરણાની ક્ષણોનું સુંદર આલેખન આ રચનામાં થાય છે.

આ રચના ત્રણ ખંડોમાં વિભક્ત છે. પ્રથમ બે દીર્ઘ ખંડોમાં સમાંતરે

ચાલતા પ્રયત્નો છે આ પ્રયત્નોમાં એક કવિને કાવ્ય સર્જન માટેનો ને બીજામાં એક બાળક નો ચાંદરડું પકડવાનો જોકે અંતેતો બન્ને સાવસરખા જ એવા આ પ્રસંગો દ્વારા કવિ પોતાનું વકત્તવ્ય સુંદર રીતે આપી શક્યા છે. કાવ્ય સર્જન એ ચાંદરણાને બંધમુટ્ઠીમાં કેદ કરવા જેટલું અશક્ય કામ છે. એ વાતની પ્રતીતિ ની સાથે આ રચનામાં કવિ વચ્ચે સુંદર ચિત્રો ઉભાકરતા જાય છે, જે ચિત્રો કાવ્ય સર્જનની સામગ્રી સમા છે. આરંભે સવારનું ચિત્ર દોરી રહેલા કવિને 'ટુયબલાઈટ' પરેશાન કરી મૂકે તો પછીથી વૈશાખીપવન અને સરુના વૃક્ષ દ્વારા બીજુ ચિત્ર મળે જેમાં એક અદ્રશ્ય શિલ્પ રચવાની ઈચ્છા પ્રગટ થાય ને એ માટે ચિતમાં... ચાકડો ફરે જેમાં કલ્પનો, તરંગો, શબ્દો અવાજો, સંવેદના, સંકૂલતા, બધુ ઘુમરાય ચક્કર – ચક્કર – ચક્કર કશોક આકાર પામવાની પ્રતિક્ષામાં. લખવાધારેલી કવિતા આવે–આવે ને ચાલીજાય પુનઃ કવિ કાવ્ય નલખતા બારી બહાર ! બીજા ખંડનું દ્રશ્ય જેમાં – એક ઘરમાં ચાંદરણું ઉતરે હાથમાં ભૂંગળી લઈને ચૂલો ફૂંકતી માં, પાસે બેઠેલું બાળક પેલા ચાંદરણાને પકડવા મથે, પણ નપકડાય, કવિ મનોમન એને મદદ કરવા પહોંચી જાય, ચાંદરણાને મુટ્ઠીમાં કેદ કરવાના બાળસહજ પ્રયત્નો કરતું બાળક અને ચાંદરણું મુટ્ઠીની બહાર ! કાવ્ય આવે–આવે ને ચાલ્યું જાય ! સાવ સમાંતરે એકજ રીતે થતા આ પ્રયત્નો બિલકુલ જુદાજ ક્યાં છે ?

ત્રીજા નાનકડા ખંડમાં કવિ હજુ નથી લખાઈ તેવી એટલેકે લખવા ધારેલી કીવતાના પ્રથમ અક્ષરને છેકી નાખેને કોરા કાગળની વચ્ચોવચ પેલા ચાંદરણા ને (ને કવિતાનેસ્તો) અનુભવે ! આમ સુંદરકલ્પન સાથે રચના વિરમે.

-:૧૯:-

આબુ

પણે
સૌથી ઊંચું શિખર
એની ટોચે એક નારિયેળી
આબુએ
શું કહેવા
આંગળી કરી ઊંચી ?!

❑

ચક્રાકારે
ઉપર ચડતો
ડામરનો કાળો રસ્તો –
આબુ ફરતે
વીંટળાયેલો વાસુકિ;
શેના મંથન માટે ?!

❑

ચારે કોર
ધુમ્મસ ધુમ્મસ ધુમ્મસ
ઠંડુગાર
મૃત્યુ જેવું
શરૂ થતું પાંપણ પાસેથી
ના, છેક કીકી પાસેથી

જાણે કે પાંપણે અટકેલું આંસુ
અનંત સુધી વિસ્તર્યું
અને થીજતું ગયું !

ગાત્ર સુધ્ધાં
બનતાં જાય ધુમ્મસ
ના લગીરે શોર
માત્ર ધુમ્મસ
ચારે કોર ધુમ્મસ ધુમ્મ્સ ધુમ્મસ

અરે ! જુઓ જુઓ જલદી,
પણે ધુમ્મસમાં નાનું બોગદું !
અગ્નિ જેવા તેજસ્વી કેસરી નારંગી તડકામાં
નીલ જળ નખીનાં, ઝળહળ ઝળહળ !
ઓચિંતો જ ઉઘાડો પડેલો સદ્યસ્નાત પહાડ
ઝગઝગે ઝાકળ હજી જેના દેહે
નખીમાં ઝંપલાવવા જ્યાં કૂદે
જળસપાટી સુધી પહોંચે
ભફાંગ કરતું જળ ઊછળે

એ પહેલાં તો ફરી
ચારે કોર ધુમ્મસ ધુમ્મસ ધુમ્મસ
માત્ર ધુમ્મસ

❑

ઝીણું ઝીણું ઝાકળ
પહાડોના રોમરોમે;
પીઉં જેને નમનીય નજરથી,
પોતે પથ્થરોનું મુલાયમ;
સુકુમાર પવન
ઝાકળના આકારને જાળવવા મથે,
અતિ મૃદુ પગલીઓ ભરે,
ઝાકળ પર થઈને એ રીતે સરે,
એક કૂંપળ પણ
                    ના સહેજે ફરફરે !

પવન સ્પર્શે સ્પંદિત ઝાકળ
વહાવે ચોતરફ મંદ મંદ
ભીના ભીના ઝીણા ઝીણા
            સૂર.... સ્પંદ..... છંદ.... ....
પૂર્વમાં
પેલા પહાડ પાછળથી સૂરજે
પાંપણો જરીક ઉઘાડી
ને ઝાકળને જોતાં જ
ઢાળી દીધી !

પણે પેલી પાતળી પોપટી ડાળખી પર
અજાણ્યું નાનકું સોનેરી પંખી
ઊડવા માટે ઝૂક્યું લગરીક;
                    ફરકાવી
                    થરકાવી
                            પાંખો જરીક

પણ ત્યાં જ એને થયું,
ડાળખી હલશે
ને ઝાકળ ખરશે
                                        તો ? !
ને તરત થઈ ગયું સ્થગિત !
પછી ગાવા લાગ્યું .....

ચારે તરફ
એના સૂરની લહર પર લહર
                        લહર પર લહર....
જેના તેજલ સ્પર્શ માત્રથી
                ઊઘડી કળીઓ,
                કોશેટાઓમાંથી ઊડયાં પતંગિયાં
                ને પળે પળે વધવા લાગી ઝાકળની ચમક !
ને એ જોતાં
પશ્ચિમે ઢળતાં નક્ષત્રોને થયું,
આ શું ઝગઝગે પૃથ્વી પર ? !
રાત્રે જે તારાઓ ખર્યાં એ જ કે ?
કે પછી
જળ વિનાય દેખાય છે અમારું જ પ્રતિબિંબ ? !

પેલા પંખીના સ્વરમધુની
ઝળહળ ઝળહળ લહર લહર સ્પર્શે
પળ પળેપળ ફૂટે
વાંકીચૂકી રજતરેખા–શાં ઝરણ

ઝાકળરસી આ શિલાઓ

કેવી તો નાજુક ! કેવી તો નમણી !
કેવાં તો ગોઠવાયાં છે શિખર પર શિખર,
શિખર પર શિખર,
દલ પર દલ !
દૂરના કોક ગ્રહ પરથી જોતાં તો એમ જ લાગે :
ઝાકળ સજીને
આછેરા ઉજાસમાં ચળકતી
પાંખડીઓ પર પાંખડીઓ,
પાંખડીઓ પર પાંખડીઓ......
કેવું મજાનું પુષ્પ !
આ....મ હાથ લંબાવી લાવ,
ચૂંટી જ લઉં.....

❑

વાદળોના ગઢ વચ્ચેથી
કરી ડોકિયું
ચોતરફ નજર નાખી લે પેલું તડકીલું શિખર
હળવે હળવે પસવારે વાદળ
આબુનો ચહેરો....

ત્યાં તો, રૂપેરી રૂપેરી
ઝાકળઝીણી ઝરઝર ઝરઝર
ઝરમર ઝરમર
આળેખાય કાળીભમ્મર શિલાઓ પર
ને ઊછળે બર્ફીલી જલશિકરોની ફરફર –
જાણે રોમાંચિત શિલાઓનાં રૂવાંડાં !

ધરામાંથી જેમ સ્ફુરે
ઝીણી કૂંપળ તૃણની
ગંધ ભીની ભીની પહાડની.
ક્યાં ઝબૂકી વીજળી ?
વાદળમાં ? પહાડના હાડમાં ?
કે મારા હાડના પોલાણમાં ?
કાળાડમ્મર ખીચોખીચ વાદળ કેવાં તો ઘેરાયા !
શું છતે દિવસે રાત ?
વીજળીએ ઝબૂકે –

આભથી ધરતી સુધીની
કાચની ઝલમલતી ભૂંગળીઓ શી ધારાઓ !
ભીના ભીના નગ્ન પહાડ, જંગલ–ઝાડ

ઝબૂકે
અણજાણ પળનો ઉઘાડ
ઝબૂકે
વીજળીએ વીજળીએ
કૈંક દશ્યો અણદીઠનાં !

આભ, આબુ ને ધરતી;
અંદર ને બહાર
દષ્ટિ ને સૃષ્ટિ
બધું જ વૃષ્ટિ વૃષ્ટિ વૃષ્ટિ.... ....

❑

કોઈ અજાણ્યા
વિકરાળ ઉન્મત પશુની જેમ

મેઘ ગરજે ગડડડ... ગડડડ....

જાણે આકાશના માળના માળ
તૂટતા હોય કડકડ
ગડગડ
ગડગડ.... ગડગડ.... ગડગડ....
એક એક વૃક્ષ કૂદતું
ચિચિયારીઓ પાડતું
છલંગે છલંગે ચડતું પહાડ
ચકચૂર વાનરવૃંદ
એમ જ દોડી
પવન શિખર પર આવે

હુડુડુડુ..... હુડુડુડુ.....
એકઝપાટે વનનાં વન વીંધતો આરપાર
જાય દોડયો સુસવાટ ફફડાટ
પ્હાડ સોંસરો
હાડ સોંસરો
વીંધતો
ચીંધતો કશુંક....
કમકમે હચમચે
વીજચાબખે ગગન આખું મૂળસોતું.... ....
ચમકી, ચારે પગે કૂદી,
ચોતરફ બાવરી નજર નાખી લઈ
છીંક્ છીંક્ ખાતું છીંકારું
જાય નાહું .... ઓ.... જાય....

પારેવાંની સાથે
છજાંય ફફડે અધ્ધરજીવ
બોડમાં
વાઘ—વાઘણ સમાવા ચ્હાય
એકમેકની સોડમાં.
વૃક્ષો
નખશિખ કમ્પે, થરથરે
એકમેકની નિકટ સરે,
ગૂંથે ડાળમાં ડાળ, પાનમાં પાન
થડકે કશુંક થડમાં થડક થડ
મૂળ સુધ્ધાંય થરકે થરક થર
ત્યાં તો તૂટી જ પડે નાખતાં ત્રાડ વાદળ કાળવિકરાળ

કમ્પી રહે
સૂંઢાળા પ્હાડ તોતિંગ
શિલા શિલાની રગેરગ તંગ
ઝીંકાય સહસ્ત્રાધારે ધોધ
સહસ્ત્રાધારે ધરાને ફેંદતું ફેંસોસતું બેબાકળું આ આભ
શાની ચલાવે શોધ ?
આ તે વરસાદ કે યમસાદ ? !
કોઈ વિરાટ – વિકરાળ જળપશુ ઘૂરકતું ગર્જતું
હજાર હજાર જળન્હોરે, જળદન્તે
શિખરને શિલાને અણું અણુંને
વીંખે પીંખે
કણ કણ કરે
ભરખ ભરખે

અરે
આખોય આ આબુ
જળના વિરાટ જડબામાં !
થોડી વારે
જળપશું કલાન્ત,
ઘડીક વિરમે શાન્ત
પછી આબુના હથબથ મઘમઘ દેહને
હળવે હળવે, ફોરે ફોરે પસવારી
થઈ જાય ધીમે ધીમે અદશ્ય

આભ આડેથી જાણે
ખસી જાય કોઈ હથેળી
ને ચોખ્ખુંચણક આભ
ભેજતેજથી તરબતર તગતગે !
જુઓ,
કાળીભીની શિલાઓ પર આ ધોળા ધોળા લિસોટા
હા, એ જ તો પેલા જળન્હોરના ઉઝરડા
તડકામાં ચચરતાય હશે મધમીઠું !
સ્વાતિએ છીપ ઝીલે જેમ વર્ષાબુંદ
એમ જ ઝીલે
તેજ આભનું વાંકીચુકી ઝરણરેખ !

❑

પણ
કાળા વાદળની કોળ કનેથી
ઊડી ગઈ દૂ.....ર સુ..... દૂ....ર
શ્વેત શ્વેત બલાકાપંક્તિ !

આભમાં ચાસ પાડતી
રૂપેરી તેજનાં !
કરી દેતાં બધુંય ઉપરતળે;
ફરી વળે મારી અંદર ઊંડે
ઊં
ડે
કૈં અજાણ્યાં હળ !
ચાસ પાડતાં
સોનેરી તેજનાં !

– : ૧૯ : –
આબુ

સ્થળ વિષયક નિતાંત પ્રકૃતિ કાવ્ય વહેલી સવારના ઉઘાડથી રચનાનો ઉઘાડ થાય છે. આબુ પર્વત પર ઊભાં કવિની દષ્ટિ બે ચિત્રો આંકે છે. પહેલું ચિત્ર જ્યાં સૌથી ઊંચા શિખર પર રહેલી નાળિયેરી શું કહેવા ઊભી હશે આંગળી ઊંચી કરી ? અને બીજુ જ્યાં આખા આબુને ફરતા રસ્તાને જાણે વાસુકી નાગે મંથન કરવા ભરડો લીધો છે હજુ તો આ પ્રશ્ન જાગે ને ત્યાં કવિ જુએ છે. આબુની સમગ્ર સૃષ્ટિમાં માત્ર ધુમ્મસ આ ધુમ્મસને કવિ 'ઠંડાગાર મૃત્યુ' સાથે સરખાવે છે. સર્વત્ર ધુમ્મસ છે ને ધુમ્મસના એક બોગદામાંથી પ્રકાશનું કિરણ આખા ઝાકળથી ભરેલા એવા સદ્યસ્નાત પહાડોને ઝળહળાવી મૂકે છે. જ્યાં સર્વત્ર 'ઝીણું ઝીણું' ઝાકળ છે. આવા નમનીય ઝાકળને પ્રકૃતિના અન્ય તત્વો કેવા આકાર આપવા મથે. સુકુમાર પવન પણ મૃદુ પગલીઓ ભરે, પૂર્વમાંથી સહેજ પાંપણ ઊઘાડેલો સૂરજ નજર ઢાળી દે, સોનેરી પંખી ઉડવાને બદલે સ્થગિત થઈ જાય, ઝાકળનું આ રૂપ વિલાઈ ન જાય માટે બધું જ સ્થિર – શાંત થઈ જાય છે. પળે પળ ઝાકળની ચમક વધે આથી નક્ષત્રો ને થાય આતો રાત્રે ખરેલા તારાઓ, નક્ષત્રો જાકળમાં પોતાનું પ્રતિબિંબ જુએ ! પછી વાદળોના / કરી ડોકિંયું / ચોતરફ નજર નાખી લે પેલું તડકીલું શિખર ને રૂપેરી ઝરમર શરૂ થઈ એ રમણીય ચિત્ર જુઓ... / આલેખાય કાળી ભમ્મર શિલાઓ પર ને ઊછળે બર્ફીલી જલ શિકરોની ફર ફર / જાણે રોમાંચિત શિલાઓના રૂંવાડા / ધરામાંથી જેમ સ્ફુરે ઝીણી કૂંપળ તૃણની / તેમ સ્ફૂરે ગંધ ભીની પહાડની ત્યાં તો અંધારૂ ધબ્ – અનરાધાર વર્ષા – જાણે કે આભથી ધરતી સુધીની કાચની ઝલમલતી ભૂંગળીઓશી ધારાઓ ભીનાં ભીનાં નગ્ન પહાડ, જંગલ–ઝાડ ને એમાં થતાં વિજળીના ધબકારાથી કંઈક અદીઠ દશ્યો ખૂલે છે. આ મેઘ તાંડવમાં વૃક્ષ ચિચિયારીઓ પાડતું, દોડતું પહાડ પર ચડે છે ને પવનને તો કવિ મૂર્તરૂપ આપે છે પવન દોડતો, પહાડ સોંસરો – હાડ સોંસરો કશુંક વીંધતો ચાલ્યો જાય છે. એટલે પારેવાની સાથે છજાય અદ્ધર જીવ, વાઘ વાઘણ એક–મેકની સોડમાં, વૃક્ષ – ડાળખી –પાંદડા કંપતા,

થરથરતા એક બીજાની નજીક સરકે છે. વરસાદના રૌદ્ર રૂપને જોઈ કવિને થાય છે આ તે વરસાદ કે યમસાદ ? ને વરસાદને 'વિકરાળ જળપશુ' ની ઉપમા મળે છે જે જળન્હોરે – જળદન્તે અણું અણું ને લખે છે. પ્રથમ પ્રકાશનું કિરણ ને તુરંત અંધારું પછી આખોય આ આબુ જળના વિરાટ જડબામાં આ વર્ષા ધારા શમી ગયા પછીનું ચિત્ર કાવ્યનું છેલ્લં દશ્ય છે. જ્યાં ચોખ્ખું ચણાક આભ, પહાડ પર વર્ષાના ધોળા લિસોટાના હજુયે ઉઝરડા દેખાય કાળા વાદળ પાસેથી બલાકાપંક્તિ ઊડીને આભમાં રૂપેરી તેજના ચાસ પાડતી જાય છે. આ રમણીય દશ્ય કવિ અસ્તિત્વની ભીતર કોઈક સોનેરી તેજના ચાસ પાડે છે. આમ કવિના નૈરાશ્યના ભાથી આરંભાયેલું કાવ્ય અંતે જતાં કવિ પ્રકૃતિમાં નાહી ભર્યા ભર્યા થાય – અસ્તિત્વ મ્હોંરી ઊઠે એ ક્ષણે વિરમે છે. ચિત્રાત્મક એવા આ કાવ્યમાં ચિત્રો ઊભાં કરવામાં કવિ કલ્પના ઉપરાંત ક્વચિત રવાનુકારી શબ્દોનો પણ સુંદર વિનિયોગ છે.

સાત નાના મોટો પરિચ્છેદોમા આ રચના વ્યાપી છે... વ્યાપી છે એટલા માટે કે પ્રકૃતિના નિબિડ મિત્રો આ રચનાનું મનોહર એવું પાસું છે. પ્રકૃતિના બદલાતા રૂપનું અહીં માત્ર વર્ણનજ નથી, પણ કાવ્યને કાવ્યને જીવંત કરી દેતી જાય અને પ્રકૃતિ એનું રૂપ બદલતી જાય એવા અહીં સજીવ ચિત્રો કવિ કલમે દોરાયા છે. વહેલી સવારથી આરંભાયેલી આ રચના ધૂમ્મસના સામ્રાજ્યની વાત પ્રથમ કરે છે, ને એમાંથી ઝમતા મોતી જેવા ઝાંકળના ટીપાં એ પ્રકૃતિના તત્વો પર બેઠા છે ત્યારે પ્રકૃતિના સૌ તત્વો એ ઝાંકળનું કેવુંને કેટલું ધ્યાન રાખે છે એ વર્ણૅન કાવ્યમયરીતે થયું છે. જ્યાં પવન પણ ધ્યાન રાખે એ જલબિંદુને કઈં આંચન આવે, ધીરે ધીરે અવાજ વિનાજ પવન પસાર થાય જ્યારે ધૂમ્મસમાંથી અનરાધાર વર્ષામાં ફેરવાઈ જતી પ્રકૃતિ આખી રચનાને ફેરવી નાખે છે. જે પવન સુકુમાર હતો એ સુસવાટા કરવાલાગ્યો! રચનામાં આવા જે બે – ત્રણ ફેરફારો થયા છે એ આ કાવ્યને એકદમ એ પર્વતની જેમ ઉન્નત બનાવે છે, નિતાંત પ્રકૃતિ – સજીવ અને સતત બદલાતી પ્રકૃતિના ચિત્રો એટલુંજ સુંદર કવિકર્મ આ રચનાને સ્થળ વિશેષ કાવ્યોમાં સ્થાન અપાવે છે. કવિ યોગેશ જોશીની વધુ એક સુંદર રચના એટલે આબુ.

–:૨૦:–

ગ્રીષ્મ

નાનકડી ચાંચ
અને
કિરણોનાં સોનેરી તણખલાં.

ટહુકે ટહુકે
ગૂંથાય માળો.

ત્યાં તો
સૂર્યરથનો વેગ વધે
ધસમસતાં પૈડાં
તથા અશ્વોના ડાબલાથી
ધમધમી ઊઠે
આખુંય આકાશ.

❑

આકાશમાં
એકાદ સમડીય
ચકરાવા લેતી હોય
તોય
ભર્યું ભર્યું લાગે
આખુંય આકાશ.

તપાવેલા તાંબાના પતરા જેમ
લમણામાં ઝીંકાયા કરે

તડકો
અને
ભેંકાર.

થાય કે
છત્રીની જેમ
એકાદ લીમડો ઓઢીને
ચાલ્યા કરું
કે પછી
બધાં કપડાં ઉતારી,
જળની ચાદર જેવો
લીમડાનો છાંયડો ખેંચીને
વીંટાળું નગ્ન શરીરે.

તડકાથી બચવા
તળાવમાં કૂદી પડેલું લાહ્ય લાહ્ય આકાશ
સંકોચાતું જાય ધી...રે ધી....રે
આકાર બદલતું.
તડકાના રાક્ષસી પંજામાં
ટૂંપાય
વૃક્ષો નીચેના છાંયડાનું ગળું.

સૂરજના ધગધગતા ગોળા પર
ટુંકટુંકીઓ
સતત ઠોકે હથોડા –
ટુક્.... ટુક્.... ટુક્.... ટુક્.... ટુક્.... ટુક્....

થોડી થોડી વારે
તડકામાં ઊડે

કોયલ ટહુકાની
શીતળ શીકરો
ફર્....ફર્....ફર્.....

❑

શિરીષ પુષ્પોનાં સુકોમળ તાંતણાઓ
અને
તારી આંગળીઓ.
ગરમાળાના સુવર્ણ ઝુમ્મરો
અને
તારા કાનનાં લટકણિયા.
ગુલમહોર
અને
તારા કાનની બૂટો પર
ધસી આવતી રતાશ.
રાતરાણી
અને તારું લાવણ્ય.
ચાંદનીની અગાસીમાં,
જૂઈ – પુષ્પોની સેજમાં
હું
અને
ગ્રીષ્મરાત્રિ

❑

-:૨૦:-

ગ્રીષ્મ

ગ્રીષ્મની ત્રણ અવસ્થા સવાર – બપોર અને રાત્રીના દશ્યો નિમિત્તે પ્રિયજનનું સ્મરણ એ કાવ્ય વિષય છે. 'કિરણોનાં સોનેરી તણખલાં' દ્વારા કવિ સવારનું ચિત્ર આંકે છે પછીથી ધીમે ધીમે સૂર્યરથનો વેગ વધે છે ને તપાવેલા તાંબાના પતરાની જેમ લમણાંમાં ઝીંકાયા કરે / તડકો અને ભેંકાર આમ બપોર થાય છે. આવી બળબળતી બપોરમાં એકાદ લીમડો ઓઢી જવાની ઝંખના યુક્ત કલ્પના થઈ આવે છે. આવા તડકાથી બચવા તો આકાશ પણ તળાવમાં કૂદી પડે ને સંકોચાતું જાય ધી... રે....ધી.... રે.... આકાર બદલતું આ તડકાના રાક્ષસી પંજામાં વૃક્ષની નીચેના છાંયડાનું ગળુયે ટૂંપાઈ જાય છે. એ પછીનું આધુનિક કવિનું કલ્પન આમ છે સૂરજના ધગધગતા ગોળા પર ટુકટુકીઓ સતત ઠોકે હથોડા ટુક... ટુક..... ટુક.... ટુક.... બસ હવે સાંજ પડે છે, ગ્રીષ્મની આ સાંજ કવિને પ્રિયજનની સ્મૃતિ જગવે છે. પ્રકૃતિના સત્ત્વોની સાથે પોતાના પ્રિયજનની તુલના કરે છે. જેમ કે.... શિરીષ પુષ્પોના / સુકોમળ તાંતણાઓ અને તારી આંગળીઓ / ગરમાળાનાં સુવર્ણ ઝુમ્મરો અને તારા કાનનાં લટકણીયાં / ગુલમ્હોર અને તારા કાનની બૂટો પરની રતાશ / રાતરાણી અને તારું લાવણ્ય આમ પ્રકૃતિ દ્વારા પ્રિયજનમય થયેલા કવિ અંતે કહે છે. ચાંદનીની અગાસી જૂઈ – પુષ્પોની સેજમાં / હું / અને ગ્રીષ્મ રાત્રિ. ગ્રીષ્મની સાંજ કવિને – સ્વજન સ્મૃતિમાં વિંટાળી દે છે ને રાત્રિ તો સ્વજનમય બનાવે છે. અહીં પ્રકૃતિની અવસ્થાઓ સાથે કવિચિતની અવસ્થાઓ કાવ્યમાં સુંદરપણે સંકળાય છે.

કાવવ્યના ત્રણ ખંડો અને કાવ્યની તેમજ કવિની ત્રણ અવસ્થાઓ એ કાવ્યનો રચના પ્રપંચ છે. આરંભ સુંદર છે સૂર્યના કૂણા કૂણા કિરણોને સોનેરી તણખલા કહેવામાં આવ્યા છે. ત્યાંતો એ સૂર્યરથનો વેગ વધીને આકાશને ભરીદે છે આ સંવેદન ઉઘાડથી કાવ્યનો ઉઘાડ થાય પછી થી તરતજ તડકાનું સામ્રાજ્ય – તાંબાના પતરાની જેમ જીંકાતા તડકામાં પછી ભેંકાર ભળે છે.

ઉનાળાની આ પ્રશાંત બપોરમાં કવિની ઈચ્છા લીમડાને છત્રીની જેમ ઓઢવાની થાય છે. સમગ્ર ધરતીને ચગદી નાખતો આ ગ્રીષ્મનો બપોરનો તડકો કે જેનાથી બચવા ખુદ આકાશ સંકોચાવા લાગે છે. વૃક્ષોના છાંયડાને પણ ગળેટુંપો દેવાય એવી લાહ્ય આ તડકાની – એ પ્રતાપ સૂર્યનો પણ દ્રશ્ય પરિવર્તન દ્વારા કવિ એક એવું કલ્પન રચે છે જે અચાનકનું આવી પડેલું ને તેથી નવતર લાગે છે જુઓ...... સૂરજના ધગધગતા ગોળાપર / ટુંકટુંકીયો / સતત ઠોકે હથોડા / ટુક્...... ટુક્...... ટુક્...... ટુક્...... ટુક્...... એ પછીનું સાંજનું દ્રશ્ય કોયલના ટહુંકાથી થાય જ્યાં પ્રિયજનનું સ્મરણ કવિને ઘેરી વળે છે. જેમાં પ્રકૃતિના અંગો અને પ્રિયજનના અંગોની સરખામણી સુંદર સ્પર્ધા રચે છે. અલબત આ બધું સ્મરણ રૂપેજ અને સ્મરણ પણ સમય સાથે વિસ્તરતું વિસ્તરતું સાંજથી રાત્રિ સુધી લંબાઈ આવે છે. સુંદર અંતિમ ચિત્ર કલ્પન દ્વારા રચનાનું સમાપન આ રીતે થાય છે..... ચાંદનીની અગાસીમાં / જુઈ પુષ્પોની સેજમાં / હું / અને / ગ્રીષ્મ રાત્રિ. આમ સ્મરણ – પ્રિયજનનું અને ગ્રીષ્મની સુગંધિત રાત્રિ.

– : ૨૧ : –

ક્યારે ?

આકુળવ્યાકુળ મારું હોવું સતત ફફડતું
પ્હાડ પીગળશે ક્યારે ?
થીજી ગયેલી નદીઓ વ્હેશે ક્યારે ?

આભ ઊઘડશે ક્યારે ?
પથ્થરની પાંખોવાળાં
આ શાપિત પંખી ઊડશે ક્યારે ?
અન્ધકારનું હિમ પડે છે મારી ઉપર
મારી ઉપર
અન્ધકારના ડુંગર ડુંગર જાય રચાતા
કૈં કાંટાળાં ઝાડ ફૂટયાં છે રૂંવે રૂંવે આ....
બળબળતાં કૈં રણ થીજ્યાં છે
નસે નસે આ
કંઠે મારા સતત ઉનાળો ભડકે બળતો
ને –
નસીબમાં તો ક્યાં છે આંસું ?
ક્યાં ચોમાસું ?
વીજ ચમકશે ક્યારે ?
ક્યારે ઊગશે સૂરજ – ચાંદા ?
દરિયા છલશે ક્યારે ? ?
જ્યાં જોઉં ત્યાં વૈતરણી છે....
આંખ ખોલતાં કાચ જેમ
આ તૂટે કીકી જેમ
શ્વાસ લઉં તો તડાક દઈ ને

તૂટે ફેફસાં
વૈતરણીમાં ખૂંપતો જઉં છું ઊંડે ઊંડે....
કોણ આવીને
મને કાઢશે
બ્હાર અહીંથી ?
ક્યારે ?
સપનામાંયે આભ ઊઘડશે ક્યારે ?
અંધકારના પડ પડ ભેદી
છેદી
મારી ભીતર
વણપ્રગટેલા કમળ કાજ
કો' સૂર્યકિરણ એકાદું
સપનામાં યે
કહો આવશે
ક્યા....રે ? ?
ક્યા.... રે ? ? ?

❑

– : ૨૧ : –
ક્યારે ?

જીવનની શૂન્યતા– રિકતતા કાવ્યનો વિષય છે. આધુનિક માણસની એના હોવા પણાની યાતના આ કાવ્યમાં પંક્તિએ પંક્તિએ પ્રગટ થઈ છે. ક્યારે ? એવા પ્રશ્નાર્થ સાથે વારંવાર બોલાતો આ શબ્દ ખાલીપણાને તીવ્ર પણે સૂચવતો રહે છે. શૂન્યતાને કવિ આ રીતે વ્યક્ત કરે છે / ..... મારી ઉપર / અંન્ધકારના ડુંગર ડુંગર જાય રચાતા / કે કંટાળા ઝાડ ફૂટયાં છે રૂંવે આ / ...... બળબળતાં કે રણ થીજયાં છે / આ જીવન વૈતરણી નદી છે જ્યાં ઊંડે ઊંડે ખૂંપવા સિવાય બીજો કોઈ રસ્તો નથી આ વેદના છતાં કવિને એકાદ સૂર્યકિરણની પ્રતીક્ષા છે, એ આશાનું કિરણ વાસ્તવમાંતો નહીં આવે પણ સપનામાં પણ ક્યારે આવે ? આવી પ્રતીક્ષાના ભાવ સાથે કાવ્ય સંપન્ન થાય છે.

આ રચનામાં વૈતરણીનો સંદર્ભ સાંપ્રત સાથે સંદર્ભાયો છે. એ આ કાવ્યને વિશેષ પરિમાણ આપે છે. આ જીવન વૈતરણીપાર કરવા જેવુંજ યાતના મય છે ને અસ્તિત્વ "આકુળ વ્યાકુળ મારું હોવું સતત ફફડતું" – અહીં કવિની પીડા બેવડાઈ છે, એક તરફ અસ્તિત્વની શૂન્યતા ને હેતુ શૂન્યતા ને બીજી તરફ જીવનનું પણ એવુંજ યાતના ભર્યું પસાર થવું. કવિના અસ્તિત્વપરક પ્રશ્નો કે જેમાં જીવન સ્થિર થઈ ગયું છે, એકધારાપણું પ્રવેશી ગયું છે એ એક ધારાપણામાંથી છૂટવાના કોઈ આશા એશ ન જોતા કવિ સ્વર ઉચ્ચારી ઉઠે છે.

"થીજીગયેલી નદીઓ ક્યારે વહેશે ? અંધકાર જાય અસ્તિત્વમાંથી છૂટવા પ્રકાશમય આંભ ક્યારે ઉઘડશે, જ્યાં અંધકાર પર અધકારના ડુંગર રચાતા જતા હોય ત્યાં કિરણની પ્રતીક્ષા કરતાં કવિ હજુ બિલકુલ નિરાશ થયા નથી, વળી સંવેદન જડતા પોતાનામાં એ રીતે વ્યાપી ગઈ છે કે નસીબમાં આંસુ કે ચોમાસું પણ નથી, બસ યાતનાભરી ચોપાસ વૈતરણી છે.

અહીં શ્વાસ લેવો એ પણ આ જીવનના કડવાં ઘૂટ પીવા બરાબર છે.

પણ આ અસ્તિત્વની વેદનાથી કે જીવનની વિટંબણાઓથી કોણ ઉગારી શકે ! કવિને પ્રતિક્ષા છે પણ એ પ્રતીક્ષા કોની છે એ કદાચ એ પણ જાણતા નથી. વાસ્તવમાં આ જીવનરૂપી વૈતરણીના દુઃખો અટકાવાના નથી પણ એકાદ માત્ર એકાદજ સ્વપ્નમાં પણ આ અંધકારથી દૂર થઈ પ્રકાશનું કિરણ જો પ્રાપ્ત થાય તો? કે જે ભીતરના ખાલીપાને અસ્તિત્વની એ શુન્યતાને ભરી દે, વાસ્તવમાં નહીં તો સ્વપ્નમાં પણ જો એ આશાનું કિરણ દેખાય તો પ્રકાશમાં જ થઈ ઉઠે આ હયાતી, પણ અંતે જતા એ પ્રશ્ન તીવ્ર પણે પૂછાય છે કે સ્વપ્નમાં પણ એ ક્યારે બનશે ? ક્યારે ?

– : ૨૨ : –

અજવાળાના મહાસાગરમાં

છેક કાનના પડદા પાસે ઘંટારવ આ ક્યાંથી ?
શંખ જેમ આ દરિયો બજતો આજે મારી નાભિમાંથી....

દૂર દૂરથી
અજવાળાનાં મોજેમોજાં ઊમટી ઊમટી
કેમ મને અફળાતાં ?
મારી ભીતર
વણપ્રગટેલા કંઈ કેટલા સૂરજ–ચાંદા
સતત હજી અકળાતા....

અજવાળાનાં મોજાં ઉપર હાલકડોલક અજવાળાનાં વ્હાણ આવતાં ક્યાંથી ?
વૃક્ષે વૃક્ષે ડાળે ડાળે નક્ષત્રોનાં ઝૂમખેઝૂમખાં ચમકે ક્યાંથી ?
કંકર કંકર રજકણ રજકણ બની તારલા ટમકે ક્યાંથી ?
શંખ જેમ આ દરિયો બજતો આજે મારી નાભિમાંથી....

ફાટ ફાટ આ અજવાળાના મહાસાગરમાં
ધીમે ધીમે
ડૂબતો જઉં છું
ઊંડે ઊંડે
ઊંડે
ઊં
ડે....

અજવાળાના ઝાડ અહીં તો અજવાળાના પ્હાડ
અજવાળાની માછલીઓ ને અજવાળાનાં છીપ

અજવાળાનો લય અહીં તો અજવાળાનં ગીત
અજવાળાનાં પંખી ઊડતાં અજવાળાનું ગીત ગૂંજતાં....

રંધ્ર રંધ્રમાં કોણ મારતું ફૂંક ?
રોમે રોમે અણજાણ્યો આ નાદ પ્રગટતો ક્યાંથી ?
શંખ જેમ આ દરિયો.... નહીં.... નહીં....
જૂઈનાં ફૂલની પાંખડીઓ શો
ઋજુ મૃદૂ આ ઝીણો મીઠો મીઠો
સૂરજ ક્યો પ્રગટે છે મારી નાભિમાંથી ? !

છિદ્ર છિદ્રનાં, રોમ રોમનાં અણઊકલ્યાં કંઈ દ્વાર ઉઘાડી
ધસમસતું અજવાળું આવ્યું રણઝણ રણઝણ મારી ભીતર
મેઘ ગરજતો મારી ભીતર
કરોડમાં કૈં વીજ ઝબક્ઝબક્ઝબ્
પલકારામાં
દેહ સકળમાં
ઝનન્ ઝનન્ ઝન્ નૃત્યું કરંતી વીજ દોડતી
ક્ષણભરમાં તો ફાડી તાળવું....

❑

– : ૨૨ : –

અજવાળાના મહાસાગરમાં

અજવાળાના સામ્રાજ્યનું આ કાવ્ય છે. કવિ એક અભૂતપૂર્વ એવો ઘંટારવ સાંભળે છે જેને પરિણામે ભીતરથી દરિયો ઊઠયો છે / .... આ ઘંટારવે ભીતરને અજવાળી દીધું છે દૂર દૂરથી આવતાં અજવાળાના મોજા ઉમટી પડીને અફળાય છે..... / આથી ફાટફાટ આ અજવાળાનાં મહાસાગરમાં / ધીમે ધીમે / ડૂબતો જઉં છું અજવાળાના આવા મહાસાગરમાં ડૂબીને કવિને વિશિષ્ટ એવી અનુભતિ થાય છે. અને હવે ઝાડ, પહાડ, માછલીઓ, છીપ, ગીત, પંખી– આ બધાં જાણે અજવાળાના જ અજવાળા થી ભર્યા છે. આમ સમગ્ર સૃષ્ટિ આ વિશિષ્ટ એવા અજવાળામાં નાહી રહી હોય એમ કવિને લાગે છે. આ રોમાંચથી કવિને રંધ્ર રંધ્રમાં કોઈ ફૂંક મારતું હોય ને તેમાંથી ઋજુ મૃદુ એવો સૂર નાભિમાંથી પ્રગટતો હોય એવું લાગે છે અને એ સૂર સમસ્ત અસ્તિત્વને ભર્યુ ભર્યુ કરે છે જાણે બહારનું આ અજવાળું ભીતર પ્રવેશે છે આથી તો.... / દેહસકળમાં / ઝનન્ ઝનન્ નૃત્ય કરંતી વીજ દોડતી / આમ અજવાળાના – આ મહાસાગરમાં નાહી ને ભીતરથી ભર્યા ભર્યા થઈ જાય છે.

આ અછાંદસના બે પરિચ્છેદોમાં ગીતનો લય સક્રિય થયો છે, ને બાકીના બે પરિચ્છેદમાં ગીતના લયનો ત્રુટક – ત્રુટક ઉપયોગ કરીને એક વિધતા ટાળીને અછાંદસને પોતાની રીતે – નવેસરથી પ્રયોજવાનો આ પ્રયત્ન જ સરાહનીય છે. આ રચના ગીતના પ્રસિદ્ધ લયને ખપમાં લેતી હોવાથી ગીત હોવાનો સંપૂર્ણ આભાસ ઉભો કરે છે. પણ જ્યાં લયનો હિલ્લોળ શરૂ થાય ત્યાંજ લયભંગ કરીને કવિ એક પરંપરા પ્રાપ્ત લયમાં ઢળી જવાનું ને એને સરેન્ડર થવાનું ટાળે છે, જોકે આપણને લાગે કે લયનું આવર્તન આખું પૂર્ણ ન થવું જોઈએ જે લયભંગ કવિસાધીલે તો અછાંદસને એ વિશેષ અનુકુળ આવે પરંતુ લયના કેફ માં કવિ ન ઈચ્છતા છતાં પણ બે એક વાર આ રચનામાં તણાયા છે. છતાં ગીતની જેમજ મુખડો બાંધીને પછી લયથી દૂર જઈને રચનાને વિકસાવે છે.

અજવાળાનું સામ્રાજ્યને એમાં ડુંબતાજતાં કવિ વચ્ચે ભૂલાપડયા હોય એવું પણ લાગે કે ગીત તરફ પોતે કઈ બાજું જઈ રહ્યાં છે. ગીતના પ્રસિદ્ધ લય અને અંત્યાનું પ્રાસ આ બન્ને આ રચનાનું કાઠું બાંધે છે. અને લયની પંક્તિઓમાંજ લયભંગનું સામાર્થ્ય રચનામાં એક જગ્યાએ સરસરીતે દેખાડે છે જમેકે....

અજાવાળાનો લય અહીંતો અજવાળાંના ગીત / અજવાળાનાં પંખી ઉડતાં અજવાળાનું ગીત ગૂંજતા... / અહીં 'ગૂંજતા' શબ્દ ન આવ્યો હોત તો આપણે કવિને માફ ન કરીશકત. ત્રીજાપરિચ્છેદને અંતે આરંભનો લય પુનઃ ડોકાય છે ને પ્રાસના તત્વથી આરંભ સાથે અનુસંધાન સધાય છે ત્યાં પુનઃ એ અનુસંધાન ને તોડીને મેઘ ગરજતો મારીભીતર.... ઝનન્ ઝનન્ ઝન મૃત્યુ કરંતી વીજદોડતી / ક્ષણભરમાં તો ફાડી તાળવું – દ્વારા અછાંદસ નો નવો લય આકાર પામે છે.

–: ૨૩ :–

ક્ષણ

ઓચિંતાનું જ ઝીંકાય ઝાપટું
ભીંજાઈ જાય તડકો લથબથ
કમકમી ઊઠે પૃથ્વી
સૂસવાટાના તાલે તાલે
વર્ષાધારાઓને દોરે પવન
વરસવાનું હજી શરૂ નથી કર્યું
તેવાં વાદળોને
ઉત્તેજે કામુક ધરાની ગંધ

બારી પાસે
ઊભો છું
એ ક લો

પવન
ખોબલે ખોબલે ઉછાળે મારી ઉપર
ઠંડા ઠંડા છાંટા
મારા ઉચ્છ્વાસમાંથી
                    સરી
                        પડે
                            ગરમ ગરમ તારું નામ
અડાબીડ જંગલોને વીંધતું
મારું આખુંયે ગામ
તણાતું જાય તારા ગામ ભણી....
વર્ષાધારાઓ
તારા ગામના પહાડો પર
શિલાએ શિલાએ
લખતી હશે મારું નામ, મારો સંદેશ....

અતિ વેગે
દોડી જતી નાગણી જેવી વીજળી
દોડી જાય મારી કરોડરજ્જુમાં
ને જોઉં તો
મારા રોમે રોમે
          એક એક હળ !
તારે જો
ઘરમાં પુરાઈ જ રહેવું હોય તો કલ્પના,
આ વરસાદને કહી દે–
                    થંભી જાય અબઘડી
ભીની ભીની માટીને કહી દે–
                    મહેંકે નહીં
બપૈયાને કહી દે–
                    મૂંગુ મરે
ઊંડેઊંડે રોપાયેલા બીજને કહી દે–
                         પાંગરે નહીં
ઓઢાડી દે રેઈનકોટ
                    તારા આખાયે ગામને
સમુદ્રને
એક ટીપામાં પૂરીને વાસી દે તાળું
પણ પછી
ક્ષણ
સરક્
   સ
    ર
     કી
      ગયા પછી
કહેતી નહીં
કે....
❑

-: ૨૩ :-

ક્ષણ

પ્રણયકાવ્ય. ઓચિંતુ એવું વરસાદનું ઝાપટું ઝીંકાય કે 'તડકો ભીંજાઈને લથ બથ' થઈ ગયો જેવું ઉત્તમ કલ્પન મળે છે. બારીપાસે ઊભેલા કાવ્યનાયક ને વર્ષાના છાંટા ભીંજવે છે ને એના ઉચ્છ્વાસમાંથી ગરમ ગરમ કલ્પનાનું નામ સરી પડે છે. બારી પાસે વર્ષા ભીનીં પ્રકૃતિને જોતાં કાવ્યનાયક ને કલ્પનાની સ્મૃતિ સળવળે છે. / ..... આ વર્ષા ધારાઓ એવી છે.... / જે તારા ગામના પહાડ પર / શિલાએ શિલાએ / લખતી હશે મારું નામ, મારો સંદેશ / વર્ષાની ધારાઓ સાથેનો સંદેશ કેવો રમ્ય છે – આ વરસાદી ક્ષણ તો મિલનની, પરંતુ કલ્પના ક્યાં છે ? આ ક્ષણ સરકી જશે તો ? કલ્પના વગરના આ બધા દશ્યો શાં કામના જ્યાં / ભીંની માટી મહેંકતી હોય, બપૈયો બોલતો હોય, બીજ પાંગરતું હોય, પરંતુ કલ્પના વિના આ કોઈનો કશો જ અર્થ નથી – વર્ષાની આ ધારા કવિને કલ્પનાનું સ્મરણ કરાવે તો છે પરંતુ સાથે વિહ્વળ અને ખિન્ન પણ બનાવી દે છે.

આ રચનામાં પણ અન્ય કેટલાક કાવ્યોની જેમ કલ્પના એના બન્ને સંદર્ભો સાથે દેખાય છે. એક ઉપર કહ્યું એમ જો માનુષી છે તો એ ભાવ સંપૂર્ણપણે પ્રણયનો છે, ને જો કલ્પના વાયવી છે. તો એનો સંદર્ભ પ્રેરણાકે સ્ફૂરણા સાથેનો છે, બન્ને રીતે આસ્વાદી શકાય એવી આ રચના લવચિક છે, એટલીજ લવચિકભાષા આ રચનાની બીજી વિશેષતા ગણાવી જોઈએ!

પ્રકૃતિના નિબિડ અનુભવ માંથી પસાર થતાં કવિ એમના એકાંતને ફંફોસી રહ્યાં છે. એક તરફ વરસાદ, પવન, ધરતીની સુગંધ એ પ્રણયને વિહવળ કરનારી સામગ્રી બને છે, તો બીજી તરફ કાવ્ય સ્ફૂરણની ભૂમિ પણ બને છે, આ બન્ને માંથી કોઈપણ કલ્પના હોઈ શકે કવિનેઆ ક્ષણે તીવ્ર એકાન્ત ભીંસે છે. ને ઉચ્છ્વાસમાંથી કલ્પનાનું નામ સરી પડે છે. આ સરીપડવાની ક્રિયા કવિ શબ્દોની વિશિષ્ટ ગોઠવણી દ્વારા ચાક્ષુષ કરે છે.

કલ્પનાનું પોતાની પાસે હોવું એ આ કાવ્યમય વાતાવરણમાં કેટલું અનિવાર્ય છે જે એના અભાવ માં કવિ આમ સમજાવે છે, માગે કહે છે.... તારે જો / ઘરમાં પુરાઈ જ રહેવું હોય તો કલ્પના / આ વરસાદને કહી દે / થંભીજાય અબઘડી / ભીનીભીની માટીને કહીદે / મહેંકે નહીં.... / સમુદ્રને / એક પેટીમાં પૂરીને વાસી દે તાળું / પણ પછી / ક્ષણ / સરક્ / સરકી ગયા પછી કહેતી નહી / કે.......

એક સ્પષ્ટ વાત છે કે કવિને ઉતમ કલ્પના કે સ્ફૂરણાની જેટલી આવશ્યકતા છે એટલીજ આવશ્યકતા કલ્પનાને સર્જકની હોય છે. કલ્પનાને પણ યોગ્ય પણે અવતરી શકે એવા સર્જકની જરૂર હોય છે એટલે કવિચિત કાવ્યપ્રયાણ માટે સક્રિય થયું છે ને કલ્પના નું પ્રગટવું એ હંમેશની જેમજ કવિને પીડાકારક રહ્યું છે ; એનું આવી–આવીને છટકી જવું એમજ ચાલવાનું હોય તો નિસર્ગની આ લીલા માં ખોવાયેલા તેને અર્થહીન લાગે છે. આમ આ રચનામાં કલ્પના એના બન્ને રૂપે – સ્વરૂપે હાજર છે.

-:૨૪:-

ધગધગતું એકાન્ત

સુક્કા ઘાસનાં ઢગલાની જેમ
ભડ ભડ સળગે મારું એકાંન્ત
હવે આંખ ખોલીનેય શું
કે હાથ મીંચીનેય શું ?

મારા સ્વપ્નપ્રદેશમાં તો
હજીય તરફડે છે–
ધગધગતા ભઠ્ઠામાં તપાવેલી રાતીચોળ રાત્રિઓ
હવે આ અંધકારના વહેણમાં તો
શ્વેત હંસને કઈ રીતે મૂકી શકાય તરતો ?
ને ભડકે બળતું ઘાસ ચરતો ઘોડો તો
કદી સ્વપ્નમાંય જોયો છે ? !

થાય છે,
વિધાતાએ હથેળીમાં ચાબખા મારેલા
અને જે સોળ પડી ઊઠયા તે જ આ હસ્તરેખાઓ....

મારી ઉદાસ આંખોમાં
એકાદ સોનેરી વહાણ તરતું મૂકવાથી તે કંઈ
શાંત થઈ જવાનો હતો આ ઝંઝાવાત ?
જ્યારે
આખાય આકાશમાં આગ ભભૂકી ઊઠે
ત્યારે પાંખ ફૂટે તે શા કામની ?
ડામરની લાંબી લાંબી સડકોય

ગભરાયેલા સાપની જેમ જ પેસી ગઈ દરમાં
ને માછીમારની જાળ જેવી આ કાંચળીમાં
ફસાઈ પડયાં છે બે ય પગ.
ક્યારેક છેક સોનાનાં દ્વાર પાસે પહોંચી જઈને જ્યાં
ટકોરા દેવા જઈએ ત્યાં જ
ટપ્ દઈને હાથ ખરી પડે તો શું કરવું ? !

ગઈ કાલ સુધી તો
મારી છાતીના પર્વતો વચ્ચેથી
કેવી ખળખળ વહેતી હતી નદી !
શ્વાસોનાં લીલાંછમ જંગલોમાં
કેવાં ઊડાઊડ કરતાં હતાં પતંગિયાં !
પણ
પાંપણનો પલકાર થતામાં જ
કોણ હરી લે છે આ બધુંય સામ્રાજ્ય ?

બરફના ગોળાની જેમ જ
મારે તો ચૂસવો હતો સૂરજને
ગડગડાટ સાથે થતી વીજળીને મસળવી હતી છાતીએ.
વરસાદની ધારાઓ પકડી
ઝૂલવું હતું ક્ષિતિજના સામસામા છેડા સુધી
ને ભૂલવું હતું
અગ્નિ થઈને ઝળહળતું તારું નામ !
પણ એ નામને તો
ભયંકર પ્રલય સુધ્ધાં ભૂંસી શકે એમ નથી
એથી તો કહું છું કલ્પના;
નાનો કાંકરો દરિયામાં ડૂબી જાય તેમ
મનેય ડૂબાડ દે ઊંડે ઊંડે તારામાં

જ્યાં સૂર્યકિરણ સુધ્ધાં જઈ ના શકે.
જ્યાં ઈશ્વરની નજર સુધ્ધાં પહોંચી ન શકે.
જ્યાં કવિનો કોઈ શબ્દ સુધ્ધાં
મને દેખી ન શકે
ને પછી
ફાટવા દે તારા ભૂગર્ભમાં દટાયેલા જવાળામુખીને
ના, અટકાવીશ નહીં પ્રલયને
ભલે મારી ઉપર રચાતા અસંખ્ય પિરામિડો
ભલે મારી ઉપર બંધાય ઈશ્વરના રાફડા
મારે તો હવે
ધરતીની નીચે ને નીચે જ ઊતરતા જવું છે
સોનાની ખાણોથીય નીચે,
પાતાળથી ય નીચે, ઊંડે, ખૂબ જ ઊંડે
આદિમ સંસ્કૃતિના અવશેષોથીય ઊંડે
કોઈ આદિ ઋષિમુનિના મંત્રથીય વધુ ઊંડે
જ્યાં કંઈ કહેતાં કંઈ જ ન હોય
કોઈ જ અવશેષ સુધ્ધાં ન હોય
કે ઈશ્વરે કરેલાં કોઈ સરવાળા–બાદબાકીની
શેષ પણ ન હોય
હોય માત્ર ધગધગતો લાવા
મારા એકાન્ત જેવો જ.

❑

– : ૨૪ : –
ધગધગતું એકાંત

અસ્તિત્વની વેદના – ઉદાસીમાં કાવ્યનાયકને કલ્પનાનું સ્મરણ થાય છે. કાવ્યનાયકને વિધાતાનો એક અનુભવ થયો છે / થાય છે / વિધાતા એ હથેળીમાં ચાબખા મારેલા / અને જે સોળ પડી ઊઠયાં તેજ આ હસ્ત રેખાઓ / એટલે જ કવિ ચીસ પાડી ઊઠયાં છે / બરફના ગોળાની જેમ જ .... / મારે તો ચૂસવો હતો સૂરજને / ઝડઝડાટ સાથે થતી વીજળીને મસળવી હતી છાતીએ / ભૂલવું હતું અશ્મિ થઈને ઝળહળતું તારું નામ ! / પરંતુ હવે એ નામને તો પ્રલય પણ ભૂંસી શકે એમ ક્યાં છે ! આથી એ નામમાં જ કલ્પનામાંજ એટલા ઊંડે ડૂબી જવું છે કે જ્યાં સૂર્ય કિરણ, ઈશ્વરની નજર, કવિનો શબ્દ કોઈ જ ન પહોંચે / આ બધાથી ઓચાઈ ગયેલો કાવ્યનાયક કહે / આદિમ સંસ્કૃતિના અવશેષોથીય ઊંડે / કોઈ જ અવશેષ સુદ્ધાં ન હોય કે ઈશ્વરે કરેલાં કોઈ સરવાળા બાદબાકી ની શેષ પણ ન હોય / બસ મારાં જેવો – મારા એકાન્ત જેવો પળશે એવો ભાવ આ કાવ્યમાં રજૂ થયો છે.

આઠેક પરિચ્છેદોમાં કવિએ એના ધગધગતા એકાન્તને શબ્દસ્થ કરવા અને પ્રત્યક્ષ કરવા પ્રયત્ન કર્યો છે. આધુનિકતાવાદી કવિનું ચિત ઈશ્વર ના અસ્તિત્વને સ્વિકારતું નથી ને જો સ્વિકારેતો નિયતિ નિષ્ઠુર છે એવું કહ્યાં વીના ન રહે, આ રચનામાં કવિ એના એકાન્ત સમયે વ્યગ્રચિતે જે વ્યથાઓ અનુભવે છે એમાં ઈશ્વર વિષયક પ્રશ્નોને પણ ઉંડળમાં લે છે. એ આમપણ એવુંજ અનુભવે છે કે..... જ્યારે / આખાય આકાશમાં આગ ભભૂકી ઊઠે / ત્યારે પાંખ ફૂટે તે શા કામની ? એટલે આ નિષ્ઠુર રમત નિયતિ દ્વારા પોતાની સાથે રમાઈ રહી છે એની સભાનતા તેનામાં છે. પણ શું થયું ? આ જાળ નિયતિ એ બિછાવેલી છે ને એમાં..... ને માછીમારની જાળ જેવી આ કાંચળીમાં / ફસાઈ પડયા છે બેય પગ / પણ આ રમતમાં પ્રથમ ઈશ્વર ને પછી કલ્પના પણ પ્રવેશે છે, જેનું નામ ભૂલવાના પણ પ્રયત્ન છતાં કવિને લાગે છે એ નામ હવે ભયંકર પ્રલય પણ ભૂંસી નહીં શકે ! એટલે એ બન્ને (ઈશ્વર અને કલ્પના)

ની પહોંચ ન હોય ત્યાં પોતાના એકાન્ત સાથે કવિને ચાલ્યું જવું છે. અલબત જ્યાં સૂર્યકિરણ, કોઈ કવિનો શબ્દ, પણ પણ ન પહોંચી શકે, સોનાની ખાણોથી નીચે, પાતાળથીયે નીચે, આ હિમસંસ્કૃતિના અવશેષોથીયે ઊંડે જ્યાં કઈ કહેતા કંઈજ ન હોય જ્યાં ઈશ્વરે કરેલા કોઈ સરવાળા બાદબાકીની શેષ પણ ન હોય ! કશુંજ નહીં ને માત્ર ધગધગતો લાવા હોય એ લાવાજ કવિના એકાંત સાથે એક રૂપ થઈ શકે! જ્યાં લાવા હોય ત્યાં કશુંજ નથી હોતું ! આમ એકાંત અને લાવાનું સંયોજન આ ધગધગતા એકાન્ત નો પર્યાય છે.

આ રીતે આ રચનામાં કવિ પોતાના એકાન્ત ને વધુ ઘેરી રીતે અનુભવતા કહે છે કે જ્યાં અન્ય કોઈ પ્રવેશી ન શકે એવા લાવામય એકાન્તનો એને ખપ છે.

–ઃ ૨૫ ઃ–

પાછો ચાલ્યો જઈશ

તો આજે
આ કવિતા લખવાની જરૂર ન પડત
પાણિયારે એકાદ કોરી યે માટલી હોત
તો શબ્દ વિના ય ચાલત.
પણ આટલાં યુગો પછી યે
બરફના પહાડ પર
સૂર્યકિરણની એકે ય પગલી ન પડી.
આક્રન્દ કરી કરીને
ઉલ્કાની જેમ ખરી ગયો મારો અવાજ
છતાં ય
કાંટાળી ઝાળીમાં ફસાઈ ગયેલા ચંદ્રને
મુક્ત ન કરી શકાયો.
આખીય સૃષ્ટિ પર બિછાવી દીધી Antenna ની જાળ
પણ ખૂટતા શબ્દોનો સંકેત ન જ ઝિલાયો
ને ખભે કોરો દરિયો ઊંચકીને
તો કેટલું ચલાય ?
ડૂબ્યા વિના તે કેટલું જિવાય ?
જાણું છું
એ જ માટીમાંથી ઘર પણ બનાવાય
ને કબર પણ પુરાય
પણ
છેવટે જો લાશને કાંઠા પર જ ફેંકી દેવી હોય
તો આ જળ કોઈને ડુબાડે જ શું કામ ?
રેતીના થરો સાથે
અફળાતાં હલેસાંનો અવાજ સાંભળે છે તું ?

તારા ઉંબર પર
રોજ એકેક વૃક્ષ નથી ઊગતું ?
તારા નગરમાં રોજ સવારે
શિરીષના કણસવાનો અવાજ નથી આવતો ?
રોજ રાત્રે
રાતરાણીના રડવાનો અવાજ
નથી પીડતો તને ?
પણ હવે
ઝાકળનાં ટીંપા ગબડતાં ગબડતાં
મારાં ચરણ પાસે આવીને ઊભા રહે
તેથી શું ?
ફેફસાના ઝાંખરાંમાં ગૂંચવાઈ ગયેલા શ્વાસને
હવે કોઈ જ ઉકેલી શકે તેમ નથી
પણ મારે
કોઈ પશુ પાણી પીવા આવ્યું હશે એમ ધારી
શબ્દવેધી બાણ છોડીને
વીંધવું નહોતું જોઈતું તારા એકાન્તને
પ....ણ....
કંઈ નહિ, કલ્પના;
મારી હથેળીમાં
એકાદ શબ્દ મૂક
હું......
પાછો ચાલ્યો જઈશ !
❑

– : ૨૫ : –

પાછો ચાલ્યો જઈશ

પ્રણયકાવ્ય અહીં કલ્પના અને કલ્પન અલબત્ત કાવ્યકલ્પન એક બીજામાં ગાઢ રીતે ગૂંથાયા છે. કવિને શબ્દની શોધ છે જેમ કે / આક્રન્દ કરી કરીને / ઉલ્કાની જેમ ખરી ગયો મારો અવાજ / છતાંય / કાંટાળી ઝાડીમાં ફસાઈ ગયેલા ચંદ્રને / મુક્ત ન કરી શકાયો / આખીય સૃષ્ટિ પર બિછાવી દીધી Antenna ની જાળ / પણ ખુંટતા શબ્દોનો સંકેત ન જ ઝિલાયો / કવિની વેદના આ છે કે માત્ર આક્રન્દથી કંઈ થઈ શક્યું નથી કોઈ ઉત્કટ કલ્પન મળે તો કશું થઈ શકે. કવિ એ નમળેલા કલ્પનને કહે .... / રોજ એક વૃક્ષ તારા ઉંબર ઉપર નથી ઊગતું અને શિરીષના કણસવાનો અવાજ, રાતરાણીના રડવાનો અવાજ વગેરેથી વિહવળ કવિ શબ્દરૂપી ઉત્તમ કલ્પન કે શબ્દ એ તો કલ્પના જ આપી શકે એક જો એવો શબ્દ લાધે ! આ રીતે અહીં કલ્પન – કલ્પના અને કાવ્ય નાયક ત્રણે એકબીજામાં ઓગળી જાય છે.

એકાદ કાવ્યમય શબ્દની શોધ એક સાચાકવિ ને કેટકેટલી રીતે પીડે. લાભશંકર ઠાકરની એક રચનાનું તીવ્ર સ્મરણ જગાડે એવી આ રચના છે. જેમાં શબ્દ શોધ – કલ્પન શોધ ને એ નિમિતે સ્વ શોધ આરંભાય છે. "અવાજને ખોદી શકાતો નથી / ને નથી ઉંચકી શકાતું મૌન / અહીં એક રીતે અવાજને ખોદવાની ક્રિયાનો આરંભથાય છે. એન્ટેનાની જાળને બિછાવવાથી પણ એક શબ્દ નથી લાધતો, એ માટે પ્રકૃતિ પણ અહીં ગમગીન સામગ્રી મટી જઈને હાજર છે, પણ કલ્પના ક્યાં છે ? વ્યર્થ નિસહાયતાને અક્ષુણ્ણ એકલતા કવિને કહેવરાવે છે..... રેતીના ઘરો સાથે / અફળાતાં હલેસાનો અવાજ સાંભળે છે તું? / શિરીષના કણસવાનો અવાજ નથી આવતો ? / રાતરાણીના રડવાનો અવાજ નથી પીડતો તને ? આમ આ નિરંધ્ર એકલતામાં કવિની પીડા અહીં કાવ્યમય કલ્પન ધારણ કરે છે પણ એકલ્પન ના કારણ સમી કલ્પના શબ્દરૂપ ક્યાં સંપડાવે છે. સામે એકલતામાં વ્યસ્ત (ગ્રસ્તનહી) કલ્પનાના એકાંતને પણ કવિ આ બધુ કહીને શબ્દ વેધ બાણ છોડીને વીંધીનાખે છે.

એક કવિની યાચના એકાદ શબ્દની છે તે શબ્દ પોતાની એકલતા માંથી છોડાવીને કલપનામય બનાવીદઈ શકે એવા એ શબ્દની યાચના અહીં કવિ ખુદ કલ્પના (પ્રિયા ! કે કાવ્ય કલ્પન) પાસે કરે છે આ દ્રષ્ટિએ આ કવિના 'કલ્પના' વિષયના કાવ્યોમાં અલગ તરીઆવતું આ કલ્પનમય કાવ્ય કલ્પનાને પામીને કલ્પનજ – શબ્દ જ માંગે છે જે 'શબ્દ' એની શોધ છે, ને નિમિત બનાવવાનું ઈજન કલ્પનાને આપે છે આમ શબ્દ શોધનું આ અછાંદસ વિશિષ્ટ કાવ્ય છે.

– : ૨૬ : –

સંબંધ

સંબંધ હતો મારે
એ ડોસી સાથે.
મને
તો એની ખબરેય નહિ !
રહેતી એ
સામેના બ્લોકમાં,
ભોંયતળિયાના ફ્લેટમાં.
મારા બીજા માળના ફ્લેટની ગેલેરીમાંથી
એ નજરે પડતી –
બેઠી દડીના ધોળા પોટકા જેવી.
ઓટલે બેઠી બેઠી
કશુંક સાંધતી–થાગડથીગડ કરતી,
કશુંક વીણતી–તારવતી
કે વાસણ અજવાળતી.

મારી ગેલેરીમાંથી
એનો ચહેરો દેખાતો નહિ.
માથે ઓઢેલ કધોણ પડેલા ધોળા સાડલા નીચે
બસ,
ધૂંધળું અંધારું દેખાતું !
એ અંધારામાં
કેવો હશે
એનો ચહેરો ? એની આંખો ? !
ઊંડા અંધારા ગોખમાં
ટમટમતા દીવા જેવું

ચમકતું હશે એમાં કોઈક તેજ ?
કેવી હશે
ચહેરા પરની કરચલીઓ ? !
સમયે એમાં પાડયા હશે ચાસ ? !
કેવું હશે
એની બોખી દાબડીનું હાસ્ય ? !

આ અગાઉ કદી
આવું વિચાર્યું ય નથી.
એનું નામેય નથી જાણતો હજી તે !

સાંજે ઓફિસેથી આવતાં જાણ્યું
એ ડોસી
મરી ગઈ....

અધરાતે મધરાતે
ગેલેરીમાં બેઠો બેઠો હું
હાંફતો–ખાંસતો હોઉં ત્યારે
અંધકારના ઓળા જેવી એય ખાંસતી
ગાભાની ગોદડીમાં બેઠી બેઠી
ઓટલા પર;
કેમેય એનું મોં ભેગું થતું નહીં
એકધારું ખાંસતાં ખાંસતાં
બેવડ વળી જતું એ પોટકું.
રાતના ગઢમાં
ગાબડાં પાડે એવી ખાંસી છતાં
કોઈ જ ઊઠતું નહિ એને દવા પાવા.....

મારી ગેલેરીમાં બેઠો બેઠો હું
મનોમન
એની પીઠે હાથ ફેરવતો.

એના મરણ પછીની રાત્રે
મને ખાંસી ચડી,
થયું, હમણાં સામેથી આવશે
પેલી ડોસીનો ખાંસવાનો અવાજ
પણ...... પણ..... પણ.....

ત્યારે
પહેલી જ વાર મેં જાણ્યું:
એ ડોસી સાથે
સંબંધ હતો મારે
સાથે ખાંસવાનો
સાથે હાંફવાનો.... ....

❑

– : ૨૬ : –

સંબંધ

એક અનોખો સંબંધ કાવ્ય વિષય, કવિનું દર્દ અને સામે રહેતી એ ડોસીનું દર્દ સરખુંને ખાસી ખાવાનો સંબંધ – આ સંબંધ વિચ્છદાયો છે. એ કલ્પન તીવ્ર પણે અંકિત થાય છે એ ડોસીના મૃત્યુથી ખિન્ન થયેલા કવિને ડોસીનું સ્મરણ જાગે છે.... / એ ડોસી જાણે બેઠી દડીના ધોળા પોટકા જેવી / ચહેરો દેખાય નહીં, કેવો હશે એ ચહેરો ! એની આંખો ? કેવું હશે એની બોખી દાખડીનું હાસ્ય ? કવિને યાદ આવે છે અધરાતે ગેલેરીમાં બેઠા પોતે ખાંસતા હોય ત્યારે એય ખાંસતી જ હોય છે / રાતના ગઢમાં / ગાબડાં પાડે એવી ખાંસી છતાં / કોઈ જ ઊઠતું નહીં એને દવા પાવા / ને કવિ મનોમન એની પીઠે હાથ ફેરવતાં રહ્યા છે. એના મરણ પછીની રાત્રીએ કવિને ફરી ખાંસી આવી તેને થયું હમણાં જ એ ડોસીનો ખાંસવાનો અવાજ આવશે પણ એમ ન થયું કવિને યાદ આવ્યું એ ડોસી સાથેનો ખાંસવાનો હાંફવાનો સંબંધ કપાઈ ગયો છે એ સંબંધનું આયુષ્ય પુરું થઈ ગયું છે.

કવિની એક તરેહમાં ચાલતી આ રચનામાં સીધા સપાટ બયાનો દ્વારા કાવ્યની મોટાભાગની વાત કહેવાય છે. કશુંક પણ વિશિષ્ટ એવી કથન રીતિ અહીં નથી લગભગ સપાટ બયાનોમાં વહેતી આ રચનામાં એનો વર્ણ્ય વિષય એ સામેની ગેલેરીમાં પોટલાની જેમ પડી રહેતી અને ખાસ્યાં કરતી ડોસી છે. અહીં કવિ ડોસીનું શબ્દ ચિત્ર ચાક્ષુષ કરી શક્યા છે. જેમકે....

એ નજરે પડતી / બેઠી દડીના ઘોળા પોટકા જેવી / અને વળી કહે છે...... એનો ચહેરો દેખાતો નહિ / માથે ઓઢેલ કઘોણ પડેલા ધોળા સાડલા નીચે / બસ / ધૂંધળુ અંધારુ દેખાતું / બસ એ અંધારામાં કવિ એને સ્પષ્ટ જોઈ શકતા નથી માટે એ કેવી લાગતી હશે ? એમ વિચારી એની કાલ્પનિક હયાતીને ચિતરે છે..... કેવી હશે / ચહેરા પરની કરચલીઓ ? / સમયે એમાં પાડયા હશે ચાસ ? / કેવું હશે એની બોખી દાબડીનું હાસ્ય ? /

આવા પ્રશ્નો કવિને થતા રહે છે. – એટલે સંપૂર્ણ જોઈ નથી એવી એ ડોસી સાથે કવિને ખાસ એક સંબંધ રચાયો છે પણ અચાનક એક સાંજે કવિને એના મરણના સમાચાર મળ્યા. જેની સાથે અધરાતે – મધરાતે હાંફવાને ખાંસવાનું થયું છે, જેણે પીડામાં હંમેશા પીડાઈને સાથ આપ્યો છે એ ચાલી ગયાના સમાચાર કવિને અકળાવી રહે છે. જેને મનોમન ખાંસતી વખતે પીઠ પર હાથ પસવારતા કવિને આજ સુધી નગરજીવન ની યાંત્રિકતાનેવશ પ્રત્યક્ષ તેની સમક્ષ જતા રોક્યાં છે; તે આજ ચાલી ગઈ છે. પરંતુ કાવ્યના અંતિમ ચરિચ્છેદમાં એક વિશિષ્ટ ઘટના ઘટતાં કવિચિતમાં એક અભાવ પ્રગટે છે – એક દિવસ એમજ કવિ ખાંસે છે, ને સામેથી પણ ખાંસવાના અવાજ આવશેની પ્રતિક્ષા પણ પ્રથમ વાર જાણ્યું એ અવાજ ચાલ્યો ગયો છે. એ ભાન કવિને ખાંસવાનો પણ એક સંબંધ હોય છે. જે નો અંત આવીગયાની ગ્લાનિ જન્માવે છે.

ઉપસંહાર

આમ આ છવ્વીસ રચનાઓ માંથી પસાર થતાં કવિ યોગેશ જાશી કવિ તરીકેની તેમની વિશિષ્ટતાઓ – ગુણપક્ષ અને કિંચિત મર્યાદાઓ નજરે પડે છે સાથે સાથે કવિ તરીકેની તેની ઓળખ પણ સ્પષ્ટ થાય છે. અહીં આધુનિક કાવ્ય સંવેદન અને નવીનતમ અભિવ્યક્તિરીતિના દર્શન થાય છે. આ કાવ્યોનો પરિવેશજ અધ્યતનતાના ખ્યાલથી રચાયો છે.

'છાતીએ નહીં ત્રોફાવેલા મોરની વેદના' વ્યક્ત કરતાં આ કવિની સૌપ્રથમ ઓળખ પ્રણય કવિની છે, પ્રણય આ કવિની કવિતાનું અંગભૂત તત્ત્વ છે. આથી પ્રેમના અનેક રૂપો કાવ્ય વિષય બને છે આવા કાવ્યોનું નિમિત્ત 'કલ્પના' છે, જે જે કાવ્યમાં આ શબ્દ પ્રયોજાયો છે એ કાવ્યમાં વિશિષ્ટ ભાવસંદર્ભો – અર્થ સંદર્ભો પ્રગટાવતો રહે છે. ક્યારેક આ શબ્દ પ્રિયપાત્ર તરીકે તો ક્યારેક કાવ્ય કલ્પન તરીકે ક્યારેક પ્રકૃતિ સંદર્ભે તો ક્યારેક અસ્તિત્વ – નિજત્વની શોધના સંદર્ભે આવ્યો છે આમ કવિને શોધ છે એ કલ્પનાની ને કલ્પના જ તો બધું છે એ પ્રેમ છે, સત્ય છે, સત્વ છે, મૂલ્ય છે ને એની ગેરહાજરી એ કવિનો ખાલીપો છે કલ્પનાની શોધ કવિ પ્રકૃતિ પાસે જઈને કરે છે. આ સંદર્ભે મણિલાલ હ. પટેલ કહે છે તેમ 'યોગેશની આ કલ્પના ખોવાયેલી છે, એની એને શોધ છે. પ્રત્યેક માણસ પોતાની હરાયેલી કલ્પનાને શોધે છે, આપણેય એની શોધમાં છીએ એ કલ્પના વગરનો ખાલિપો કવિને ઝંપવા દેતો નથી."[૧૦]

પ્રકૃતિના વિવિધ રૂપો આ કાવ્યનો વિશેષ ગણાય એવા છે. પ્રકૃતિને કવિ નિજી મુદ્રા આપી શકયા છે." પ્રકૃતિને આ કવિએ પોતાની જરૂર પ્રમાણે નવેસરથી પ્રયોજી છે, પ્રકૃતિના દશ્યો, કાર્યો, વિશેષતાઓ અને સ્થિતિઓને કવિએ વિરોધાવ્યા છે, ક્યાંક Juxta position તો ક્યાંક વક્રોકિત, ક્યાંક અવળવાણી તો ક્યાંક અવળરીતે છે."[૧૧] શરૂઆતના કાવ્યો વિશે થયેલું મણિલાલ પટેલનું આ નિરીક્ષણ પછી તો બન્ને સંગ્રહો માટે પણ એટલુંજ લાગું પાડી શકાય.

જે ને આધુનિક સંવેદન ના કાવ્યો કહેવાય છે ત્યાં ઘણીવાર અર્થ સંદિગ્ઘતા નામે ઘણું થયું છે આ દૃષ્ટિએ આ અછાંદસ કાવ્યોમાં ઘણીવાર અર્થહીન પ્રલાપો જ ફક્ત હોય એવી અનેક પંક્તિઓ જડી આવે છે આવી અર્થહીન પંક્તિઓ જ્યારે કલાપૂર્ણ ન હોય ત્યારે દુર્બોધ બનીજાય છે, આમ કાવ્ય સિદ્ધ થતું અટકી જાય છે. પાંત્રીશ કે ચાલીશ પંક્તિના કાવ્યનું રહસ્ય એકાદ પંક્તિમાં હોય ત્યારે ક્યારેક રહસ્ય પ્રગટ ન થવા દેવાના બહાને કહેવાનો ભાવ પ્રગટ કરવાના બહાને પેલી રહસ્યયુક્ત પંક્તિની આસપાસ અર્થહીન પંક્તિઓનો ખડકલો ખડકાતો રહે છે આવું ઘણીવાર બન્યું છે. કેટલાક કલ્પનાને સંબોધીને લખાયેલા પ્રેમ કાવ્યો માં "થોડીક દીર્ઘ સૂત્રતા કઠે છે આ કાવ્યો ક્યારેક લંબાયેલા લાગે છે, અથવા કવિ સંવેદનને સઘન અભિવ્યક્તિ આપવામાં ધ્યાન રાખતાં નથી. એજ રીતે પ્રાસની રચનામાં ક્યારેક પોલી પોલી પંક્તિઓ દોડી આવતી હોય છે."[૧૨]

અંતમાં, રાધેશ્યામ શર્મા કવિત્વશક્તિનો મહિમાં કહે છે કે "એક પ્રામાણિક ભાવક તરીકે આપણને કવિની યાતનાઓમાં રસ હોય તેના કરતાં તેની કલ્પકતામાં, અભિનવ, આકાર સિદ્ધ કરનારી સર્જકતામાં અધિક રુચિ હોય"[૧૩] આ દૃષ્ટિએ ભવિષ્યમાં આશા જન્માવે એવી કવિની પ્રતિબદ્ધતા યાદ આવે ..... / હું તો બસ / રાહ જોયા કરીશ / વૃક્ષને પાન ફૂટવાની (અ.સ. પૃ.૧૨) કેમ કે "જીવવું એટલે શું ? આવા પ્રશ્નો કવિની હોવાની સરહદમાં ઊઠેલા છે ને રૂપાન્તરના ખ્યાલોએ એમના ચિત્તમાં ચેતેલા છે."[૧૪]

આમ કવિને થયેલો વેદનાનો સ્પર્શ 'ટેસ્ટ ટયુબ શબ્દો' નહીં જ જન્માવે એવી આપણનેય શ્રદ્ધા છે. પ્રેમને પેલે છેડે ઊભેલા કવિ, પ્રેમના અભાવોની વચ્ચે પ્રેમના ભાવોને આલેખતાં વચન બદ્ધ થયા છે વરસાદનાં એક ટીપાં પર આખીયે સૃષ્ટિ કોતરવા, અને એમ થશે જ કેમ કે વૈયક્તિકતાને વિશિષ્ટતાનો આગ્રહ જો સેવે છે. આ કવિનો કાવ્યપથ કેવો છે ! એક અગ્રંથસ્થ કાવ્યમાં કહે છે.... / હું તો બસ, ચાલું છુ, / ઘરમાં, આંગણામાં, શેરીમાં / સ્થળમાં, જળમાં

કે કોઈ રૂપેરી પળમાં / ચાલું છું નગરના ખીચખીચોખીચ / હળાહળ કોલાહલમાં / હું તો બસ ચાલું છું / અંદર અને બહાર / બહાર અને અંદર.

આમ સતત અંદર અને બહાર ચાલતા રહ્યાં છે એવા કવિ યોગેશ જોશી અનેક આશાઓ જગાડે છે ને ભીતરના તેજના ચાસ વધુ પ્રકાશમાન થશે. એવી પ્રતીતિ આપણને જગાડે છે.

પાદટીપ :

૧. સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો લે.સં. મણિલાલ હ. પટેલ પૃ.૧૧૧.

૨. મુદ્રાંકન – ઓકટો – ૮૩, પૃ. ૨૧, મણિલાલ હ. પટેલ.

૩. શબ્દ સમક્ષ – પૃ. ૧૮૫, રાધેશ્યામ શર્મા.

૪. એજન પૃ.૧૮૮, રાધેશ્યામ શર્મા.

૫. અવાજનું અજવાળું – પ્રસ્તાવના પૃ. ૫, ચંદ્રકાંત શેઠ.

૬. એજન પૃ. ૫–૬, ચંદ્રકાંત શેઠ.

૭. શબ્દ સમક્ષ પૃ. ૧૮૮, રાધેશ્યામ શર્મા.

૮. અવાજનું અજવાળું – પ્રસ્તાવના પૃ. ૭, ચંદ્રકાંત શેઠ.

૯. ધનજી કાનજી સુ. ચંદ્રક સમારોહ તા. ૧૬–૩–૦૧, વ. રતિલાલ બોરીસાગર.

૧૦. મુદ્રાંકન – ઓકટો – ૮૩, પૃ. ૨૨, મણિલાલ હ. પટેલ.

૧૧. એજન પૃ.૨૦, મણિલાલ હ. પટેલ.

૧૨. એજન પૃ.૨૧, મણિલાલ હ. પટેલ.

૧૩. શબ્દ સમક્ષ પૃ. ૧૮૮, રાધેશ્યામ શર્મા.

૧૪. અવાજનું અજવાળું – પ્રસ્તાવના પૃ. ૮, લે. ચંદ્રકાંત શેઠ.

૧૫. તેજના ચાસ (પ્ર. આ.) કાવ્યસંગ્રહ.

૧૬. અછાંદસ મીમાંસા – ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા. પાર્શ્વ પ્રકાશન – અમદાવાદ

* * *

ISBN : 978 - 81 - 920439 - 3 - 7